સળંગ અંક ૫૮ ડિસેમ્બર - ૨૦૧૧

# શ્રી સ્વામિનારાયણ

માસિક, કિંમત રૂ ૫/-



શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા આયોજીત કોટેશ્વર અને અસારવા ગુરુકુળમાં બાળ-યુવા શિબિર, યુવક મંડળ પ્રતિનિધિ શિબિર, મહિલા શિબિર અને બાલિકા શિબિર ધર્મકુળની નિશ્રામાં સંપન્ન થઈ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧




૧. આંતરોલી ગામે સ.ગુ. સ્વામી જાનકી પ્રસાદદાસજી (પારાયણ પ્રસંગે) પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પુષ્પહાર પહેરાવી સન્માન કરતા. અને સભામાં મુમુક્ષુઓને આશીર્વાદ આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી ૨. અમદાવાદ કાલુપુર મંદિરમાં પારાયણ પ્રસંગે વ્યાસપીઠની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સાથે યજમાનશ્રી કિલ્લોલભાઈ શેલત (એડવોકેટ). ૩. વણઝર મંદિરમાં ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે સ્વયંપ્રકાશ સ્વામી અને શાકોત્સવ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે જે.પી.સ્વામી ૪. કોટેશ્વર ગુરુકુળમાં યુવક મંડળના પ્રતિનિધિઓને આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૫. માંડલ મંદિરના શતાબ્દી પાટોત્સવ પ્રસંગે પ.પૂ.મોટા મહારાજશ્રીની નિશ્રામાં કથામૃત પાન કરાવતા પૂ. પી.પી.સ્વામી અને આશીર્વાદ લેતા યજમાનશ્રી. ૬. બાલવાના ૧૫૨ જેટલા વયોવૃધ્ધ સત્સંગીઓને ગામના યુવકોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દર્શન કરાવ્યા તેની તસવીર.

# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૫ અંક : ૫૬ ડિસેમ્બર-૨૦૧૧



**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

## અ નુ ક્ર મ ણિ કા

| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | ગ્રહણ | ૦૪ |
| ૦૪. | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર આયોજીત દિવાળી વેકેશન શિબિર સ્થળ : શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર | ૦૬ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ઓસ્ટ્રેલીયા-ન્યુઝીલેન્ડ ધર્મ પ્રવાસ | ૦૮ |
| ૦૬. | ભાણખાચર | ૦૯ |
| ૦૭. | શ્રીહરિ સાથે અંગ્રેજો અને શહેરના શ્રેષ્ઠીજનોનો સંવાદ | ૧૧ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી..... | ૧૩ |
| ૦૯. | આનંદની હેલી | ૧૫ |
| ૧૦. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| ૧૧. | ભક્તિ સુધા | ૧૯ |
| ૧૨. | પ્રશ્ન પેટી | ૨૪ |
| ૧૪. | સત્સંગ સમાચાર | ૨૫ |

# અસ્મદીયમ્

આ જગતમાં અબજો મનુષ્યોની વસતી છે. હમણા છેલ્લા સમાચાર મુજબ વસતીનો આંક સાત અબજે પહોંચ્યો છે. ચીન જેવા દેશમાં તો રહેવાની જગ્યા નથી. આપણા દેશમાં તો એ બાબત સારી છે. સર્વોપરિ શ્રીહરિની કૃપાથી આપણને તો વ્યવહાર અને આધ્યાત્મિક એમ બન્ને સુખ મળ્યા છે. જેટલું વધુ ભજન થાય તેટલું સુખ વધુ મળે છે. તેનું ખાસ અનુસંધાન રાખવું.

૧૬ ડિસેમ્બરથી પવિત્ર ધનુર્માસનો પ્રારંભ થશે. પ્રાતઃ કાળમાં પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અને ધર્મકુળની નિશ્રામાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની વિશેષ ધૂન થશે. આ ધૂન્યનો પ્રતાપ એવો છે કે સૌ ભગવાનમાં તન્મય બની જાય છે. અમદાવાદ શહેરમાં વસતા હરિભક્તોએ આ દિવ્ય ધૂન્યનો અવશ્ય લાભ લેવો. આવું અલૌકિક સુખ જગતમાં બીજે ક્યાંય નથી મળવાનું જેથી આ આખો ધનુર્માસ પ્રાત:કાળ ભગવાનના સ્મરણમાં જ વ્યતિત કરીએ એજશ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



**(નવેમ્બર-૨૦૧૧)**

૧. વિહાર ગામે પારાયણ પ્રસંગે પધરામણી.

૨. ગવાડા ગામે પ.ભ. અંબાલાલ મહેરદાસ પટેલને ત્યાં પધરામણી.

૩. આંતરોલી ગામે પાટોત્સવ અને પારાયણ પ્રસંગે પધરામણી.
સાંજે શ્રી સહજાનંદ ગુરુકુલ કોટેશ્વર શિબિર પ્રસંગે પધાર્યા.

૪. વાવોલ ગામે પારાયણ પ્રસંગે પધરામણી.

૫. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં પ.ભ. વિનોદરાય ગણપતરામ શેલત સાહેબ દ્વારા આયોજીત 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ' પ્રસંગે પધાર્યા.
સાંજે શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર સત્સંગ શિબિરમાં પધાર્યા.

૬. શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર સવારથી સાંજ પર્યન્ત સત્સંગ યુવા શિબિરમાં આશીર્વાદ આપવા પધાર્યા.

૭. અમદાવાદ મંદિરમાં રંગ મહોલ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ, અભિષેક પોતાના વરદ્ હસ્તે વિધિવત સંપન્ન થયો., કુંડાલ ગામે પ.ભ. ચંદુભાઈ ખોડીદાસ પરિવાર આયોજીત પારાયણ પ્રસંગે પધરામણી.

૮. પ.ભ. હર્ષદભાઈ સોનીને ત્યાં પધરામણી નવરંગપુરા.

૯. શ્રી સ્વામિનારાયણ મંદિર સિધ્ધપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
સાંજે માંડવી (કચ્છ) પધરામણી.

૧૦. માંડવી (કચ્છ) પધરામણી.

૧૧. કડી ગામે પ.ભ. કલ્યાણદાસ નારાયણદાસ પટેલને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર પાટોત્સવ અભિષેક પ્રસંગે પધરામણી.

૧૨ થી ૨૧ એલ્ડોરેટ (ઈસ્ટ આફ્રિકા કેનીયા) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં ૨૪ કલાકની અખંડ મહામંત્ર ધૂન્ય પ્રસંગે પધરામણી.

૨૪. શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ પાટોત્સવ-પારાયણ પ્રસંગે પધરામણી.

૨૫. પ.ભ. નારાયણભાઈ મીસ્ત્રી (જીવરાજપાર્કવાળા) દ્વારા આયોજીત પારાયણ પ્રસંગે માથક (મૂળીદેશ) ગામે પધરામણી.

૨૬ થી ૨૭ ભચાઉ (કચ્છ) પધરામણી.

૨૮. રામનગર (કલોલ) ગામે પ.ભ. અમૃતભાઈ ગણપતભાઈ લલ્લુદાસને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી.

૨૯. શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેકટર-૨) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૩૦. શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૧૫ ● શયન આરતી ૨૦-૩૦

# ગ્રહણ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી શ્લોક ૮૬-૮૭ માં સ્વહસ્તે લખ્યું છે કે, જ્યારે સૂર્ય કે ચંદ્રનું ગ્રહણ થાય ત્યારે બીજી સર્વે ક્રિયાઓનો તત્કાળ ત્યાગ કરી સર્વેએ પવિત્ર થઈને કૃષ્ણમંત્રનો જપ કરવો. (ૐ નમો નારાયણાય, ૐ નમો ભગવતે વાસુદેવાય) ગ્રહણ શરુ થાય ત્યારે સ્નાન કરવું અને પૂર્ણ થયા પછી પણ સ્નાન કરવું. સર્વે વર્ણના મનુષ્યોને રાહુ દર્શનનું સૂતક લાગે છે. ગ્રહણના મધ્યમાં હોમ-જપ કરવા એમ વસિષ્ઠઋષિએ કહ્યું છે. ગ્રહણ સમયે શયન કરવાથી રોગ, મળમૂત્ર કરવાથી દારિદ્રય, મૈથુન કરવાથી સૂકર થવું, પીઠી-મેકઅપ-તૈલમર્દન કરવાથી કોઢના રોગ અને ભોજન કરવાથી નરક મળે છે.

ગ્રહણના પૂર્વે બારસથી ત્રીજ સુધીમાં શુભ કર્મ વર્જીત છે. ગ્રહણમાં ભૂમિ ખનન ન કરવું અન્યથા મહા પાતક લાગે છે. ગ્રહણમાં જન્મ મરણનું સૂતક રજસ્વલા ચાલતુ હોય છતાં સ્નાન દાન પૂજા કર્મ કરવા જોઈએ. સ્નાનમાં શિતળ જળ અને વહેતી નદીનું જળ ઉત્તમ છે. તેમજ સમુદ્ર સ્નાન અતિ ઉત્તમ છે. એમ વ્યાઘ્રપાદાચાર્યનો મત છે. સ્નાન મંત્ર વિના અને વસ્ત્ર સહિત કરવું. ગ્રહણમાં રાંધેલુ ભોજન, સંગ્રહ કરેલ જળનો ત્યાગ કરવો.

બ્રહ્મ સિદ્ધાંતમાં કહ્યું છે કે, આકાશમાં ગ્રહણ જોવું હોય તો આડું લુગડું રાખીને અથવા તેલ જળ કે દર્પણમાં જોવું, પણ ગર્ભવતી સ્ત્રીઓએ જોવુ જ નહિ. ગ્રહણ શરૂ થયા પહેલા સૂર્યગ્રહણમાં ૧૨ કલાક પૂર્વ અને ચંદ્રગ્રહણમાં ૯ કલાક પૂર્વે વેધ શરૂ થાય છે. જેથી ભોજન કરવું નહિ. વૃધ્ધ, બાળ અને રોગી સિવાય) એટલે ગ્રહણની ગંભીર અસરની શરૂઆત ને વેધ કહેવામાં આવે છે. રજસ્વલા સ્ત્રીએ જળમાં પ્રવેશ કરીને નદી કે તળાવ કે સમુદ્રમાં સ્નાન ન કરવું. પાત્રમાં જળ લઈને બહાર સ્નાન કરવું. જે માણસ ગ્રહણ મુકાયા બાદ સ્નાન કરતો નથી તે બીજા ગ્રહણ સુધી સૂતકી ગણાય છે તેને દેવપિતૃશ્રાધ્ધ કર્મની પૂજા કર્મનો અધિકાર નથી. એમ સ્મૃતિરત્નાવલીમાં કહેલું છે.

ગ્રહણ થવાના કારણો વિજ્ઞાનના મતે - સૂર્યગ્રહણ અમાવસ્યાની રાત્રે થાય છે અને ચંદ્રગ્રહણ પૂર્ણિમાની રાત્રે થાય છે. સૂર્ય એ સ્થુળ શરીરના મુખ્ય દેવ છે. ચંદ્ર એ સુક્ષ્મ શરીર મનના મુખ્ય દેવ છે. સૂર્ય-ચંદ્રની સાનુકુળ પ્રતિકુળ અસર માણસ પર પ્રત્યક્ષ થાય છે. સૂર્યમાં ઈલેકટ્રોન, ન્યુટ્રોન અને પ્રોટોન તત્વો મુખ્ય રહ્યા છે. આપણા શરીરમાં રક્તકણ (સેલ)માં ડીએનએ માં મુખ્ય ન્યુટ્રોન, પ્રોટોન અને ઈલેકટ્રોન તત્વો છે. તે તત્વો સૂર્યના કિરણોથી રિચાર્જ થાય છે તેમજ સૂર્યમાં જે રુકાવટ આવે તેની અસર આપણા શરીર પર પડે છે. એટલે કે સૂર્યગ્રહણ સમયે ઈલેકટ્રોન, ન્યુટ્રોન, પ્રોટોન આપણા ક્ષતિગ્રસ્ત બની જાય છે. તેમાંથી બિમારીઓ પેદા થાય છે. સૂર્ય અને પૃથ્વીની વચ્ચે ચંદ્ર આવે ત્યારે સૂર્યગ્રહણ થાય છે. ચંદ્રના આવરણથી તેમાં મેગ્નેટિક પ્રેશર વધી જતાં સૂર્ય તરફથી પૃથ્વી પર મળતાં કિરણોમાં ભયંકર રુકાવટ આવે છે અને મેગ્નેટિકફિલ્ડ અસ્તવ્યસ્ત થઈ જાય છે તથા જ્યારે સૂર્ય ચંદ્રની વચ્ચે પૃથ્વી આવે છે જે એકજ લાઈનમાં સૂર્ય-ચંદ્ર-પૃથ્વી આવે તેને ચંદ્રગ્રહણ કહેવાય છે. ચંદ્રગ્રહણના સમયમાં સૂક્ષ્મ શરીર મન બુધ્ધિ ચિત્ત ક્ષતિગ્રસ્ત થાય છે. તેથી સૂર્ય અને ચંદ્ર બન્ને ગ્રહણના શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ સ્નાન દાન પૂજન કરવાથી મનુષ્યના શરીર-મનનું રક્ષણ થાય છે. શાસ્ત્રના મત પ્રમાણે રાહુ નામે ગ્રહ સૂર્ય ચંદ્રને ગળે છે એમ કહેવામાં આવેલું છે. તે પણ સત્ય છે કેમ કે સૂર્ય ચંદ્રની ચારે બાજુ રહેલ ક્ષિતિજ (અંધકાર) લિમિટનો વિજ્ઞાન સ્વીકાર કરે છે તો તેને શાસ્ત્રકારો રાહુ કહે છે તે માત્ર ભાષા અને રજુઆતમાં જ તફાવત છે પણ ઘટના ક્રમ એક જ છે.

ગ્રહણ મુકાયા બાદ જળ વડે સ્નાન કરવું. કેમ કે કોઈપણ શુધ્ધિ માટે જળ ઉત્તમ છે. જળમાં શુધ્ધિ કરવાના ઉત્તમ તત્વો રહેલાં છે. જેમ વિજ્ઞાને જળમાંથી ઈલેકટ્રીક વિજળી ઉત્પન્ન કરી છે. પાણીના પડવાથી નદીના સતત વહેતા જળમાં સતત ઘર્ષણથી જળમાં વિશેષ શક્તિ ઉત્પન્ન થતી હોવાને કારણે વહેતી નદીના જળમાં સ્નાન કરવાનું ઉત્તમ કહેલ છે તથા ગ્રહણ દરમ્યાન મંત્ર જપ - હોમકર્મ

કરવાથી સૂર્ય ચંદ્રની ગ્રહણના સમયે થતી શરીર મન પર અસરો જપ કરવાથી ઉત્પન્ન થતી પવિત્ર ઉર્જા શક્તિ વડે રોકી શકાય છે. તેમજ ગૌદાન, ભૂમિદાન, સુવર્ણદાન, ધનધાન્યદાન, તુલાદાન કરવાથી ધન પવિત્ર બને. આપણું મન આપણા ધનથી વિશેષ પ્રભાવિત હોય છે તેનું દાન કરવાથી તન મન અને ધન ત્રણે શુધ્ધ થાય છે તથા શાસ્ત્રકારોએ ગ્રહણ મુકાયા બાદનો સમય પુણ્યકાળ ગણવામાં આવ્યો છે એટલે અનંતગણું ફળ મળે છે. અથવા તે સમયે ધન ઉપલબ્ધ ન હોય તો સંકલ્પ કરીને પછીથી પણ દાન કરી શકાય છે.

ગૃહસ્થ સિવાયના ત્યાગીઓ પાસે દાન આપવાના પદાર્થો હોતા નથી એવા ત્યાગીઓએ મન વડે અથવા જે ઉપચાર મળી આવે તે વડે યથાશક્તિ પૂજન કરવું. એથી તેમના સઘળા દાનની ફળની સિધ્ધિ થાય છે. કેમ કે દાન, યજ્ઞ, તપ તથા વ્રત કરવાથી પુરુષને જેની પ્રાપ્તિ થાય છે તે જ કેશવ એવા ભગવાનની પૂજા કરવાથી મળે છે એમ વિષ્ણુધર્મમાં કહેલું છે.

ગ્રહણ જે પ્રદેશમાં દેખાવાનું ન હોય તેવા પ્રદેશવાસીઓને પાળવાની જરૂર રહેતી નથી.

રવિવારે સૂર્યગ્રહણ અને સોમવારે ચંદ્રગ્રણ હોય તો તે ચૂડામણી યોગ કહેવાય છે. તે સમયે સવિશેષ દાન પૂજાનું ફળ મળે છે.

જે માણસની જન્મ રાશિમાં અથવા ચારથી આઠમી રાશીમાં ગ્રહણ થતું હોય તો તેઓએ કઈ કાળે કોઈપણ પ્રકારે ગ્રહણ જોવું જ નહિ. એવા લોકો ગ્રહણ જોવે તો નયનરોગ અથવા રતાંધળાપણુ થાય છે. આવા મનુષ્યોએ શાસ્ત્રોક્ત મુજબ વિધિ દાન કરવું.

ગ્રહણના સમયે ભૂમિ ખનન ન કરવું તેમાં મહાપાતક લાગે છે. ગ્રહણના સમયે મંત્ર જપવા ઉન અથવા દર્ભના આસન પર બેસવું. ગ્રહણ દરમિયાન ઘરની અન્ય વસ્તુ, ગાદલાં, વસ્ત્રો વિગેરેને અડકવું નહિ. તેને અડકવાથી ધોવા પડે છે. રસોઈમાં અડધા વપરાયેલ મસાલા, દળેલો લોટ વિગેરેને ગ્રહણ બાદ ઉપયોગમાં લેવા નહિ. રસોડાની સંપૂર્ણ સફાઈ ગ્રહણ પહેલાં કરવી. પકાવેલા ભોજન, ફ્રિઝમાં રાખેલા ભોજન ગ્રહણ બાદ ઉપયોગમાં લેવા નહિ. ઘી, તેલ, અનાજ અને ફ્રિઝના પીવાના પાણી પાસે દર્ભ મુકવો. દર્ભમાં પ્રતિકાર શક્તિ સર્વશ્રેષ્ઠ છે. ગ્રહણના નિયમો ન પાળવાથી ઘરમાં જાતજાતની બિમારીઓ ઘર કરી જાય છે. માણસે મહિનાઓ સુધી બિમારી ભોગવવા મજબુર બનવું પડે છે. પણ ધર્મગ્રન્થોના કહેવા મુજબ બે ત્રણ કલાકના ગ્રહણના સમયમાં નિયમો પાળવામાં સાવધાન રહેતો નથી.

આપણું શરીર એક કોમ્પેક (નાનકડું) બ્રહ્માંડ છે. બ્રહ્માંડની તમામ રચનાઓ શરીરમાં રહી છે. એટલે કે સૂર્ય ચંદ્રની ખરાબ અસરો આપણા શરીર પર થાય છે તે સત્ય છે.

## શ્રી નરનારાયણદેવ ગાદીના તાબામાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સિધ્ધપુરનો સમાવેશ થયો

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સિધ્ધપુરમાં ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીની નિમણુંકની સત્તા ટ્રસ્ટના બંધારણમાં શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના આચાર્ય મહારાજશ્રીને આપેલ છે. તદુપરાંત તા. ૬-૧૧-૨૦૧૧ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સિધ્ધપુર મુકામે ટ્રસ્ટની મિટીંગમાં ઠરાવ નં. ૧૫૨ થી શ્રીનરનારાયણદેવ દેશની સ્કીમ કમિટીના એક સભ્ય ને ટ્રસ્ટના ટ્રસ્ટી પદે નિમવાની સત્તા પરમ પૂજ્ય ધર્મધુરંધર ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીને આપવામાં આવી છે.

- આજ્ઞાથી

# શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર આયોજીત દિવાળી વેકેશન શિબિર સ્થળ : શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર

- શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ)

**દ્વિતીય શ્રી નરનારાયણદેવ બાળ સત્સંગ મંડળ શિબિર**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી તથા પ.પૂ. ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને તથા સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી મહંતશ્રી નારણઘાટ)ના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ તાબાનું શ્રી સહજાનંદ ગુરુકુળ, કોટેશ્વરમાં તા. ૨-૧૧-૨૦૧૧ થી તા. ૩-૧૧-૨૦૧૧ ના પર્યંત બે દિવસની બાળ સત્સંગ મંડળની શિબિરનું ભવ્ય આયોજન થયેલ.

શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલુપુર આયોજીત શ્રીનરનારાયણદેવ બાળ સત્સંગ શિબિરમાં પ્રથમ દિવસે સવારે ૮ વાગે ૩૫ ગામડાઓમાંથી ૪૨૫ બાળકો આ શિબિરમાં ભાગ લેવા પધાર્યા હતા. સવારે પૂ. લાલજી મહારાજશ્રી સંત મંડળ સાથે શિબિરમાં પધારી શિબિરનું દિપ પ્રાગટ્ય કરી બાળકો કંઠી તેમજ શિબિરમાં આવેલા બાળકોમાંથી ૧૧૬ બાળકો ને નવી પૂજા પેટી આપી હતી. બાળકોમાં સંસ્કાર તથા સત્સંગનું સિંચન થાય એવા શુભ આશયથી શિબિર દરમ્યાન ત્રણ સત્સંગ સત્ર રાખવામાં આવ્યા હતાં. જેમાં સ.ગુ. સ્વા. વિશ્વસ્વરૂપદાસજી આદિક સંતોએ પધારી સત્સંગ, સંસ્કાર તથા રવિ સભાથી થતા ફાયદા આદિક વિષયો પર સારુ એવી જ્ઞાન પીરસ્યું હતું. આ શિબિરને દિપાવવા પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને એમના સનિધ્યમાં સમૂહ આરતીનું આયોજન કરેલ જેનું લાઈવ ટેલીકાસ્ટ ટી.વી. ચેનલો દ્વારા થયેલ. બાળકોનો સર્વાંગી વિકાસ થાય એવા શુભ હેતુથી ઈન ડોર ગેમ તથા આઉટ ડોર ગેમનું આયોજન કરેલ. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર બાળકોને પ્રોત્સાહિત ઈનામ પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. સાથોસાથ બાળકો સાથે પૂ. લાલજી મહારાજશ્રી ક્રિકેટ પણ રમ્યા હતા. ત્યારબાદ અંતિમ દિવસે સમાપન સભામાં બાળકોનો ઉત્સાહ વધારવા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પૂ. લાલજી મહારાજશ્રી તથા સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (અમદાવાદ મહંતશ્રી) તથા સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી (નારણઘાટ મહંતશ્રી) પધાર્યા હતા અને બાળકો તથા સમાપન સભામાં આવેલ બાળકોના સર્વે વાલી મિત્રોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યાબાદ સર્વે ભેગા મળી સમૂહ ભોજન લીધેલ. આ શિબિરમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - અમદાવાદની સેવા પ્રશંશનીય રહી હતી તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ મોટેરા દ્વારા તન, મન, ધનથી સેવા કરવામાં આવી હતી. સમગ્ર શિબિરનું સંચાલન સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી તથા સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ સંભાળ્યું હતું.

**શ્રી નરનારાયણદેવ યુવક મંડળ પ્રતિનિધિ સમજણ શિબિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને તેમના જ અધ્યક્ષસ્થાને નરનારાયણદેવ યુવક મંડળ જે જે ગામોમાં ચાલે છે તે દરેક ગામ દીઠ ૩ સભ્યોની મર્યાદામાં પ્રતિનિધીઓને સહભાગી થવા હાકલ કરેલ ને તેવા ૨૫૦ પ્રતિનિધિઓએ બે દિવસ સુધી હાલના સાંપ્રત સમયમાં સાચી સમજણ પૂર્વક પોતે સત્સંગ કરાવી શકે ને ગામો ગામ સિદ્ધાંત અને સમજણને યથાર્થ રૂપમાં સમજી શકાય તેવા શુભ આશય સાથે હાજર રહેલ. પૂ. આચાર્ય મહારાજશ્રી પણ બન્ને દિવસ સવારથી રાત સુધી યુવાનોની વચ્ચે ઉપસ્થિત રહીને ખૂબ ખૂબ માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

બન્ને દિવસ સંપ્રદાય તથા સમાજના વિદ્વાન આગેવાનોએ પોતાના જ્ઞાનનો લાભ યુવાનોને આપેલ. પ્રથમ દિવસે પૂ. નિર્ગુણ સ્વામીએ (સાંપ્રદાયિક મુંઝવણો એ વિષય પર) તથા ત્યારબાદ શા.સ્વામી રામકૃષ્ણદાસજીએ (આપણો વિશ્વ વ્યાપ) અને ત્યારબાદ પૂ. નાના પી.પી. સ્વામીએ (આપણી વહીવટી વ્યવસ્થા) એ વિષયો પર સુંદર સમજણ સર્વે પ્રતિનિધિઓને આપી હતી. પૂ. મહારાજશ્રી પણ સવારથી જ શિબિરમાં દર્શન માર્ગદર્શન આપવા પધાર્યા હતા. સાંજે સર્વે યુવાનોને સાથે લઈ પ્રસાદીના કોટેશ્વર મહાદેવના દર્શન કરવા પણ પધાર્યા હતા. સંધ્યા આરતીની સભામાં અમદાવાદ મદિરના મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજીએ પધારી સર્વે યુવાનોને બિરદાવ્યા હતા. અને સૌથી સુંદર અને નવીન લ્હાવો હતો રાત્રીના સત્રમાં સીધી પ્રશ્નોતરીનો ! પૂ. મહારાજશ્રીએ યુવાનોને મુંઝવતા પ્રશ્નોનો સ્વયં જવાબ આપીને સર્વેને જાણે વચનામૃતની સભાની યાદ તાજી કરાવી હતી. યુવાનો પણ આવો લ્હાવો પ્રાપ્ત કરી ધન્ય બન્યા હતા. બીજા દિવસે પણ સવારના

સત્રમાં શ્રી સુરેશભાઈ ગાંધીએ ''સંગઠન''એ વિષય પર, શ્રી ઉદયનભાઈ મહારાજાએ ''જાગૃત કાર્યકર્તા''એ વિષય પર તથા પૂ. શ્રી મોટા પી.પી. સ્વામીએ ''હરિમંદિર વિવેક''એ વિષય પર સુંદર જ્ઞાન પીરસ્યુ હતુ. બપોર પછીના સત્રમાં પણ પૂ. નાના પી.પી. સ્વામીએ સર્વે યુવાનોના પ્રશ્નોના ઉત્તર તથા નરનારાયણદેવની ખૂબ ખૂબ નિષ્ઠા કેળવી જાગૃત થઈ સમજણ પૂર્વક સત્સંગ, ભક્તિ કરવાના શુભાશિષ પાઠવ્યા હતા.

બે દિવસ તો જાણે ચપટીમાં વીતી ગયા હોય તેવી લાગણી સર્વેએ અનુભવી હતી. અને આવી શિબિરો પ્રદેશ પ્રમાણે થાય તો વધુ ભક્તોને લાભ મળે તેવી અરજને પણ પૂ. મહારાજશ્રીએ સ્વીકારી હતી. બન્ને દિવસ સંપૂર્ણ સમય સુધી પૂ. મહારાજશ્રીની હાજરીનો તથા તેમના દર્શન-આશીર્વાદનો લ્હાવો એજ જાણે સૌ માટે મોટો લાભ હતો. આ સંપૂર્ણ શિબિરનું આયોજન શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા કરવામાં આવ્યું. જેમાં વ્યવસ્થામાં તથા સહયોગમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - અમદાવાદ તથા મોટેરાના હર્ષદભાઈ તથા આદિક યુવાનોએ ખૂબ સેવા કરી હતી. સંપૂર્ણ જવાબદારી સહ સુંદર માર્ગદર્શન શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી), પૂ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) તથા પૂ. શા.સ્વામી ચૈતન્યસ્વરુપદાસજી (કોટેશ્વર) પુરુ પાડ્યું હતું.

**શ્રી નરનારાયણદેવ મહિલા તથા બાલિકા મંડળ શિબિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજાના સાનિધ્યમાં તા. ૮-૧૧-૨૦૧૧ થી તા. ૯-૧૧-૨૦૧૧ પર્યંત બે દિવસની મહિલા મંડળ તથા બાલિકા મંડળ શિબિરનું આયોજન કરેલ.

શ્રી સ્વામિનારાયણ મંદિર-કાલુપુર આયોજીત શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ તથા બાલિકા મંડળ શિબિરમાં પ્રથમ દિવસે સવારે ૮-૩૦ વાગે ૫૨ ગામડાઓમાંથી લગભગ ૨૦૦ મહિલાઓ તથા ૨૫૦ બાલિકાઓ આ શિબિરમાં ભાગ લેવા પધાર્યા હતા. સવારે રજીસ્ટ્રેશન બાદ પૂ. ગાદીવાળાશ્રી શિબિરમાં પધારી દિપ પ્રાગટ્ય કરી સર્વેનો ઉત્સાહ વધાર્યો હતો. શિબિરમાં મહિલા મંડળની તથા બાલિકા મંડળની સભા અલગ અલગ કરવામાં આવી હતી. ત્યારબાદ મહિલા મંડળની સભામાં પધારેલ ત્યાગી બહેનોએ શિબિર શા માટે એ વિષય પર પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ સર્વે સાથે મળી ભોજન કરવા ગયા હતા. બાલિકાઓ માટે એક રંગોળી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરેલ અને ત્યારબાદ સર્વે શિબિરાર્થીઓ ૩-૩૦ વાગે કોટેશ્વર મહાદેવ દર્શન કરવા ગયા હતા. જ્યાં બન્ને અલગ અલગ ગૃપમાં અંતાક્ષરી પણ રમ્યા હતા. સાંજે ૫ વાગે બાલિકાઓની સભામાં પૂ. શ્રીરાજા પધાર્યા અને એમના પાવન સાનિધ્યમાં વન મિનિટ ગેમ, ચિત્ર સ્પર્ધા આદિ રમતો રમાઈ અને એમાં વિજેતા થયેલ. વિનરને પ્રોત્સાહિત ઈનામ પૂ. શ્રી રાજાને વરદ્ હસ્તે પ્રાપ્ત થયેલ. બીજી બાજુ મહિલા મંડળની સભામાં ત્યાગી બહેનો દ્વારા સત્સંગની મુંઝવણ, મંદિરમાં વિવેક, મંદિરનું મમત્વ આદિ વિષયો પર મનનીય પ્રવચન આપ્યા હતા. સાંજે ૭ વાગે સર્વે ભેગા મળી શ્રી ઘનશ્યામ મહારાજની સમૂહ આરતી ઉતારી હતી. અને ત્યાર પછી ભોજન ગ્રહણ કરેલ. રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમમાં (તાલ ઓરકેસ્ટ્રા) પૂરવભાઈ પટેલના રાસ-ગરબાનું આયોજન કરેલ. જેમાં સૌએ લાભ લીધો હતો.

બીજા દિવસે સવારના સત્રમાં બાલિકા મંડળ દ્વારા મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ ત્યાગી બહેનો દ્વારા સંસ્કારનું સિંચન ઉપર સુંદર પ્રવચન કરેલ. મહિલા મંડળની સભામાં ત્યાગી બહેનોએ પૂજા, કંઠીનો મહિમા તથા શ્રીનરનારાયણદેવનો મહિમા આદિક વિષયો પર પ્રવચન આપેલ. અને ત્યારબાદ પૂ. ગાદીવાળાશ્રીના આશીર્વાદનો લાભ પણ બહેનોને પ્રાપ્ત થયો હતો. તે પછી સર્વે શિબિરાર્થીઓ ભોજન કરવા ગયા હતા. થોડા વિરામ બાદ બન્ને મંડળની સમૂહ સભાનું આયોજન થયેલ. જેમાં ઘણા ત્યાગી બહેનોએ સર્વોપરિ શ્રીહરિ અને ધર્મકુળના મહિમાની વાત કરેલ અને ત્યારબાદ કંઠી પહેરવા અને પૂજા લેવા ઉત્સુક શિબિરાર્થીને પૂ.ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે કંઠી પહેરાવવામાં આવી હતી અને પૂજા પણ આપવામાં આવી હતી. તે પછી મુંઝવતા પ્રશ્નોની પ્રશ્નોતરી પણ રાખવામાં આવી હતી. જેમાં પૂ.ગાદીવાળાશ્રીએ એના ઉત્તર આપી મુંઝવણ દૂર કરી હતી. અને છેલ્લે પૂ.ગાદીવાળાશ્રીએ દરેક શિબિરાર્થીને શિબિરમાં ભાગ લેવા બદલ ધન્યવાદ સહ આશીર્વાદ પાઠવ્યા હતા. બાલિકાની પ્રથમ શિબિર હોવાથી તેની સ્મૃતિ કાયમ રહે એ માટે ૧-૧ પેડ આપવામાં આવ્યા હતા. આ શિબિરમાં કાલુપુર, વિસનગર, પ્રાંતિજ, જેતલપુર, આદિક ધામોથી પધારેલા ત્યાગી બહેનોએ મનનીય પ્રવચનનો લાભ આપ્યો હતો. આ શિબિરમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - બાપુનગરની સેવા પ્રશંસનીય હતી.

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ઓસ્ટ્રેલીયા-ન્યુઝીલેન્ડ ધર્મ પ્રવાસ

- રામસ્વામી (કોટેશ્વર ગુરુકુળ)

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી તથા પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞા અને સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી સર્વોપરિ શ્રી નરનારાયણદેવની છત્ર છાયામાં સત્સંગ આજે વિશ્વવ્યાપી બની રહ્યો છે ત્યારે દેશ-વિદેશમાં વસતા શ્રીનરનારાયણદેવના નિષ્ઠાવાન ભક્તોની સંભાળ માટે પૂ.મહારાજશ્રી ભક્તોની વિનંતીને માની તેમના દેશમાં પધારતા રહે છે. એજ રીતે તા. ૬-૧૦-૧૧ થી ૨૩-૧૦-૧૧ પર્યંત પૂ. મહારાજશ્રી સંત મંડળ (પૂ. પી.પી. સ્વામી મહંતશ્રી નારાયણઘાટ), રામ સ્વામી તથા પાર્ષદ વનરાજ ભગત (સ્કીમ કમિટી સભ્યશ્રી) સાથે ઓસ્ટ્રેલીયા (પર્થ, એડીલેડ, મેલબોર્ન) તથા ન્યુઝીલેન્ડ (ઓકલેન્ડ) પધાર્યા હતા.

સૌ પ્રથમ પૂ. મહારાજશ્રી અહીંથી પર્થ પધાર્યા હતા. પર્થમાં સત્સંગ ખૂબ સારો છે અને સમુદાય પણ વિશેષ છે. બધા ભક્તોએ સાથે મળી ખૂબ ધામધૂમથી એરપોર્ટમાં જ પૂ.મહારાજશ્રીનું સુંદર સ્વાગત કર્યું હતું. પર્થમાં પ્રભુ કૃપાથી થોડા સમય પહેલા મંદિર માટે ૪ એકર જેટલી વિશાળ જમીન સંપાદન કરવામાં આવી હતી. આજ જગ્યાએ નૂતન મંદિરની મંગલ ખાત વિધિ (શિલાન્યાસ) પૂ.મહારાજશ્રી તથા ભુજ મંદિરના પૂ. મહંત સ્વામીના વરદ્ હસ્તે ધામધૂમથી વિધિવત રીતે સંપન્ન થઈ. સાથો સાથ આ શુભ પ્રસંગે શ્રીમદ્ ભાગવત શાસ્ત્રની સુંદર કથાનું પણ આયોજન થયું. રવજીભાઈ હાલાઈ તથા સર્વે સમિતિ સભ્યો તથા સમસ્ત ભક્તજનો પૂ. મહારાજશ્રીની આજ્ઞા અને પ્રેરણાથી ખૂબ ઉત્સાહ દર્શાવી નૂતન મંદિરના બાંધકામમાં તન, મન, ધનથી ઉત્તમ સેવા કરવા કટિબધ્ધ થયા. પૂ. મહંત સ્વામીએ પણ રૂડા આશીર્વાદ આપ્યા. તે સૌ ભક્તોને પાંચ દિવસ સુધી દર્શન સત્સંગ પધરામણીનો ખૂબ ખૂબ લ્હાવો આપી મંદિરના નિર્માણનું કાર્ય ઝડપથી પૂર્ણ થાય ને સત્સંગ ખૂબ વૃદ્ધિ પામે એવા રૂડા આશીર્વાદ પૂ.મહારાજશ્રીએ પાઠવ્યા ને ત્યાંથી એડીલેડ પધાર્યા.

એડીલેડમાં સત્સંગ સભાનો પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી આજથી પાંચ વર્ષ પહેલા આરંભ કરવામાં આવ્યો હતો. તેને પાંચ વર્ષ પૂર્ણ થતા પંચાબ્દી મહોત્સવ પૂ.મહારાજશ્રીના સાનિધ્યમાં ખૂબ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે ત્રિદિનાત્મક સત્સંગિજીવનની કથા પણ યોજાઈ. ભક્તોનો સમુદાય થોડો છે પણ ઉત્સાહ ઘણો છે. સર્વે યુવાનોએ તન, મન, ધનથી આ મહોત્સવમાં જોડાઈ પૂ.મહારાજશ્રી અને સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. પૂ.મહારાજશ્રી પણ તેમની સેવા-ભક્તિ અને નિષ્ઠા જોઈ ઘણા રાજી થયા હતા ને આવીને આવી નિષ્ઠાને ભક્તિ વધતા રહે તેવા શુભાશિષ પાઠવ્યા હતા ને ત્યાંથી મેલબોર્ન પધાર્યા હતા.

મેલબોર્નના સર્વે ભક્તોએ ઉત્સાહથી પૂ. મહારાજશ્રીનું સ્વાગત સામૈયુ કર્યું હતું. મેલબોર્નના રીંગવુડ વિસ્તારમાં આપણું નૂતન મંદિર તૈયાર થઈ રહ્યું છે. તા. ૨૪-૧-૧૨ થી ૨૮-૧-૧૨ સુધી ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પણ ઉજવાનાર છે. પૂ. મહારાજશ્રીએ મંદિરનું કાર્ય જોઈ અતિ રાજીપો વ્યક્ત કર્યો હતો. દરરોજ જુદાં-જુદાં ભક્તોના ઘેર પધરામણીને સાંજે સુંદર સત્સંગ સભાનો લ્હાવો ભક્તોને મળ્યો હતો. મંદિરનું કાર્ય કરવા બદલ સર્વેને ખૂબ ખૂબ ધન્યવાદ આપી તથા ધર્મ નિયમ સહ ખૂબ ખૂબ ભક્તિ કરજો તેવી શીખ આપી હતી. ત્યાંથી પૂ. મહારાજશ્રી સંત મંડળ સાથે ન્યુઝીલેન્ડ પધાર્યા હતા.

ન્યુઝીલેન્ડના ૩ દિવસના રોકાણ દરમિયાન અનેક ભક્તોએ દર્શન આશીર્વચનનો લ્હાવો લીધો હતો. આપણા મંદિરમાં દરરોજ સાંજે સભા તથા દિવસ દરમિયાન યુવાનો અને વડીલો સાથે સત્સંગ ગોષ્ઠિમાં સમય વહી જતો. નાના બાળમંડળની પ્રવૃતિ જોઈ પૂ. મહારાજશ્રી બાળકો પર ખૂબ રાજી થયા હતા.

૧ દિવસની સત્સંગ પિકનિકનું પણ મંદિર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. વડીલો, યુવાનો અને બાળકો સર્વે તેમાં સહભાગી થયા હતા ને પૂ. મહારાજશ્રીના સાંનિધ્યમાં આવી દિવ્ય પળો માણવા મળી તે બદલ પોતાને કૃતકૃત્ય માની કૃતાર્થ થયા હતા. સૌ ભક્તોને ખૂબ ખૂબ રાજી કરી સૌની ભાવભીની વિદાય લઈ સ્વદેશ પધાર્યા હતા.

# ભાણખાચર

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

મોકા ખાચર ! જય સ્વામિનારાયણ, ખડકી ઉઘાડી અંદર આવતાં તેઓ બોલ્યા.

આવો આવો બાપુ, પધારો જય સ્વામિનારાયણ. ભલે પધાર્યા એમ કહેતાં કહેતાં મોકખાચરે ફળિયામાં ઢોલિયો ઢળાવી ગાદલું બિછાવી દીધું. તેમની ઘોડીને પણ ફળિયામાં બાંધી જોગાણ નાખ્યું. પછી આવી ઢોલિયે બેઠા. કેમ બાપુ, અચાનક આ દિશનું ? મોકા ખાચરે પૂછ્યું.

નિકળ્યો છું મહારાજના દર્શન કરવા. તમારું વાંકીયું આવ્યું એટલે થયું લાવ મોકાખાચરને જય સ્વામિનારાયણ કરતો જાઉં.

ભલે આવ્યા બાપ, ભલે આવ્યા. હવે એક વાત કહું ? મારેય મહારાજનાં દર્શન કરવા છે. તમે રાતની રાત રોકાઈ જાઓ તો સવારમાં છાસું પીને આપણે બેઉ હાલી નીકળશું.

આગન્તુક મહેમાન દરબારશ્રી ઝીણાભાઈ હતા.

વહેલી સવારે પૂજા પાઠથી પરવારીને જવા તૈયાર થયા. ત્યારે મોકા ખાચરે પૂછ્યું, બાપુ મારે ભડલીમાં થોડું કામ છે તો હારો હાર ભડલી થાતા જઈએ તો કેમ ? ઝીણાભાઈ સંમતિ આપતાં બોલ્યા, ભલે ત્યાં થઈને જઈએ.

ભડલીયે આવ્યા ત્યારે ત્યાંનો ગામધણી ભાણખાચર અને તેના માણસો નદીએ નહાવા ધોવા આવ્યા હતા. કોઈ નહાતા હતા કોઈ કપડાં ધોતા હતા, કોઈ કપડાં સુકવતા હતા તો કોઈ કસુંબા કાઢતા હતા. ભાણખાચરે આ ઘોડે સવારોને જોઈ કહ્યું, એ આવો બા આવો. આમ પરભારા હાલ્યા નો જવાય. આવો તમારી મહેમાન ગતી કરીએ, કસુંબા પાઈએ, કંઈક ગોઠડી કરીએ.

ઘોડી બાંધી બંને જણા આવે છે ત્યાં ભાણખાચરે તેના માણસને ઘોડી ઉઠાવી જવા ઈશારો કર્યો. ભેરૂને ઘોડી તરફ આગળ વધતો જોઈ વિચક્ષણ દરબાર કાઠી કળા સમજી ગયા. તલવાર કાઢી. બીજે હાથે ભાણખાચરની મૂછનો થોભો પકડી બોલ્યા, ઘોડીને કોઈએ હાથ લગાડ્યો છે તો તારા અને મારા બંનેના પ્રાણ જાશે. સાનમાં સમજીજા. ઝીણાભાઈનો મિજાજ જોઈ ભાણ ખાચરે માણસને પાછો બોલાવી લીધો.

બંને જણા ગઢપુર પહોંચ્યા. મહારાજના દર્શન કર્યા. મહારાજે કુશળ સમાચાર પૂછ્યા ત્યારે મોકાખાચરે ભડલીમાં બન્યો તે પ્રસંગ કહી સંભળાવ્યો. શ્રીહરિએ રાજી થતાં કહ્યું, આ વાત જેમ બની હોય તેમ સભાને જણાવો. મોકાખાચરે બનેલી વાત કરી. પછી મહારાજ બોલ્યા જે ઝીણોભાઈ તો બહુ શુરવીર અને ખબડદાર છે. કોઈના પેચમાં આવે એવા નથી.

અમરેલી પંથકમાં એક બાબાસાહેબ સુબેદાર માથાભારે કહેવાય તેવા સરકારી હાકેમ હતા. ભાણખાચર તેમનાથી સવાયો માથાભારે હતો. બાબાસાહેબ એક બકરી રાખતા. બકરી મોટી અને તગડી હતી. આ બકરીને કોઈ આંગળી ન અડકાડી શકતું પરંતુ કહેવાય છે કે તે બકરીને ખરીઓ સહિત ભાણખાચર ખાઈ ગયો હતો. આથી - બાબા તારી બકરીના કોઈ ન જાતાં પકડે કાન, ખરીઓ સોતી ખાઈ ગયો એ ભડલીવાળો ભાણ - એવી લોકોકિત પ્રચલિત થયેલી.

ભાણખાચરના ભડલી ગામમાં એક વખત શ્રીજી મહારાજ પધાર્યા હતા. ગામના હરિભક્ત સોમલાખાચરને ઘેર ઊતર્યા અને ત્યાંજ જમ્યા. થોડીવાર આરામ કરી ચોક વચ્ચે સભા કરી વિરાજમાન થયા. સમાચાર સાંભળી ગામ ધણી ભાણખાચર દર્શન કરવા આવ્યા. મહારાજને જોતાં જ ભાણખાચરને હૈયે ટાઢક થઈ. શ્રીહરિએ રાજોચિત સન્માન કરી તેમને બેસાડ્યા. એ વખતે મહાપ્રભુએ વિવેક ઉપર વાત કરી. એક પૈસાની વસ્તુ હોય તેને માટે કોઈ સોનામહોર આપી દે તો એ વહેવારિક રીત નથી. અવિવેક ગણાય. વસ્તુના મૂલ્ય જેટલા જ પૈસા આપે તે વિવેક છે. એવી રીતે આ જીવે ચૌર્યાશી લાખ જાતના દેહ ધર્યા છે. તેમાં તેણે જે જે પાપ કર્યા હોય તેના નિવારણ માટે ભગવાને મનુષ્ય દેહ આપ્યો છે. તેમાં પણ જો એ પાપ કરશે તો છૂટવાનો ઉપાય

ક્યાં રહ્યો ? વિવેકી હોય તે આ વાત સમજે છે. ભાણખાચરને શ્રીહરિએ કહેલી વાતની ઘેડ્ય બેસી ગઈ.

ભાણખાચર પાસે એક વેરાગી બાવો રહેતો હતો. તે એનો ગુરુ હતો, પણ વ્યસની હતો. ગાંજા, ભાંગ, ચરસનો બંધાણી હતો. ભગવો ભેખ ધારી ભાણખાચર તેને માન આપતો. તેણે વેરાગીને કહ્યું, સ્વામિનારાયણ બહુ રૂડી વાતો કરે છે. એમને કોઈ જાતનું વ્યસન નથી. તમે સ્વામિનારાયણને મારા વતી અહીં તેડી લાવો. તેની સાથે ચર્ચા કરો. જો તમે હાર્યા તો તમારું સ્થાન અહીં નહી રહે. કચવાતે મને વૈરાગી ગયો.

ગામધણીના આમંત્રણથી મહારાજ સોમલા, રાણા અને ચાવડાને લઈ તેના નિવાસ સ્થાને ગયા. ભાણખાચરે માન સન્માનથી બેસાડ્યા. શ્રીહરિએ વેરાગીને કહ્યું, તમારે જે ચર્ચા કરવી હોય તે બોલો. જે પૂછવું હોય તે પૂછો. તમારા બોલાવ્યાથી અમે આવ્યા છીએ. અમારે સત્વરે અહીંથી બીજે જવાનું છે. વેરાગી બોલ્યો, ઉતાવળ હોય તો સિધાવો. શા માટે આવ્યા છો ? અમે તમને બોલાવ્યા નથી. તમે તો મહા પાખંડી છો. તમારો ધર્મ પણ લોકોને લૂંટવાનું એક મોટું પાખંડ છે.

રાણા અને સોમલાખાચરથી આ સહન ન થયું. ઉકળી ઉઠ્યા. તેમણે કહ્યું સ્વામિનારાયણ ભગવાન હંમેશા સતવાણી જ કહે છે. તમે સિધ્ધ હોવાનો ઢોંગ કરો છો. અમારા રાજાને ભરમાવો છો. તમારામાં સિધ્ધાઈનું એકેય લક્ષણ નથી. ગાંજા, ભાંગ, ચરસ પીવો છો. પેટ માટે ઘર ઘર ફરો છો. લોકોને ખોટે માર્ગે દોરો છો. ભોળી સ્ત્રીઓને ફસાવો છો. શાસ્ત્રોના નામે ખરવાણી બોલો છો. બીજું કરો છો શું ? ભાણખાચર સામે જોઈ કહ્યું બાપુ, ગધેડો ગાયને પાખંડી કહે છે.

શ્રીહરિએ ભાણખાચરને કહ્યું, અમારે ઉતાવળ હોવા છતાં તમારું માન સાચવવા માટે અહીં આવ્યા. ચર્ચા કરવાને બદલે અમારા પર આક્ષેપ થયા. તમારી પણ શરમ રાખી નહિ. અમે પાખંડી હોઈએ તો તમે એને પૂછો કે પાખંડીના લક્ષણ કેવા હોય ? વેરાગી શ્રીહરિને જેમ તેમ બોલ્યો તેથી ભાણખાચર ખિજાયા હતા. તેમણે કહ્યું, આ સ્વામિનારાયણ સાંભળે એમ પાખંડીના લક્ષણો બોલો. અમે પણ જાણીએ. સ્વામિનારાયણની કીર્તિ તો સૂર્ય સરખી ઝળહળી રહી છે. મોટા મોટા મહિપતિઓ પણ તેમને માને છે. સન્માન કરે છે અને તું વિચાર કર્યા વગર જેમ તેમ બોલ્યો ?

બાવો કંઈ બોલ્યો નહિ તેથી મહારાજે કહ્યું, તમારી રૂબરૂમાં અમે એમને બીજો પ્રશ્ન પૂછીએ છીએ કે આ દેહમાં જીવ રહ્યો છે તેનું રૂપ કેવું છે તે એમની આગળ કહેવડાવો. તમારા ગુરુ છે. તમારી સાથે મહોબત છે તેથી તમારું માનશે.

વેરાગીથી ઉત્તર થયો નહિ. રાજાને તેના ઉપર ક્રોધ ચડ્યો અને બોલ્યા કે તું તો કુતરા ગધેડાથી પણ બદતર છે. સાંઢની માફક જ્યાં ત્યાં ભટકે છે. મહોદર મહાપ્રભુએ રાજાને વધુ બોલતા અટકાવી કહ્યું, હં હં એનું માનભંગ ન કરશો. વેરાગી કોઈ ચર્ચા કરી શક્યો નહિ તેથી ભોંઠો પડ્યો. રાજાને પણ સંકોચ પામતા જોઈ મહારાજે કહ્યું તમારો દોષ નથી. ગુરુમાં જ્ઞાન ન હોય તો શિષ્યને ક્યાંથી આપે ? ભાણખાચર મહારાજને પગે લાગ્યો અને કહ્યું આપ તો સૂર્ય સમાન છો અને બીજા તો પતંગિયા જેવા છે. સૂર્ય સામે પતંગિયું ક્યાં સુધી ટકે ?

શ્રીહરિએ રાજા સાથે થોડી વારતા કરી પછી બોલ્યા, અમારે ઉતાવળ છે એટલે અમે રજા માગીએ છીએ. ચર્ચા માટે ફરી બોલાવશો તો આવશું. અહીંથી અમે સીધા સુખપુર રાવત ધાધલને ત્યાં જઈશું એમ કહી તત્કાળ ચપળતાથી માણકી પર સવાર થઈ ચાલતા થયા.

ભાણખાચર ભાવવિભોર થઈ અશ્વની ગતિથી શ્રીહરિની પાઘનું છોગલું ઊંચુનીચું થતું જોઈ રહ્યા.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે નવુ એડ્રેસ**

shreeswaminarayan9@gmail.com

# શ્રીહરિ સાથે અંગ્રેજો અને શહેરના શ્રેષ્ઠીજનોનો સંવાદ

- જયંતિલાલ કે. સોની (મેમનગર-અમદાવાદ)

શ્રી સ્વામિનારાયણના સંતો ભદ્રના વિસ્તારમાં ભિક્ષા માગવા આવતા શાહુકારના ફળિયામાં આવી 'નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભો'' એ પ્રમાણે બે વાર બોલીને નીચું જોઈ થોડીવાર ઉભા રહે. બાઈઓ ઝોળીમાં ભિક્ષા નાંખે ત્યારે સંતો અવળુ મુખ નાખીને લે, આ દ્રશ્ય એક વખત અંગ્રેજ એરણ સાહેબના જોવામાં આવ્યું. સંતોનો અનોખો પહેરવેશ તથા ભિક્ષા માગવાનો અનોખો પ્રકાર જોઈને તેમને સંતોનો ગુણ આવ્યો અને વિચાર કરવા લાગ્યા કે આ કળિકાળમાં સ્ત્રીઓ સામે ન જુવે તેવા પવિત્ર સંતો કોના હશે ? પોતાની સાથે રહેલા કુબરસિંહના મોટાભાઈ મોતીરામને પૂછ્યું કે ''યે કીસકા સાધુ હૈ ?'' ત્યારે તેમણે કહ્યું કે ''યે સ્વામિનારાયણ કે સંત હૈ'' ત્યારે સાહેબે પૂછ્યું સ્વામિનારાયણ કહાં હૈ ? તેમને અહિ તેડાવા સાહેબે શહેરના બધા આગેવાન નાગરિકો તથા સંપ્રદાયનાં આગેવાન સત્સંગીઓને બોલાવ્યા અને પૂછ્યું કે અમારે સ્વામિનારાયણને આ શહેરમાં બોલાવવા છે તો જો કોઈને વાંધો હોય તો અત્યારે જ બોલજો પછીથી બોલશે તેને સરકાર નસિયત કરશે ત્યારે બીજા કોઈ બોલ્યા નહિ પરંતુ સાહેબના કારભારી પૂંજા શાહ બોલ્યા જે એ તો પુરુષને સ્ત્રીથી અને સ્ત્રીને પુરુષથી છોડાવી ત્યાગી કરી નાંખે છે. માટે તેમને અહિ બોલાવા ઠીક નહિ. ત્યારે તેને સાહેબે કહ્યું જે તું નવી સ્ત્રી પરણ્યો છું અને અમારો નોકર છે તો તું અમારા કહેવાથી તારી સ્ત્રીને છોડે દે ખરો ? ત્યારે તેણે નાં પાડી. ત્યારે સાહેબે કહ્યું જે ''એ તો બડા મુરસિત હૈ, ઔર હિન્દુઓ કા કૃષ્ણ હૈ, યે બાત તુમ ક્યા જાને'' ત્યારબાદ બધા ગયા બાદ સાહેબે સત્સંગીઓના આગેવાન નથુ ભટ્ટ, દામોદર પટેલ, હિરાચંદ ચોકસી, કુબેરસિંહ ચોંપદાર તથા લાલદાસ ગોરા વગેરેને કહ્યું જે સ્વામિનારાયણને જલ્દી અહીં બોલાવી લાવો. તેમને જરા પણ વાંધો નહિ આવે અમે બંદોબસ્ત કરીએ છીએ અને સાહેબે શ્રીહરિ ઉપર વિનંતીપૂર્વકનો આમંત્રણ પત્ર પણ લખી આપ્યો. ત્યારે સત્સંગીઓ ગઢપુરમાં શ્રીહરિ પાસે આવ્યા. કુબેરસિંહે સાહેબ સાથે થયેલી બધી વાત કરી અને એરણ સાહેબનો પત્ર શ્રીહરિને આપ્યો અને અમદાવાદ પધારવા ભાવપૂર્વક આગ્રહ થવાથી શ્રીહરિએ સભામાં બેઠેલા મુક્તાનંદ આદિ સંતો હરિભક્તોને અમદાવાદથી આવેલ પત્ર વંચાવીને કહ્યું જે આપણને સરકાર અમદાવાદ તેડાવે છે તેથી આપણે અમદાવાદ જવું છે. મહારાજે મયારામ ભટ્ટને બોલાવી શ્રીનગર જવાનું સારુ મુહૂર્ત કઢાવી બીજા દિવસે પ્રભાતે શુભ મુહૂર્તમાં શ્રીહરિ સંઘ સાથે રાખી જેતલપુર પધાર્યા. જેતલપુર રાત રોકાઈ સવારે ચાલ્યા તે અસલાલી થઈ કાંકરિયા સરોવર આવ્યા. ત્યાં શ્રીહરિને સત્કારવા માટે સાહેબે બધી ગોઠવણ કરી હતી. તે મુજબ તુરંત જ સાહેબ તથા તેમની પત્ની તથા બીજા તેમની સાથેના અંગ્રેજ સાહેબો પોતાની સાથે અનેક પ્રકારના અંગ્રેજી વાજાઓ તથા બીજા વાજિંત્રો તથા પલટન લઈ પગપાળા મેડમ સાથે ચાલતા આવતા જોઈ શ્રીહરિએ સંતોને કહ્યું જે તમારે ઉપવાસ પડશે માટે દૂર જઈને બેસો. એટલે સંતો દૂર જઈને બેઠા. ત્યાં સાહેબ તથા મેડમ આવીને શ્રીહરિના પગમાં પડીને નમસ્કાર કરી હાથ જોડીને ઉભા રહ્યા. શ્રીહરિએ સાહેબોને પ્રસાદીના ગુલાબનાં હાર પહેરાવ્યા ત્યાં એરણ સાહેબે વાત કરી કે ''હું એક વખત જંગલમાં ફરવા ગયો હતો ત્યારે હાથી ઉપર બેસી એક વાઘ ઉપર બંદૂકની ગોળી છોડી પણ તે ગોળી તેને વાગી નહી એટલે તે વાઘે ક્રોધ કરી છલાંગ મારી મારા હાથીની અંબાડીએ બાઝ્યો, બીકથી મારામાં બીજી ગોળી છોડવાની હિંમત ન રહી. એટલે તે વાઘ મને મારી નાંખત પણ તે વાઘ મને પકડે તે પહેલા જ આ મૂર્તિ એ મને હાથી ઉપરથી ઉંચે આકાશમાં લઈ લીધો તે પછી મારા નોકરોએ તે વાઘને મારી નાંખ્યો ત્યાં સુધી આકાશમાં મને રાખી રહ્યાં. પછી હાથી ઉપર મુક્યો. તે દિવસથી તે મૂર્તિ મારા અંતરમાં રમી રહી હતી અને તેમને હું બધે શોધતો પણ ક્યાંય પત્તો લાગ્યો નહિ. આજે મારા ઉપર કૃપા કરી આપ જાતેજ મને સાક્ષાત્ મળી દર્શન આપ્યા. પછી ટોપી ઉતારી બોલ્યો કે આપ ઈશુખ્રિસ્તના પણ સેવ્ય છો. કારણ કે જ્યારે મને વાઘ મારવા આવ્યો ત્યારે મેં ઈશુખ્રિસ્તની ઘણી પ્રાર્થના કરી પણ તેમણે મને ન બચાવ્યો અને આપે મને વગર પ્રાર્થનાએ ઉગાર્યો માટે આપ સર્વનાં કારણ છો. બીજા સાહેબ બોલ્યા કે આપ અલ્લા છો તો વિલાયતમાં અમારું સ્થળ ક્યાં છે ? અને કેવું છે ? તે ચિતરી બતાવો, ત્યારે શ્રીહરિએ કાગળમાં આખી વિલાયત ચિતરી તેમાં એરણ સાહેબનું ઘર ત્યાંના વૃક્ષો, ફળીયુ વગેરે આબેહૂબ નકશો ચિતર્યો તે જોઈ બધા સાહેબો રાજી થઈ બોલ્યા કે આપ તો સાક્ષાત્ ખુદા છો.

પછી દુર્લભ (ડનલોપ) સાહેબ બોલ્યા કે આપ સાક્ષાત્ ભગવાન છો તો મારા એવા શા પુણ્ય હશે કે આપ સાક્ષાત્ મળ્યા તે મને કૃપા કરીને કહો. આપ સર્વજ્ઞ છો. ત્રિકાળજ્ઞ છો તેથી આપનાથી કાંઈ અજાણ્યું નથી. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે તમારી ભૂતકાળની વાતો તો ઘણી જ લાંબી છે. પણ સંક્ષેપમાં કહું જે સાંભળો. તમારો યુરોપ નામે ખંડ છે.

તેમાં ગ્રીસનો દેશ છે તે દેશમાં મધ્યમ વર્ગનાં કુટુંબમાં તમારો જન્મ થયેલો. ત્યાંના રાજા બળવાન હતા તેણે બીજા બધા રાજ્યો જીતવાની તૈયારી કરી તે રાજાએ તમોને હોંશિયાર માની લશ્કરમાં અમલદાર બનાવ્યા. એક વખત કોઈ રાજા સાથે લડાઈ થઈ ત્યારે રાજાએ તમોને આજ્ઞા કરી કે સામા રાજાનું લશ્કર જ્યારે ઉંઘમાં હોય ત્યારે તેમની કતલ કરી નાંખવી. રાજાનો આવો અન્યાયી, અત્યાચારી હુકમ સાંભળી તમને વિચાર આવ્યો કે આવુ ભયંકર પાપ કરવા કરતા નોકરી છોડવી સારી તેમ વિચારી તમો નોકરીમાંથી રાજીનામું આપી છુટા થયા પછી આયુષ્ય પુરુ થતા દેહ પડી ગયો.

બીજા જન્મે તમો પૂર્વના કોઈક પુણ્યે ભવિષ્યવેત્તા મોટા શાસ્ત્રી (જ્યોતિષ) થયા તે વખતે જર્મન દેશનાં રાજાએ આખા યુરોપ ખંડના રાજાઓ તથા પંડિતોને ભેગા કર્યા તેમાં તમો પણ ગયા હતા ત્યાં તમોએ શાસ્ત્રાર્થ કરી સર્વ પંડિતોને જીતી લીધા તેથી આખાય યુરોપખંડમાં સૌથી મોટા પંડિત ગણાવ્યા. આવી રીતે તે જન્મમાં પણ મોટું આયુષ્ય ભોગવી તમારો દેહ પડી ગયો.

ત્રીજા જન્મે ફ્રાન્સમાં પાદરીને ત્યાં તમારો જન્મ થયો ત્યાં પણ ઘણી વિદ્યા ભણી હોંશિયાર થયા અને બાઈબલ વગેરે ઈશુખ્રિસ્તનાં ધર્મનાં ગ્રંથો ભણી ધર્મનો સારો બોધ કરવા લાગ્યાં. ત્યાંના માણસો ઘણા પાપી ક્રૂર અનિતિપરાયણ હતા ને શત્રુની ખોપડીમાં મદિરા પીવી તેમાં સ્વર્ગનું સુખ માનતા આવા દુષ્ટ માણસો ને ઉપદેશ આપી દેશમાં સારો સુધારો કર્યો. દેવાલયો બંધાવ્યા વગેરે સત્કર્મ કર્યા પછી સત્તાણું વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવીને તમો અવસાન પામ્યા.

ચોથો જન્મ અમીર કુટુંબમાં વિલાયતમાં થયો. નાની ઉંમરમાં અભ્યાસ પૂર્ણ કરી રાજકારણમાં જોડાયા, તમો ઘણા હોંશિયાર હોવાથી લશ્કરના મુખ્ય સરદાર નિમાયા પછી દેશ જીતવા અહિ હિંદુસ્તાનમાં તમોને વિલાયતના રાજ્ય તરફથી મોકલ્યા. અહિ તમોએ ઘણી ખંત અને હોંશિયારીથી બંગાળ દેશ જીત્યો પછી સુરત વિગેરે દેશો જીતીને પેશ્વા સરકાર હટાવી અમદાવાદ શહેર કબજે કર્યુ. આમ તમારા પૂર્વનાં વૃતાંતના તપે દરેક જન્મમાં ધર્મનાં કાર્યો કરેલા તથા આ જન્મમાં પણ લોકોના દુઃખ મટાડ્યા અને સાચા સંતોની સેવા કરી અને કરાવો છો, અધર્મીઓનો પરાભવ કરો છો તે પુણ્યથી તમોને અમારા દર્શનનો મેળાપ થયો છે. આ બધું સાંભળી દુર્લભ સાહેબ તથા ગોરા અમલદારો ઘણા રાજી થયા તે સર્વેને શ્રીહરિને વિષે ભગવાનપણાનો પાકો નિશ્ચય થયો.

કાંકરિયા સરોવરે સભામાં બિરાજી અંગ્રેજ સાહેબો સાથે ઉપર પ્રમાણે વાતચીત કરી રહ્યા હતા ત્યાં શહેરના બીજા સત્સંગીઓ તથા આગેવાનો તેમજ નગરશેઠો જેવા કે હિમાભાઈ શેઠ, શેઠ મોહનલાલ, બેચર મણકીવાળા તેમજ અન્ય પ્રતિષ્ઠિત શ્રેષ્ઠીઓ પોતાની બગી ગાડીઓ માં બેસી ત્યાં પધારતા હતા. દરેક જણ શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરી હાર પહેરાવી ભેટો ધરીને પગે લાગતા હતા. પછી શ્રીહરિને કુશળ સમાચાર પૂછતા. હિમાભાઈ શેઠ હાથ જોડી શ્રીહરિને કહેવા લાગ્યા કે તમારા મતમાં નિષ્કામ વ્રત મુખ્ય છે તે જણાય છે. જે બાઈ-ભાઈ તમારે શરણે થાય છે તે તમારા પ્રતાપે નિષ્કામ વ્રત સહેજે સહેજે પાળે છે. નિષ્કામ વ્રત વગરના બધા ધર્મો નકામાં છે. હિમાભાઈ શેઠ નગરશેઠ હતા તેમણે ધાર્મિક તેમજ સામાજિક કાર્યોમાં ઘણું ખર્ચ કર્યું હતું. પોતે જૈન હોવાથી ધાર્મિક કાર્યોમાં શેત્રુંજય ઉપર લગભગ સાડાત્રણ લાખ રૂપિયા ખર્ચીને એમણે ટૂંક બંધાવી છે. ધર્મશાળા પાંજરાપોળ વિગેરે ધાર્મિક કાર્યો કર્યા હતા. તેમનાં માતાએ સોનાના ફુલથી શ્રીહરિને વધાવ્યા હતા.

આમ શહેરનાં કેટલાક સત્સંગીઓએ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરાવીને ત્યાંથી પાછા નવાવાસમાં આવ્યા ત્યાં પણ કેટલાક હરિભક્તોએ પૂજા કરી. સંધ્યા સમય થયો પણ પૂજાનો પાર આવ્યો નહિ પછી ઘણીક મશાલો પ્રગટાવી ત્યારબાદ શ્રીહરિએ બધાની સાથે આરતી કરી નારાયણ ધૂન્ય કરવા લાગ્યા ને સંતો-હરિભક્તો ઝીલવા લાગ્યા. તે સમયે શ્રીહરિની મૂર્તિમાંથી અપાર શીતળ-શાંત તેજ નીકળવા લાગ્યું. તેથી બીજા બધા દીવા-મશાલોના તેજ ઝાંખા થઈ ગયા. તે તેજ જોઈને બધા આશ્ચર્ય પામ્યા. ધૂન્ય બંધ કરી ત્યારે તે તેજ શ્રીહરિની મૂર્તિમાં સમાઈ ગયુ. તે જોઈ બધા કહે કે આ શ્રીહરિ તો સાક્ષાત્ ભગવાન છે. - આ પ્રમાણે બોલતા સાંભળી શ્રીહરિએ તેમને પૂછ્યું કે તમે શી વાત કરો છો ? ત્યારે માણસોએ પૂછ્યું પ્રભુ આવું તેજ ક્યાંથી પ્રગટ્યું?

ત્યારે શ્રીહરિએ કહ્યું કે અમો જ્યારે ધૂન્ય કરવા લાગ્યા ત્યારે આ લોકની સ્મૃતિ ન રહી અને અમો અક્ષરધામમાં બેઠા છીએ અને આ સભા પણ ત્યાં બેઠી છે એમ દેખાયું. ધૂન્ય થઈ રહી ત્યારે અહિંની સ્મૃતિ થઈ આવીને એમ દેખાયુ. અનેક દેવો વિમાનમાં અમારી પૂજા કરવા આવ્યા હતા. પછી તેઓ તેમના સ્થાનકે ગયા. આવું સાંભળી સૌ શ્રીજી મહારાજને સર્વોપરિ - સર્વ અવતારના અવતારી પ્રગટ પુરુષોત્તમ નારાયણ છે. અને જે તેજ દેખાયુ તે તેમની મૂર્તિનું જ છે. આમ બધાએ સર્વોપરિ પણાનો નિશ્ચય પાકો કરી રાજી થયા. આજ નિશ્ચય આપણે પણ આપણા જીવનમાં દ્રઢ કરી શ્રીહરિની મૂર્તિનાં સુખમાં જ રસબસ રહેવું. મહારાજ સિવાય અન્યમાં ક્યાંય માલ નથી એવો દઢ નિર્ધાર કરી પરમપદની પ્રાપ્તિ કરી લેવી એજ અભ્યર્થના.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટનને નવ માસ જેટલો સમય થઈ ગયો. રોજે રોજ દેશ વિદેશના દર્શનાર્થી અને મુલાકાતીઓની તાલાવેલી સતત જોવા મળે છે. અનેક સંતો, ધાર્મિક મહાનુભાવો દર્શન કરીને દિવ્યતા અનુભવે છે. આપણે દર માસે મુલાકાતીઓના અભિપ્રાય વાંચીએ છીએ તે પરથી ખ્યાલ આવે કે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દર્શન કરનારને કેવી કેવી અનુભૂતિ થાય છે. ખરેખર જો સમજાય તો આ મોક્ષની પરબ છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિભાવ ભેટયોજના અંતર્ગત નોંધાવનાર દાતાશ્રીઓની યાદી

- રૂા.૨૫,૦૦૦/- પ્રવિણભાઈ કાંતિભાઈ પટેલ - શિકાગોવાળા<br>દક્ષીકાબેન પ્રવિણભાઈ પટેલ
- રૂા.૨૧૦૦૦/- બાબુભાઈ માવજીભાઈ પટેલ - હરિકૃષ્ણ મોજેક - મોરબી<br>હ. મનોજ તથા હિતેશ
- રૂા.૨૧૦૦૦/- યશભુમિ કન્સ્ટ્રકશન કુ.પ્રા.લી. - અમદાવાદ
- રૂા.૧૧૧૧૧/- અ.નિ.પ્રભાવતીબેન રમણીકલાલ સોમાણી તથા અ.નિ. રમણીકલાલ કાળીદાસ સોમાણી - ના સ્મરણાર્થે સપ્રેમ ભેટ હ.નવીનચંદ્ર સોમાણી - ગઢાળીવાળા - અમદાવાદ
- રૂા.૧૧૦૦૧/- શામળભાઈ મથુરભાઈ પટેલ પરિવાર - વાવોલ
- રૂા.૧૧૦૦૦/- સ.ગુ.ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી પારાયણ નિમિત્તે હ. આત્રોલી સત્સંગ મંડળ
- રૂા.૧૦૦૦૦/- પૂનમભાઈ પટેલ - અમદાવાદ
- રૂા.૧૦૦૦૦/- હરજીભાઈ માવજીભાઈ હીરાણી - સુખપુર, ભુજ
- રૂા.૧૦૦૦૦/- અ.નિ. મંગળાબેન ઠક્કરના સ્મણાર્થે - અમદાવાદ<br>હ.જશવંતભાઈ
- રૂા.૭૬૦૧/- ઘનશ્યામ હિમંતભાઈ મિસ્ત્રી - સર્વિસ મળતા તેઓના સંકલ્પ મુજબ પહેલો પગાર ભેટ તરીકે
- રૂા.૭૧૦૦/- સોમદાસ શીવદાસ (નિકોલ) નરોડા
- રૂા.૬૦૦૧/- વિનેશ સાપરીયા - મુંબઈ
- રૂા.૬૦૦૦/- પ્રતિભાબેન મારૂ
- રૂા.૫૧૧૧/- હસુમતીબેન કનૈયાલાલ ભાવસાર - સાણંદ
- રૂા.૫૧૦૦/- માણેકચોક સોના ચાંદીના એસોસીએશન - અમદાવાદ<br>હ. સંજયભાઈ સોની
- રૂા.૫૦૦૧/- ખટાણા લાલજીભાઈ મોહનભાઈ - બળોલ
- રૂા.૫૦૦૦/- અસીત સાપરીયા - મુંબઈ
- રૂા.૫૦૦૦/- ડો. હરિકૃષ્ણભાઈ ગોકળભાઈ પટેલ - સાપાવાડા
- રૂા.૫૦૦૦/- ઈશ્વરભાઈ ડુંગરશીભાઈ પટેલ - મેડાવાળા, હર્ષદ કોલોની
- રૂા.૫૦૦૦/- મધુબેન ઈશ્વરભાઈ ડુંગરશીભાઈ પટેલ
- રૂા.૫૦૦૦/- વાસુદેવભાઈ કાનજીભાઈ પટેલ - બોપલ
- રૂા.૫૦૦૦/- નારાયણભાઈ ગોકળદાસ પટેલ - સાપાવાડા
- રૂા.૫૦૦૦/- શ્રી સ્વામિનારાયણ મંદિર - પવાઈ (મુંબઈ) હ.વસીભાઈ
- રૂા.૫૦૦૦/- શ્રી સ્વામિનારાયણ મંદિર- નવા વણઝર હ.રમણભાઈ
- રૂા.૫૦૦૦/- મહેશભાઈ એસ.પટેલ લાલોડાવાળા - વાપી
- રૂા.૫૦૦૦/- દૈવિયાની હરિકૃષ્ણ પટેલ - કણભા
- રૂા.૫૦૦૦/- હિરેન પ્રાગજીભાઈ કથરોટીયા - બાપુનગર
- પ્રસાદીના જળની બોટલના યજમાન - માસ્ટર પેક - કડી<br>હ.વિવેકભાઈ , મયુરભાઈ, રોહિતભાઈ - અમદાવાદ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી

| | |
|---|---|
| તા.૦૧-૧૧-૨૦૧૧ | પ.પૂ. મોટા ગાદીવાળાની પ્રેરણાથી કચ્છભુજના સાંખ્યયોગી બહેનો તથા કાલુપુર મંદિર હવેલીના સાંખ્યયોગી બહેનો હ. મંજુબા તથા ભારતીબા |
| તા.૦૩-૧૧-૨૦૧૧ | સોમદાસ મોહનદાસ પરિવાર - વડુ હ. મણીભાઈ સોમદાસ પટેલ |
| તા.૦૪-૧૧-૨૦૧૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર મહિલા મંડળ, એપ્રોચ, બાપુનગર હ. રૂપમબેન |
| તા.૦૫-૧૧-૨૦૧૧ | જયેશભાઈ મંગળદાસ ગજ્જર, રાજેન્દ્રકુમાર બાબુલાલ ગજ્જર - અમદાવાદ |
| તા.૧૦-૧૧-૨૦૧૧ | જયશ્રીબેન મનોજભાઈ દલાલ, મનોજભાઈ ઘનશ્યામભાઈ દલાલ, તોજેન્દ્રભાઈ મનોજભાઈ દલાલ - નવા વાડજ |
| તા.૨૦-૧૧-૨૦૧૧ | લાલજીભાઈ ગણેશભાઈ - ભાઉપુરા હ. જયેશ, વિપુલ, વ્રજ તથા લીલાબેન |
| તા.૨૩-૧૧-૨૦૧૧ | અ.નિ.ચંદ્રકાન્તભાઈ અમીન - અમદાવાદ હ. મહેન્દ્રભાઈ, વિમલભાઈ તથા શીતલબેન |

નોંધઃ તા. ૧૦-૧૨-૨૦૧૧ ને શનિવારે પૂનમ ચંદ્રગ્રહણ હોવાથી મ્યુઝિયમના દર્શન સાંજે ૪:૦૦ વાગ્યા સુધી ખુલ્લા રહેશે.

---

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com

# અભિપ્રાય

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

જય શ્રી સ્વામિનારાયણ

વૃધ્ધાવસ્થામાં - જીવનભર શ્રી નરનારાયણ દેવનો પંથ, અડગ નિષ્ઠા અને સનાતન ગાદીને વફાદાર બનીને રહેલા ગામ ધરમપુરના અ.નિ.પટેલ રામજીભાઈ અમરશીભાઈ વકીલના વયોવૃધ્ધ ધર્મપત્ની નાનીબાને ૯૫ વર્ષની વૃધ્ધાવસ્થામાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દર્શન કરીને ઘેર બેઠા ગંગા નાહ્યા જેટલો આનંદ થયો. શ્રીજી મહારાજની પ્રસાદીની દરેક વસ્તુમાં સહેજે સહેજે મહારાજની મૂર્તિનાં દર્શન થાય છે. એવી ઉંડા અંતરમાં શાંતિ થઈ. આવા દિવ્ય દર્શન કરીને પોતાનું અહોભાગ્ય માની હૈયાનાં હેતથી પ.પૂ.મોટા મહારાજશ્રીનાં આવા દિવ્ય સંકલ્પથી કોટિ કોટિ વંદન કરી ખૂબજ રાજી રાજી થયાં

- કંચનબેન આર. પટેલ અને ભાણી ઉર્મિલા - નારણપુરા

●

આ સ્વામિનારાયણ મ્યુઝિયમ અતિ સુંદર છે અને મ્યુઝિયમમાં જે વસ્તુઓ ભગવાનના પ્રસાદ રૂપ મુકવામાં આવી છે. તે જોઈને તો મને આનંદનો પાર નથી. રૂમ નંબર-૯માં જે પિકચર સ્વરૂપે સ્વામિનારાયણ ભગવાનનો જન્મ અને તેમની કૃપા જાણવાની મળી છે. જે વ્યક્તિ અહી એકવાર આવશે તેને જરૂરથી બીજીવાર આવવાનું મન થશે. ખરેખર આ એક પૃથ્વીનું ઐતિહાસિક અને અલૌકિક સ્થળ છે. અહી જે વ્યવસ્થા છે તેતો ખૂબજ સરસ છે.

- ઉર્વિ પટેલ

●

આ પ્રસાદીના મ્યુઝિયમના દર્શન ભાગ્યશાળી જીવને જ મળે અને જેના હજારો જન્મના પૂન્ય ભેળા થયા હોય તેને જ આમાં એન્ટ્રી કરવાનું મન થાય. આ તો અક્ષરધામનું દ્વાર છે એવો અમને અનુભવ થયો અને અમારા વતીથી પૂજય મોટા મહારાજશ્રી અને ધર્મકુળને કોટિ કોટિ વંદન કરીએ છીએ.

- કિશોર હિરાણી, નાઈરોબી

●

અમે આ પ્રસાદીની વસ્તુઓના દર્શન કરીને અમે અમારા શબ્દોમાં વર્ણન કરી નથી શકતા. આખો સતસંગ સમાજ મહારાજશ્રીનો ખૂબજ ઉપકારી છે. અમારા સર્વેના ખૂબજ પુણ્ય છે કે અમને આ અલૌકિક પ્રસાદીની વસ્તુઓના દર્શન થયા.

- ચેતન સોની, યુ.એ.એ.

●

શ્રીનગર (અમદાવાદ)ને આંગણે અદ્‌ભુત - અલૌકિક - શ્રીજી મહારાજના સંબંધવાળી પ્રસાદીની વસ્તુઓ જેની કિંમત આંકી શકાય નહી. કેમકે સ્વયં પૂર્ણ પુરૂષોત્તમ નારાયણનો જેને સ્પર્શ થયો તે વસ્તુ નિર્ગુણ થઈ જ જાય , આવુ સર્વોપરિ મ્યુઝિયમ જોવા માટે અમારા ગામના સિનીયર સીટીઝનોને (વૃધ્ધ મુક્તાત્માઓ) લઈ. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી જહેમત ઉઠાવીને એક પ્રેરણાદાયી પ્રયાસ કર્યો છે. ખરેખર રડતા હૃદયે વૃધ્ધમુક્તોના હદયમાંથી એકજ અવાજ નીકળ્યો વાહ મહારાજ... હે મહારાજ... કરોડો વંદન કરીએ છીએ ધર્મવંશી મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી તથા ક્રાંતિકારી આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને....

- શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ, બાલવા (ગાંધીનગર)

●

મ્યુઝિયમ જોતા, દર્શન કરતા, મુખમાંથી માત્ર શબ્દોજ નિકળ્યા કે અદ્‌ભુત, અદ્‌ભુત, અદ્‌ભુત.... બોટાદમાં અદ્‌ભુતાનંદ સ્વામી પધાર્યા, પ્રભુની આજ્ઞા હતી કે આજ્ઞા વગર દર્શને ન આવવું.... સ્વામી પૂજા કરવા બેઠા, પૂજામાંથી પ્રભુની પ્રસાદીનો ટુકડો અદ્‌ભુતાનંદ સ્વામીએ આંખે અડાડયો, મસ્તકે અડાડયો ત્યારે હમીર ખાચરને થયું કે ઓહ વસ્ત્રનો આટલો મહિમા તો એ પ્રભુ કેવા હશે? હમીર ખાચરને પ્રભુનો નિશ્ચય થઈ ગયો... આ પ્રસાદીભુત વસ્તુના દર્શન કરશે એને પ્રભુનો નિશ્ચય થાય એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.

- સાધુ સત્સંગભૂષણદાસ, જૂનાગઢ હા. સ્વા મંદિર, રાજકોટ
સાધુ આત્મપ્રકાશ સ્વામી, સાધુ નારાયણદાસ સ્વામી

## વૃધ્ધ કોણ ?

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

વેલાળમાં પાંચસો પરમહંસોની સાથે સ્વામિનારાયણ ભગવાન પૂર્વ-દિશાના એક ખેતરમાં રાયણના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. મહારાજના મુખ આગળ સંતો, બ્રહ્મચારીઓ અને પાર્ષદો બેઠા હતા.

સભામાં સ્વામિનારાયણ ભગવાને વાત કરી કે હે સંતો ! તમારે દરરોજ એક ટાણાં કરવા. નાના હોય તે બેવાર જમે તો વાંધો નહિ, માંદા સાધુ હોય, વૃધ્ધ હોય તે બે વખત જમે તો વાંધો નહિ. એ સિવાય બાકીના સંતોએ એકવાર જમવું.

સભામાં એક સંત ઉભા થયા અને પૂછવા લાગ્યા કે મહારાજ ! વૃધ્ધ કોને ગણવા ? અને બાળક કોને ગણવો ? શ્રીહરિ કહે અગિયાર થી સોળ વર્ષ સુધીનો બાળક ગણાય અને જેના દાંત પડી ગયા હોય તેને વૃધ્ધ જાણવો. ત્યાં જ સભામાં પચ્ચીસ વર્ષના સંત ઉભા થઈ ગયા. કોઈ રોગના લીધે તેમના બધા દાંત પડી ગયેલા. તે બોલ્યા મહારાજ ! હું પણ વૃધ્ધ જ ગણાવું ને ! જુઓ મારા મોંઢામાં એકેય દાંત નથી. આ સાંભળીને મહારાજ, સંતો અને હરિભક્તો બહુ હસ્યા. એ રીતે વેલાળમાં ખૂબ આનંદ કર્યો.

## આનંદની હેલી

## ધનુર્માસનો વિશેષ સત્સંગ

### તા. ૧૬-૧૨-૨૦૧૧ થી તા. ૧૫-૧-૨૦૧૨

**પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધનુર્માસ ધૂન્યનો લાભ લેવા સમસ્ત સત્સંગને રૂડું આમંત્રણ છે.**

ભરતખંડના રાજાધિરાજ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂજનીય સંતો અને વહાલા હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં અને હવેલીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની નિશ્રામાં સમસ્ત બહેનોની ઉપસ્થિતિમાં ધનુર્માસ ધૂન્ય મહોત્સવ ઉજવાશે. સમગ્ર માસ દરમ્યાન કડકડતી ઠંડીમાં આપણા ઈષ્ટદેવશ્રી સ્વામિનારાયણ ભગવાનના મહામંત્રનો જાપ લેવાનું આપણને સદ્‌ભાગ્ય મળ્યુ છે. તો પરિવાર સહિત આવો અલૌકિક અને દિવ્ય લાભ લેવાનું ચૂકતા નહીં. આખો દિવસ તો નોકરી, ધંધા રોજગારમાં ક્યારે સમય મળે અને ભગવાનને સંભારવાનું બને ! આ એકજ અવસર એવો છે કે સમયસર ટાઈમ ટેબલ પણ સચવાય અને ભગવાનનું નામ લેવાય અને તે બહાને વહેલા જાગવાનું નિયમ પણ થાય ખરૂને ભક્તો ! અને હા, યજમાન બનવાનો પણ લાભ લેવાય.

દરેક માસિક ધૂન્યના યજમાનો અને દૈનિક ધૂન્યના યજમાનોને ધનુર્માસની યાદગીરી રૂપ અલૌકિક ભેટ પણ મળશે. કેટલા બધા લાભ ધૂન્યમાં આવવાથી મળે છે.

- મહંત સ્વામી

### ધનુર્માસનો વિશેષ કાર્યક્રમ

| | |
|---|---|
| સવારે ૫-૦૦ : | રંગ મહોલ ઘનશ્યામમહારાજની સાંનિધ્યમાં ધૂન |
| સવારે ૫-૩૦ : | મંગળા આરતી |
| સવારે ૫-૩૦ : | કીર્તન ભક્તિ |
| સવારે ૬-૦૦ : | ધૂન |
| સવારે ૬-૩૦ : | શણગાર આરતી |

**માસિક ધૂન રૂા. 1500/-**

**દૈનિક ધૂન રૂા. 100/-**

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સમર્પિત શિષ્ય કેવો હોય ?

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

પ્રાચીન ભારત વર્ષમાં ધૌમ્ય નામે એક ઋષિ હતા. તેમની શ્રેષ્ઠ ઋષિઓમાં ગણના થતી હતી. ભારત વર્ષમાં ચારે તરફ તેમના આશ્રમના શિષ્યોની પણ શ્રેષ્ઠતા વખણાતી હતી. તેમની નામનાથી ઘણા બધા યુવાનો તથા કિશોરો તેમા આશ્રમમાં ભણવા આકર્ષાતા હતા.

તેમના આશ્રમમાં ઘણા બધા વિદ્યાર્થીઓ હતા. તેમાં એક ઉપમન્યુ નામે શિષ્ય હતો. મધુરભાષી - સ્વભાવે શાંત અને સરળ તથા હસમુખા સ્વભાવનો હોઈ ગુરુ તથા બધા શિષ્યોમાં તેમની સારી છાપ હતી. અને ઘણા શિષ્યો તેમનાથી આકર્ષાઈ તેની ભાઈ બંધી રાખતા ઘણા મિત્ર હતા. કોઈ વખત ગુરુની વાત કોઈ મિત્રોને ન સમજાઈ હોય તો ઉપમન્યુને પૂછતા અને ઉપમન્યુ તેમને તેની બાળભાષામાં સમજાવતો અને બધા ખુશ ખુશ થઈ જતા.

બધે જ કાંઈ બધું જ સારૂં હોતું નથી. તેમ તે આશ્રમમાં થોડા વિદ્યાર્થીઓ એવા પણ હતાં કે ઉપમન્યુની વાહ વાહ તેમનાથી સહન થતી ન હતી અને ઈર્ષ્યા રાખતા. ઘણી વખતતો ગુરુ સમક્ષ ફરિયાદ લઈને પણ પહોંચી જતાં. આથી આવા ઈર્ષાળુ શિષ્યોને બોધ આપવા ઋષિએ નવી પદ્ધતિ અપનાવી. તેમને એ સાબિત કરી બતાવવું હતું કે ઉપમન્યુ ખરેખર શ્રેષ્ઠ શિષ્ય છે. એટલે ઉપમન્યુની આકરી કસોટી લેવાનું ઋષિએ નક્કી કર્યું. એક દિવસે બધા શિષ્યોની હાજરીમાં ગુરુએ ઉપમન્યુને બોલાવી પૂછ્યું. તું આખો દિવસ શું કરે છે ? ત્યારે ઉપમન્યુએ કહ્યું ગુરુજી ! સવારે ઉઠી આશ્રમ વાળવાનો, નાહી ધોઈ સંધ્યા વગેરે કરી આપની કુટિર સાફ કરી - પૂજાપાત્ર સાફ કરી, પૂષ્પ - જળ - ફળ - તુલસી વગેરે પૂજા અર્ચન માટે તૈયાર રાખું છું. વચ્ચેથી જ અટકાવતાં ગુરુએ તેને કહ્યું કાલથી તારે આ સેવા કરવાની નથી. કાલથી ગાયો ચરાવવા જા અને ભિક્ષાવૃતિ બંધ કર. જમવાનું બંધ. સારૂ ગરુજી.

બીજા દિવસથી વહેલી સવારે ગાયો લઈને જાય. જંગલમાં ચરાવે, ભૂખ લાગે ત્યારે ગાયને દોહીને દૂધ પીવે. આમ, બે-ત્રણ મહિના ચાલ્યું. પણ ઉપમન્યુ તો તંદુરસ્ત જણાયો. પાછા ઈર્ષ્યાળુ શિષ્યોએ રાવ ખાધી એટલે ગુરુજીએ તેને બોલાવી પૂછ્યું. ઉપમન્યુ ભિક્ષા તો માગતો નથી પછી તું ભોજનમાં શું લે છે ? ગુરુજી ! જંગલમાં ગાયોને સવારથી સાંજ સુધી ચરાવવા લઈ જાઉં છું. ભૂખ લાગે ત્યારે ગાયને દોહીને દૂધ પીવું છું. ગુરુએ દૂધ પીવાની પણ મનાઈ ફરમાવી. જોયુને !

મિત્રો ! ગુરુ કઠોર થાય ત્યારે કેવા થાય છે ? તમે કે હું હોઈએ તો ગુરુને છોડીને ક્યારના જતા રહીએ. પણ આ તો ઉપમન્યુ. ગમે તેમ પરીક્ષા લેવાય પાછા પગલાં ભરે નહીં તેવો હતો એટલે ગુરુની આજ્ઞા માની લીધી. અને દૂધ નહીં પીવાની બાંહેધરી આપી. બીજે દિવસથી ગાયો લઈ જંગલમાં ગયો. ગાયો અને વાછરડા ચરે છે. ઉપમન્યું તેમની સાર-સંભાળ રાખે છે. વાછરડાં ભૂખ્યાં થાય એટલે ગાયને ધાવે. ધાવતા વાછરડાના મોઢામાંથી ફીણ નીકળતાં હતાં તે જોતા ઉપમન્યુને વિચાર થયો, જમવામાં દૂધની ના પાડી છે - વાછરડાં ધાવતા હોય અને ફીણ નીકળતાં હોય તે ચાટવાની ના પાડી નથી. બીજા દિવસથી ઉપમન્યુ તે ફીણ ચાટીને ચલાવી લેવા માડ્યો. ચાલ્યું..... સંતોષી અને ખુશમિજાજી ઉપમન્યુ પહેલાં જેવો જ તંદુરસ્ત અને સ્ફુર્તિલો જણાતાં પાછા ઈર્ષ્યાળુ શિષ્યો ગુરુજી પાસે પહોંચ્યા અને ફરિયાદ કરી. ફરીથી ઉપમન્યુને ગુરુજીએ બોલાવ્યો અને માહિતી મેળવી. તેણે સત્ય જણાવતાં કહ્યું કે, વાછરડાં ગાયને ધાવે છે ત્યારે તેમના મોઢામાંથી ફીણ નીકળે છે તે ચાટીને ચલાવું લઉં છું. ગુરુએ કહ્યું શિષ્ય ઉપમન્યુ ! વાછરડાં દયાળુ હોય છે એટલે પોતે અડધા ભૂખ્યા રહીને તારા માટે ફીણ મુખેથી વહાવે છે તેથી ફીણ પણ ચાટવાની ના પાડી. ઉપમન્યુએ તે પણ વાત માન્ય રાખી. પહેલાંની જેમ જ ઉત્સાહ અને ખંતથી ગાયોની સેવામાં લાગી ગયો.

જંગલમાં ગાયોની પાછળ પાછળ ફરવાનું - બાળક છે એટલે જઠરાગ્નિ પણ તેજ હોય - ભૂખ સહન ન થાય - પણ ગુરુ આજ્ઞા એટલે ગુરુ આજ્ઞા. એક અઠવાડિયું સાવ નકોરડા ઉપવાસ થયા - ભૂખ સહન ન થવાથી એક દિવસ તેણે આકડાના પાન અને તેના ડોડવા ખાધાં. તેથી તેની ઝેરી અસર થવાથી તેની આંખે દેખાતું બંધ થઈ ગયું. હવે સાંજે આશ્રમમાં પહોંચવુ કેવી રીતે ? એક ગાયનું પૂંછડું પકડી પાછળ-પાછળ ચાલતો હતો. પણ વચ્ચે કૂવો આવ્યો. તે સમયે જ તેને ઠેસ વાગી અને ગાયનું પૂંછડું છૂટી ગયું અને કૂવામાં પડ્યો. ગાયો પણ નિત્યની ટેવ મૂજબ સાંજે આશ્રમમાં પહોંચી ગઈ પણ ઉપમન્યુ જોવામાં ન આવ્યો. તેથી તેના હિતેચ્છુ મિત્રોએ

ગુરુજીને જઈને વાત કરી. ગુરુજી ! ગાયો જંગલમાંથી આવી ગઈ પણ ઉપમન્યુને આવતો જોયો નથી. દિવાના અજવાળે અજવાળે થોડા શિષ્યોને લઈ ગુરુ જંગલમાં ઉપમન્યુની ભાળ લેવા નીકળ્યા. થોડા થોડા અંતરે બૂમો પાડે. બેટા ઉપમન્યુ ! તું ક્યાં છે ? કેમ જવાબ આપતો નથી! જંગલમાં ઘણે ઉંડે સુધી બૂમો પાડતા પાડતાં બધા જાય છે ત્યાં એક અવાવરૂ કૂવામાંથી અવાજ આવ્યો, ગુરુજી ! હું અહીં કૂવામાં પડી ગયો છું.

ગુરુ અને બધા શિષ્યો તે કૂવા પાસે પહોંચ્યા. દોરડાથી તેને બહાર કાઢ્યો. તેણે ગુરુને આંકડો ખાધાની વાત કરી અને તેના ઝેરને કારણે આંખે દેખાતું બંધ થયું છે. ગુરુએ તેને સાંત્વના આપી અને ધીરજ રાખવા જણાવ્યું. ગુરુ સામાન્ય માનવી ન હતા. તપોબળ ધરાવતા તપસ્વી હતા. તેમણે તપના પ્રતાપે દેવોના વૈદ્ય અશ્વિની કુમારોને બોલાવ્યા - અશ્વિની કુમારોએ તેની આંખ જોઈ ઋષિને કહ્યું. આંખ સારી થશે. અમે જે આપીએ તે ખાઈ જશે એટલે દેખાતું થઈ જશે. વૈદ્યરાજે એ માલપુવો ઉપમન્યુને ખાઈ જવા જણાવ્યું. પણ તે ખાતો નથી. વૈદ્યરાજ કહે છે વત્સ, ઉપમન્યુ દવા છે, માલપુઓ ખાઈ જા. પણ ખાતો નથી. ગુરુ મનમાં હરખાય છે અને જોયા કરે છે - ખાય છે કે નહી !

પણ આ તો ઉપમન્યુ - ગુરુ આજ્ઞા પરાયણ શિષ્ય - તેમની આજ્ઞા વગર ખાય ખરો ? પછી ગુરુએ આજ્ઞા કરી એટલે ઉપમન્યુએ માલપુઓ ખાધો અને તેની આંખનું તેજ પાછું આવી ગયું. અને પહેલાની જેમ જ દેખતો થઈ ગયો.

અશ્વિની કુમારો અને ગુરુ પણ તેની ગુરુભક્તિ - આજ્ઞા પાલન - સેવા પરાયણપણાથી ખુશ થયા અને આશીર્વાદ આપ્યા. બેટા ઉપમન્યુ ! વિદ્યાની દેવી સરસ્વતીની તારી ઉપર પૂર્ણ કૃપા ઉતરશે. તું મહાન વિદ્વાન થઈશ. અને જગતના લોકો તારી આ નિષ્ઠા અને શ્રધ્ધામાંથી પ્રેરણા લઈ જીવન જીવવાની કળા શિખશે તો તેમની ઉપર તેમના ગુરુની આશિષ અને પ્રસન્નતા ઉતરશે અને સુખી થશે.

નિષ્કુળાનંદ સ્વામી આ કથા ધીરજાખ્યાનમાં વર્ણવીને કહે છે કે -

**"એમ ગુરુની આજ્ઞા, જે પાળે પરમ સુજાણ,**
**નિર્વિઘ્ન તે નર થઈ, પામે પદ નિર્વાણ.**
**ગુરુ કૃપાએ સુખ પામીએ, ગુરુ કૃપાએ ઉપજે જ્ઞાન,**
**નિષ્કુળાનંદ ગુરુ કૃપા કરે, તો આપે અવિચળ દાન."**

પુરાણોમાં આલેખેલી ગુરુ મહિમાની આ કથાઓને સ્વામિનારાયણ ભગવાને સ્વીકારીને ટૂંકમાં શિક્ષાપત્રીમાં લખ્યું કે માતા, પિતા, ગુરુની સેવા જીવનપર્યંત કરવી.

●

## પંડિતજી પીગળ્યા ખરા

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

નવા વાસમાં સભા ભરાઈને બેઠી છે. શ્રીજી મહારાજ ઉચાં આસને બિરાજમાન છે. સર્વે સંતો, હરિભક્તો, બાઈ-ભાઈ શ્રીજી મહારાજની સન્મુખ બેઠા છે.

તેવા સમયમાં ખૂબ વિદ્વાન, પરંતુ ગર્વિષ્ટ એવો કેશવ પંડિત સભામાં પ્રવેશ કરે છે. કેશવ પંડિતને સભામાં આવતા જોઈ શ્રીજી મહારાજ ઉંચા આસનેથી ઉભા થઈ, નીચે પાટ પર આવી બેઠા. કેશવ પંડિત શ્રીજી મહારાજના સમીપ ચરણ પાસે આવી બેઠો. અને ઉચ્ચ સ્વરે ગર્વિષ્ઠની જેમ બોલવા લાગ્યો.

તમે ઈશ્વર કહેવાઓ છો પણ તમારામાં એવું કોઈ ઐશ્વર્ય જ નથી. તમે માત્ર મંત્ર-તંત્રના જાણકાર છો. મંત્ર તંત્ર વડે તમે આ બધા ભલા ભોળા મુમુક્ષુઓને ભરમાવ્યા છે. તમે સમાધિ કરાવો છે તેમાં પણ મને વિશ્વાસ નથી. અષ્ટાંગ યોગની સિદ્ધિ સિવાય પ્રાણનિરોધ થાય નહિ. ત્યારે તમે ગમે તે માણસને સમાધિ કેવી રીતે કરાવી શકો ? હે સ્વામિનારાયણ ! તમો વિદ્વાન કહેવાઓ છો તો હું તમને પ્રશ્ન પૂછું છું. તેના તમો મને ઉત્તર આપો.

ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા, અમને તો કંઈ જ નથી આવડતું. તમો તો વેદ-પુરાણ, ઈતિહાસ, ઉપનિષદોના ભણેલા છો. તેમાંનુ અમને કાંઈ જ નથી આવડતું. તમારે જે કાંઈ પૂછવું હોય તે આ બાળકને પૂછો. શ્રીજી મહારાજે સભામાં એક ચારણ પુત્રને બતાવતા કહ્યું. કેશવ પંડિત કહે, આ મેલા ઘેલા કપડાવાળો ચારણ પુત્ર શું મને વેદ વેદાન્તના જવાબો આપશે ! હા, પંડિતજી પૂછો તો ખરા, અમને તો કાંઈજ નથી આવડતું. આ બાળક પાસેથી જ અમે વેદ ભણીએ છીએ. અમે બધાં આ બાળક પાસેથી જ વેદ બોલતા શીખીયે છીએ.

ત્યારે અતિ ગુસ્સામાં આવી કેશવ પંડિત બોલવા લાગ્યો કે તમે આ શુદ્રને વેદ કેમ ભણાવ્યા છે ? વેદ તો કેવળ બ્રાહ્મણ જ ભણી શકે. ત્યારે શ્રીહરિ બોલ્યા કે કોઈ દ્રવ્યના લાલચુ બ્રાહ્મણે આ ચારણ પુત્રને વેદ ભણાવ્યા હશે.

ત્યાં તો આ બાળકે વેદ ઉચ્ચારણ ચાલુ કર્યું. આરોહ-અવરોહ સાથે જે વેદનું ગાન કરવા લાગ્યો તે જોઈ કેશવ પંડિત ચૂપ થઈ ગયો. એક નાનો બાળક ભૂલ પાડ્યા વગર પદ્ધતિસર સુંદર રીતે આટલી સરળતાથી આટલા બધા અઘરા શ્લોકો બોલે છે.

કેશવ પંડિતની જ્ઞાન શક્તિ, વિદ્વતા અહીં કામ લાગી. કેશવ પંડિતને નિશ્ચય થયો. ચોક્કસ આ બાળક નથી

બોલતો. આ તો બાળકમાં રહી ભગવાન સ્વયં ઉચ્ચાર કરે છે. એ સ્વયં ભગવાન બીજું કોઈ નહિ સર્વકારણના કારણ સર્વેશ્વર એવા સ્વામિનારાયણ ભગવાન જ છે.

કેશવ પંડિતની મનોવૃત્તિ ભગવાનમાં સ્થિર થઈ ભગવાનના સ્વરૂપનો સાક્ષાત્કાર થયો. સમાધિમાંથી જાગ્રત થતા ભગવાનના ચરણોમાં પડી માફી માંગવા લાગ્યો. સ્તુતિ કરી. હે પ્રભુ ! મેં તમને ન કહેવા યોગ્ય વચન કહ્યાં મને માફ કરો. મને તમારી શરણમાં રાખો. હે પ્રભુ ! મને સાધુ બનાવો. હવે મારે આ સંસારમાં નથી રહેવું. સદાય તમારા સંતો સાથે રહેવું છે.

તે સમયે કેશવ પંડિતના માતા સભામાં ઉભાં થઈ ગયા. દયા કરો પ્રભુ ! મારો એકનો એક પુત્ર છે. મારો એક જ આધાર છે. તમે તેને સાધુ ન બનાવશો.

શ્રીજી મહારાજે તે સમયે કેશવ પંડિતના મસ્તક પર હાથ મુકી કહ્યું તમારે સાધુ થવાની જરૂર નથી. તમે સંસારમાં જ રહો. સંસારની જવાબદારીઓ સંભળવાની સાથે સાથે અમારૂં ભજન-સ્મરણ કરજો તમારો મોક્ષ થશે.

સજ્જનો ! સ્વભાવ ગમે તેવો હોય પણ જો તે સત્સંગના રંગે રંગાય તો સ્વભાવ છૂટીને તે સદ્ભાવમાં પરિવર્તન પામે છે. અને બીજી વાત કે ગમે તેટલી વિદ્યા ભણ્યા હોઈએ પરંતુ એ વિદ્યા જો ભગવાનને ઓળખવામાં કામ ન લાગતી હોય, આત્મશ્રેય માટે કામ ન લાગતી હોય તો તે વિદ્યા ભૌતિક વિદ્યા છે. સાચી વિદ્યા એનું નામ કે ‘‘સા વિદ્યા યા વિમુક્તયે’’

જે મુક્તિ અપાવે એ સાચી વિદ્યા છે. કેશવ પંડિતની વિદ્યા એને ખરા સમયે ભગવાન ઓળખવામાં કામ લાગી ગઈ.

# પ્રેરણાદાયી પ્રસંગ

## બાલવા ગામના વૃદ્ધ હરિભક્તોનો યુવાનોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દર્શનનો સંકલ્પ પૂર્ણ કર્યો

(- શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાલવા)

વૃધ્ધાવસ્થામાં માણસ ખૂબજ અસહાય નિરાધાર બની જતો હોય છે. પણ સત્સંગના ધર્મના સંસ્કાર જો જળવાય તો તે વૃધ્ધ મા-બાપનો જીંદગીના છેલ્લા શ્વાસ સુધી સેવા કરીને સહારો બને છે.

હમણા તા. ૧૩-૧૧-૧૧ ને રવિવારના બાલવા ગામમાં વસતા શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળના અનન્ય નિષ્ઠાવાન યુવાન હરિભક્તોએ પ્રત્યક્ષ સેવા સહારો બનીને જીવનની સંધ્યાએ પહોંચેલા વૃધ્ધ હરિભક્તોનો સંકલ્પ પૂર્ણ કર્યો. જેમાં સહયોગી બન્યા બાલવાના જ વતી અને અમેરિકા વસતા પ.ભ. કાંતિભાઈ ગોવાભાઈ ચૌધરી !

અત્રે ગામના મહાદેવવાસ, શ્રીજીનગર, અંબાજી વાસ, છત્રીવાળી ભાગોળ અને મોટી ભાગોળના અંદાજે ૧૫૨ જેટલા વૃધ્ધોને કોઈને તેડ્યા, કોઈના હાથ ઝાલીને, કોઈને ઉંચકીને ગાડીઓમાં બેસાડી પ્રથમ અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવના દર્શન કરાવી, જેતલપુરમાં શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના દર્શન કરાવ્યા અને ત્યાં ઠાકોરજીનો થાળ જમાડ્યો. અહીંના મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજીએ યુવાનોની સેવાને બિરદાવતા કહ્યું કે બાલવા ગામને અને બાલવાના યુવાનોને ધન્ય છે ! તમે સૌ એ અદ્ભુત કામ કર્યું છે. સ્વામી ખૂબજ રાજી થયા.

ત્યારબાદ સૌ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ આવ્યા ત્યાં વ્હીલચેરની સુંદર સગવડ મળી ! વૃધ્ધોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દરેક હોલમાં દર્શન કરતા કરતા ભાવ વિભોર બની ગયા અને તેમાંય ૮ નંબરના હોલમાં તો પ્રત્યક્ષ શ્રીહરિ ઉભા છે તેવી અનુભૂતિ થઈ ! પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સત્સંગ માટે સંપ્રદાય માટે કેટલું કષ્ટ વેઠીને આવું ભગવાન શ્રી સ્વામિનારાયણનું અલૌકિક મ્યુઝિયમ સંપ્રદાયને અર્પણ કરી દીધું ! અહીંયાજ મહારાજ સાક્ષાત્ બિરાજે છે અને દરેકના સંકલ્પ પુરા કરે છે. દરેક વસ્તુના દર્શન કરતાજ પ્રત્યક્ષ મહારાજ મળ્યાનો સાક્ષાત્કાર થાય છે. સ્વયં ભગવાનના પુત્ર ભગવાન જ હોય અને તેજ આવું કરી શકે. બાલવા ગામના વૃધ્ધ હરિભક્તોનું સ્વપ્ન સાકાર પામ્યું.

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"સુખનું મૂળ ધર્મ છે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ, ઘોડાસર)

મનુષ્ય જીવન મળ્યા પછી માણસને સુખી થવું હોય તો માણસે ધર્મમય જીવન જીવવું જોઈએ. ધર્મ છે તે જ માનવનો સાચો મિત્ર છે. કેમ કે ? ધર્મને રાખવાથી જ માણસ સુખી થઈ શકે છે. તો ધર્મ એટલે શું ? અધર્મ એટલે શું ? ધર્મ ક્યાંથી પ્રગટ થાય છે ? ધર્મને ટકાવી રાખવા માટે શું જરૂરી છે ? અને ધર્મનો વિનાશ ક્યારે થાય છે ? તો આપણે પ્રથમ જોઈએ કે ધર્મ એટલે શું ? તો સમગ્ર માનવ સૃષ્ટિનું સંચાલન કરવા માટે પ્રકૃતિના જે નિયમો બનાવવામાં આવ્યા છે તેને ધર્મ કહેવામાં આવે છે. ધર્મના મુખ્ય ચાર ચરણ છે. સત્ય, તપ, પવિત્રતા અને કરુણા. તો સત્ય એટલે શું ? તો સત્ય એટલે જેનો ક્યારેય વિનાશ નથી થતો અને જેમાં ક્યારેય વધઘટ નથી થતી તેને સત્ય કહેવામાં આવે છે. તો સત્ય શું છે ? તો સર્વોપરિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે તે સત્ય છે. અને આપણા જીવનમાં દુઃખ આવી પડે તો પણ તેનો સમાનો કરીને ધર્મમાં રહેવું અને મન ન બગડવા દેવું તેને તપ કહેવામાં આવે છે. અને પવિત્રતા એટલે અત્યારે કળિયુગમાં જે અંદરની પવિત્રતા છે તે નથી રહેતી. બાહ્ય પવિત્રતા અને બધું સારુ જોવા મળે છે. તો શુદ્ધિ પણ રાખવી અને અંદરથી મનમાં કોઈના માટે ખરાબ ભાવ પણ ન થવો તેને પવિત્રતા કહેવામાં આવે છે. કરુણા એટલે શું ? તો અમુક પ્રસંગ જોઈને ક્યારેક દયા ઉપજે તેને દયા કહેવામાં આવે છે. અને જેના જીવનમાં કરુણા નથી હોતી અને માત્ર દયા જ હોય છે તે વ્યક્તિના જીવનમાં ક્યારેક નિર્દયતા પણ આવી જાય છે. પરંતુ જે મહાન વ્યક્તિઓ હોય છે તે કરુણાથી સભર હોય છે. તેમને સમગ્ર જીવ પ્રાણી માત્ર પર દયા હોય છે. તેને કરુણા કહેવામાં આવે છે. કહેવાય છે ને કે ધર્મ વિનાનો માણસ પશુ સમાન છે. તો પશુ અને મનુષ્ય વચ્ચેનો ભેદ જાળવવો હોય તો ધર્મ પાળવો પડે અને પશુ અને મનુષ્યમાં ભેદ પાડે એવી બે વસ્તુ મનુષ્યમાં મુખ્ય છે. (૧) મર્યાદા (૨) નીતિ તો મર્યાદા શું છે. નીતિ અને અનીતિ શું છે. એ બે વચ્ચે શું ભેદ છે. ધર્મ અને અધર્મને સમજી બન્ને વચ્ચે ભેદ પાડી શકે એવી સમજ અને બુદ્ધિ ભગવાને માણસને આપી છે. <u>અધર્મ શું છે.</u> તો ઉપર આપણે જોયું કે ધર્મ શું છે. તો આનાથી વિપરિત પરિસ્થિતિ હોય તેને અધર્મ કહેવાય છે. <u>ધર્મ ક્યાંથી પ્રગટ થાય છે ?</u> તો ધર્મને પ્રાપ્ત કરવા માટે બે વસ્તુ મુખ્ય જોઈએ. શુધ્ધિ અને સરળતા તો શુધ્ધિ અને સરળતા ક્યાંથી આવે ? તો સત્સંગમાંથી આવે છે. તો સત્સંગ એટલે શું ? તો સત્સંગ એટલે સત્યનું અંગ અને ધર્મનું સ્થાન શું છે ? તો સત્ય છે. અને સત્ય ક્યાંથી મળે છે ? સત્યની સાથે રહેવાથી તે સરળતાથી પ્રગટ થાય છે. અને સરળતા એટલે જીવનમાં અહંકાર ન હોવો જોઈએ. <u>ધર્મને ટકાવી રાખવા માટે શું જરૂરી છે ?</u> ધર્મ સત્સંગમાંથી પ્રગટ થાય છે. ધર્મ પ્રાપ્ત થયા પછી તેને ટકાવી રાખવા માટે ક્ષમા અને દયા જોઈએ. ક્ષમા અને દયા હોય તો જ ધર્મ ટકી શકે છે. કેમ કે કોઈએ આપણું કાંઈ ખરાબ કર્યું હોય તો દયા હોય તો જ ક્ષમા કરી શકશો. અને <u>ધર્મનો વિનાશ ક્યારે થાય છે ?</u> તો સ્વાર્થ અને મિથ્યાભિમાનથી ધર્મનો વિનાશ થાય છે. થોડું અભિમાન આવી જાય તો પણ જીવનમાં આવેલા ધર્મનો વિનાશ થઈ જાય છે. અને તમે ધર્મે સહિત ભક્તિ કરશો તો જ મહત્વની છે. નહિ તો તમારી કરેલી ભક્તિ વ્યર્થ જશે. અને જ્યાં ધર્મ અને ભક્તિ બન્ને હોય ત્યાં જ મહારાજનો વાસ થાય છે. અને મહારાજ છે ને તે સર્વોપરિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. એટલે તમે ભક્તિ કરો છો તેમાં બધા દેવ-દેવીની ભક્તિ આવી જાય છે. ભગવાન છે તે મૂળ છે. જો મૂળને પોષણ મળશે તો ડાળખી અને પાંદડા આપોઆપ ખીલશે. બીજા બધા દેવ-દેવીઓ ડાળખી અને પાંદડારૂપ છે. માટે જો તમે મૂળને પોષણ નહિ આપો ને ડાળખી અને પાંદડાની માવજત કરશો તો મૂળ પણ સુકાઈ જશે. એટલે ડાળખીઓ અને પાંદડા પણ સુકાઈ જશે માટે તમે નરનારાયણ દેવનો

અનન્ય આશ્રય રાખી ભક્તિ કરો તો તેમા બધા દેવ-દેવીની ભક્તિ આવી જાય છે. અને ઘણા લોકોને આપણે એમ સમજાવીએ છીએ કે બીજા મંદિરે ન જવું અને આપણા મૂળ સંપ્રદાયના મંદિરે જવું તો બધા એમ જવાબ આપે છે કે અહિંયા પણ ભગવાન છે અને ત્યાં પણ ભગવાન છે. આપણે તો ભગવાનના દર્શન કરવા છે ને ? એમાં શું વાંધો છે.તમે એવું કરશો તો તમારી પતિવ્રતાની ભક્તિ નહિ રહે. પતિની આજ્ઞાનું પાલન કરવું તેને જ પતિવ્રતાની ભક્તિ કહેવાય. મહારાજે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે પતિવ્રતાની ભક્તિ કરવી અને જે મૂર્તિની પ્રતિષ્ઠા આચાર્ય મહારાજે કરેલી હોય તે જ મૂર્તિની પૂજા કરવી. અને જે આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે, તો તે અમારા સંપ્રદાય થકી બાહેર છે. તો તે નિયમ અમે કે અગાઉના કોઈપણ આચાર્યશ્રીએ બનાવ્યા નથી પરંતુ મહારાજ ખુદ શિક્ષાપત્રીમાં બતાવીને ગયા છે. તો નર-નારાયણદેવનો આશ્રય રાખી પતિવ્રતાની ભક્તિ કરી શ્રીજી મહારાજને રાજી કરી લેવા.

●

### જેવા સંસ્કાર તેવું આચરણ

- સાંખ્યયોગી ઉષાબા (સુરેન્દ્રનગર)

બાળકને સંસ્કાર આપવાની વધારે જવાબદારી સ્ત્રીની હોય છે. માતા ધારે તો બાળકમાં સારા સંસ્કાર લાવી શકે છે. તેને અનુસરતો એક પ્રસંગ જોઈએ.

માર્કણ્ડેય પુરાણમાં એક વાત આવે છે કે, વિશ્વાસું ગંધર્વને એક કુંવરી હતું. તેનું નામ મદાલસા હતું. તેમના લગ્ન ઋતુધ્વજ રાજા સાથે થયા હતા. સાસરે આવીને આ સન્નારી જનક રાજાની જેમ વર્તવા લાગી. રાજ્યમાં રહેવા છતાં મીરાબાઈની જેમ કોઈ વિષયમાં બંધાણા નથી. અને ભક્તિમય જીવન ગાળે છે. સમય જતા એક પુત્રને જન્મ આપ્યો છે અને તેનુ નામ વિક્રાન્ત રાખવામાં આવ્યું છે.

બાળકને પારણિયામાં સૂવડાવીને હાલરડામાં બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપે છે : ''શુદ્ધોડસિ બુદ્ધોડસિ નિરંજનોડસિ.....'' ઈત્યાદિ આત્મા પરમાત્માનું જ્ઞાન આપતા મદાલસા કહે છે : ''હે વિક્રાન્ત ! તું મારો દીકરો નથી. તુ તો શુધ્ધ આત્મા છો, તુ માયાથી રહિત છો. સાંભળ હે આત્મા ! તું એવું સમજ કે આ દેહ તે હું નથી, દેહના સંબંધી મારા સગાઓ નથી,

હું તો ચૈતન્ય બ્રહ્માનું સ્વરૂપ છું. ''હું મન, બુદ્ધિ, ચિત કે અહંકાર નથી. હું કાન, જીભ, નાક અને નેત્ર નથી, હું આકાશ, પૃથ્વી, તેજ, વાયુ નથી, હું તો શુદ્ધ બ્રહ્મસ્વરૂપ છું. મારું ચિદાનંદ રૂપ છે. હું પંચપ્રાણ કે પંચવાયુ નથી. હું સાતધાતું કે પંચકોષ નથી. હું વાણી, હાથ, પગ, ઉપસ્થ કે ગુદા નથી મારુ તો સચ્ચિદાનંદ સ્વરૂપ છે. મારી કોઈ જાતિ નથી, મારાં કોઈ માતા-પિતા નથી કે મારો જન્મ ક્યાંય થયો નથી, તો પછી મૃત્યુની શંકા જ શું કરવાની ? અર્થાત્ મૃત્યુ પણ મારુ થતુ નથી. મારો કોઈ ભાઈ, મિત્ર, ગુરુ કે શિષ્ય નથી, હું તો ચિદાનંદ રૂપ છું.

આ રીતે હંમેશા ઉપદેશ આપીને વૈરાગ્ય કરાવ્યો, એટલે રાજ્યનો ત્યાગ કરીને વિક્રાન્ત જંગલમાં જતો રહ્યો, થોડા વર્ષો ગયા પછી બીજા પુત્રનો જન્મ થયો તેનું નામ સુબાહુ પાડ્યું. તેઓને પણ આ રીતના સંસ્કાર આપીને ત્યાગી કરી દીધો. ત્યાર પછી ત્રીજા પુત્રને જન્મ આપ્યો, શત્રુમર્દન નામ રાખ્યું. તેને પણ જ્ઞાન વૈરાગ્યનો ઉપદેશ આપી સંન્યાસી બનાવી દીધો, સમય જતા ચોથો પુત્ર થયો. તેનું નામ અલર્ક રાખવામાં આવ્યું. મદાલસાના પતિને ખ્યાલ આવી ગયો કે, ''વૈરાગ્યના સંસ્કારો આપીને મારી પત્નિ જ મારા પુત્રને સાધુ બનાવી દે છે, માટે આ પુત્રને હવે તેની પાસે રહેવા દેવો નથી. એમ નિશ્ચય કરી નાનો બાળક અલર્ક હતો તેને પોતાની પાસે મંગાવી લીધો અને માતાને મળવાનું બંધ કરાવી દીધું.

મદાલસાને મનમાં દુઃખ થયું : ''અરે ! આ માયામાં બંધાઈ જશે તો તેનો મોક્ષ બગડી જશે માટે ગમે તેમ કરીને તેને ત્યાગી બનાવુ તો જ સાચા અર્થમાં હું મા કહેવાઉ, કેમ કે કેવળ જન્મ આપવાથી મા કહેવાતી નથી. પોતાના પુત્રને જન્મ મરણ થકી છોડાવે તે જ સાચી મા બનાવાને લાયક છે. ''ત્યાર પછી મોટો પુત્ર વિક્રાન્ત સંન્યાસી થઈ ગયો હતો તેને પાછો બોલાવ્યો અને વાત કરી કે, ''તારા નાના ભાઈને તારા પિતા મારી પાસે આવવા દેતા નથી, માટે તું તારા પિતાને કહે કે, ગાદીનો વારસદાર તો હું છું માટે મને રાજગાદી આપો, એટલે તને રાજા બનાવશે અને નાના અલર્કને છુટો કરીને મારી પાસે મોકલશે. ત્યાર પછી હું તેને વૈરાગ્યનો ઉપદેશ આપી જંગલમાં મોકલી દઈશ.

પછી તું પણ જતો રહેજે.''

માતાની વાત સાંભળી વિક્રાન્ત પિતા પાસે જઈને રાજગાદીની માંગણી કરી, એટલે પિતાને આનંદ થયો અને તેને રાજા બનાવી દીધો. રાજા બન્યા પછી વિક્રાન્તે અલર્કને કહ્યું : તુ માતાને વંદન કરવા જજે.'' પછી અલર્ક મદાલસા પાસે જઈને પગે લાગ્યો, ત્યારે તેણે મસ્તક ઉપર હાથ મૂક્યો, તુરંત સમાધિ થઈ ગઈ ! પછી તેને સ્વર્ગનું સુખ અને પરમાત્માના ધામનું સુખ બતાવ્યું. પછી જમપુરી બતાવી તેમાં નરક યાતના ભોગવી રહેલા અસંખ્ય પાપીઓને મારતા બતાવ્યા. તે દ્રશ્ય જોઈને અલર્ક ગભરાઈ ગયો. પછી સમાધિ ઉતરી એટલે મદાલસાને હાથ જોડીને પૂછ્યું : હે માતા ! આટલું બધું દુઃખ કોણ ભોગવે છે. અને તેઓને શું કામ માર મારવામાં આવે છે?'' ત્યારે મદાલસા કહે : ''હે પુત્ર ! જમપુરીનું દુઃખ રાજાઓ અને તેના નોકરો ભોગવે છે. કારણ કે ખોટા ન્યાયો કરીને પોતાની પ્રજાને હેરાન કરે છે તેના કારણે તેઓને યમદૂતો જમપુરીમાં લઈ જઈ ખૂબ માર મારે છે અને હે પુત્ર ! પ્રથમ તેં જે સુખ જોયુ તે સુખની પ્રાપ્તિ, ધર્મ પાળનારને, ભક્તિ કરનારને તથા વૈરાગ્યવાનને મળે છે. તે સુખ મેળવવા માટે તારા ત્રણે ભાઈઓ રાજ્યનો ત્યાગ કરી તપ કરવા ગયા છે. પછી તારો જન્મ થયો એટલે તારા પિતા તને મારી પાસે આવવા દેતા ન હતા. કારણ કે હું તને તારા ભાઈઓની જેમ ત્યાગી બનાવી દઉં તેની બીકે કરીને તેઓ તને રાણીવાસમાં મોકલતા ન હતા. તુ રાજ્યના કારભારમાં જોડાયો એ જાણીને મને થયુ કે, તું હવે જમપુરીમાં જવાનો છે. એટલે તને છોડાવવા માટે તારા મોટાભાઈ વિક્રાન્ત ને બોલાવીને રાજા બનાવ્યો છે તો હવે તને યોગ્ય લાગે તેમ કર. જો તારે આ અવિનાશી સુખ જોઈતું હોય તો તપ કરવા જતો રહે અને જન્મ મરણ ગર્ભવાસ અને જમપુરીના દુઃખો ભોગવવા હોય તો રાજા બનીને રાજ્ય કર.'' માતાના આવા વચનો સાંભળીને તુરંત અલર્ક ત્યાગી થઈ ચાલી નીકળ્યો ત્યાર પછી રાજા બનેલ વિક્રાન્ત પણ માતાની આજ્ઞા લઈને જંગલમાં જતો રહ્યો.

હે ભક્તો ! આવી માતા તમોએ ક્યાંય જોઈ છે ? જે દીકરાઓને સાધુ થવાનો ઉપદેશ આપે.

એટલા માટે કવિઓ સ્ત્રીઓને સંબોધીને કહે છે કે હે ભારતની આર્ય સન્નારી ?

**''જનની જણતો જણજે, ભક્ત દાતા કાં શૂર,**
**નહિતર રહેજે વાંઝણી, તારૂં મત ગુમાવીશ નુર.''**

હે ભક્તો ! કેવો બાળક બનાવવો છે ? ભક્ત દાતા કે શૂરવીર, તે તમામ નો આધાર જન્મ આપનાર માતા-પિતા ઉપર છે.

●

### શ્રીહરિનો અપાર મહિમા

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

આ જગતમાં જે મનુષ્ય વધારે ધનવાન તથા ધર્મિષ્ટ હોય છે તે ખૂબ સુખી હોય છે. તેમજ એ મનુષ્ય ભગવાનનો જેટલો મહિમા વધારે જાણે છે તે મનુષ્ય તે પ્રમાણે વર્તે તો તે મનુષ્ય અતિ સુખને પામે છે. મહિમાનો અર્થ એ છે કે મ એટલે મરણ પછી હિ એટલે હિત થાય તેવો મા એટલે માલ આપે. મરણ પછી હિત થાય તેવો માલ આપે તેવા પરમેશ્વરના મહિમાને મહિમા કહેવાય છે. જેમ કે સમુદ્રમાં જેટલું પાણી છે તેટલી જો શાહી લઈને ભગવાનનો મહિમા લખવા બેસીએ તો તે સમુદ્ર જેટલી શાહી ખુટી જાય. પણ ભગવાનનો મહિમા ખૂટે નહિ. તેટલો ભગવાનનો મહિમા છે. તેના ઉપર એક સુંદર દ્રષ્ટાંત છે. જે, માનસરોવરમાં એક હંસ હતો. આ હંસને એક દિવસ વિચાર થયો કે લાવને મારા મિત્ર બીજા સરોવરના હંસને મળવા જાઉં. આવો વિચાર કર્યો. સાથો સાથ એમ પણ વિચાર થયો કે મિત્રને મળવા જવું પણ ઠાલે હાથે ન જવાય. માટે કંઈક ભેટ લેતો જાઉં. આમ વિચાર કરી આ હંસે તેના મિત્રને ભેટ આપવા એક ચંદ્રાકન્ત મણી સાથે લઈ મિત્રને મળવા ચાલી નીકળ્યો. મિત્રના સરોવરે પહોંચતા પહોંચતા રાત્રી પડી ગઈ. આ હંસ રસ્તામાં એક વૃક્ષ નીચે દુધીનો વેલો હતો તેને દુધી આવી હતી તે દુધીને કોચીને આ હંસે ચંદ્રકાન્ત મણિ તે દુધીમાં મૂકી દીધો. અને હંસ વૃક્ષ ઉપર રાત્રી આરામ કરવા લાગ્યો. સવાર પડી કે હંસ જાગ્યો. જાગતાની સાથે જ હંસ ઉડવા લાગ્યો. પણ પેલો ચંદ્રકાન્ત મણિ લેવાનું ભૂલી ગયો. હવે હંસ હંસના રસ્તે ગયો. અને મણી મણીની જગ્યાએ પડી રહ્યો.

હવે વાત એમ બની કે ગામડાના રિવાજ મુજબ સવારે

એક ગોવાળીયો ઘેટાં-બકરાં ચરાવવા નિકળ્યો. તે ફરતો ફરતો પેલા વૃક્ષ તળે આવી પહોંચ્યો. અને પેલી દુધીને તોડી ઘરે લઈ ગયો. ઘેર જઈને તે દુધીને સુધારવા લાગ્યો કે તેમાંથી પેલો ચન્દ્રકાન્ત મણિ નીકળ્યો. આ ગોવાળીયા એ વિચાર કર્યો કે આ દુધીમાંથી જે નંગ નીકળ્યો તેવો નંગ તો મારી કાબરી બકરીના ગળામાં પણ છે. આને શું કરવાનો લાવને આ પણ બકરીના ગળામાં બાંધી દઉં. આમ તે નંગને પેલા ગોવાળીયાએ બકરીની ગળામાં બાંધી દીધો. બીજા દિવસે સવારે ગોવાળ તે બકરાઓને ચરાવવા જતો હતો તેવામાં સામેથી એક શેઠ મળ્યા. તે શેઠે આ બકરીના ગળામાં બાંધેલા મણીનો મહિમા જાણી વિચાર કર્યો કે આ ગોવાળને આ મણીની કિંમત કેટલી છે તેની ખબર નહી હોય માટે આને બકરીના ગળામાં બાંધ્યો હશે. માટે લાવને હું આ મણી તેની પાસેથી થોડી કિંમતમાં વેચાતો લઈ લઉં. આમ વિચાર કર્યો. પાછો વિચાર આવ્યો કે ના ના મણી એકલો લેવા જઈશ તો નહિ આપે. માટે લાવને બકરી સાથે તે મણી વેચાતો લઈ લઉં. આમ વિચારી શેઠ ગોવાળ ને કહેવા લાગ્યો કે ગોવાળ મારે આ બકરી વેચાતી લેવી છે બોલો કેટલી કિમંત ? ગોવાળ કહે રૂપિયા પાંચ હોય તો બકરી મળે. શેઠ કહે કંઈ ઓછી કિંમત નહી. ગોવાળ કહે, વાણીયા ભાઈ રૂપિયા પાંચ સિવાય બકરીની વાત ન કરો. શેઠ કહે લો ત્યારે પાંચ રૂપિયા લાવો બકરી. ગોવાળે પાંચ રૂપિયા લઈ બકરી આપી. ત્યાં વિચાર આવ્યો કે મારી બકરી સાથે મારૂ ઘરેણું ગયું માટે લાવ શેઠને પાછા બોલાવી ઘરેણું લઈ લઉં. ગોવાળ શેઠને બોલાવી કહે છે કે શેઠ મેં તો તમને બકરી વેચાતી આપી. પણ ઘરેણું નથી આપ્યું. માટે ઘરેણું પાછું લાવો. શેઠ કહે, ભાઈ ગોવાળ, ''જેમ નાક વિનાનો માણસો શોભતો નથી'' તેમ ઘરેણા વિનાની બકરી શોભે ખરી ? માટે લો ગોવાળ આ એક રૂપિયો ઘરેણાનો લઈ જાઓ. આમ ઘરેણા સાથે બકરી વેચાતી લઈ શેઠ ઘરે ગયો. ઘેર જઈને શેઠે બકરીના ગળામાંથી પેલો ચન્દ્રકાન્ત મણી કાઢી લીધો અને રૂપિયા ૧૦૦ માં વેચી દીધો. અને બકરી રૂપિયા ૧૦ માં વેચી દીધી. જુઓ શેઠે રૂપિયા ૬ માં બકરી લીધી અને રૂપિયા ૧૧૦ માં ઘરેણા સહિત વેચી. શેઠે જેટલો આ મણીનો મહિમા જાણ્યો તેટલી કિંમત ઉપજાવી. પછી બીજા શેઠે તે મણી ૧૦૦૦ હજારમાં વેચ્યો. ત્રીજા શેઠે તે એક લાખમાં વેચ્યો. જેમ જેમ મહિમા સમજાયો તેમ તેની કિંમત વધતી ગઈ. હવે એક લાખમાં જે શેઠે મણી લીધો હતો તે શેઠે એક કરોડમાં વેચ્યો. ત્યાર પછી ઝવેરીએ એક અબજમાં વેચ્યો. આ રીતે જેમ જેમ હીરો આગળ ગયો તેમ તેમ તેની કિંમત પણ વધતી ગઈ.

પછી આ મણિ વેચવો ક્યાં ? તેનો પ્રશ્ન થયો. અને ઝવેરીએ વિચાર કર્યો કે નગરમાં ધનિષ્ઠ વેપારી છે તેને આપું. પછી ઝવેરી ધનાઢ્ય વેપારીને ઘેર ગયો. ત્યારે શેઠ ઘેર હતા નહિ. દીકરો કહે, શેઠજી મારા પિતાજી તો પરદેશ ગયા છે. બોલો તમારે શું કામ છે ? શેઠ કહે મારે આ મણિ વેચવો છે. દીકરો કહે લાવો મણિ. છોકરાએ મણિ જોયો અને કહેવા લાગ્યો કે બોલો શેઠ કેટલી કિંમત લેવી છે ? શેઠ કહે કે ભાઈ તમો આપો તેટલી. શેઠનો દીકરો કહે શેઠજી આ મણિની કિંમતમાં સવારથી સાંજ સુધીમાં તમારે જેટલું ધન લેવું હોય તેટલું ધન મારા ઘરેથી લઈ જાઓ. શેઠ તો એક બાજુથી ધન લેવા લાગ્યા. નગરના સઘળા માણસોએ વિચાર કર્યો કે આ છોકરો ગાંડો થઈ ગયો. કેમ કે એક નાનકડા નંગમાં આ બધું ધન આપવા બેઠો છે. એમ વિચાર કરી નગરના સઘળા માણસોએ તે છોકરાના પિતાને પરદેશથી કાગળ લખી બોલાવ્યા. પિતાજી આવ્યા ઘરમાં જોયું તો ધન દેખાય જ નહિ. પિતાએ તેના છોકરાને પૂછ્યું કે ભાઈ બધું ધન ક્યાં ગયું ? છોકરો કહે પિતાજી આ નંગના બદલામાં બધું ધન મેં વેપારીને આપી દીધું. પિતાજીએ નંગ જોયો અને કહેવા લાગ્યા કે મૂર્ખ જેની પાસેથી તેં એ ચન્દ્રકાંત મણિ વેચાતો લીધો છે તેને તેં છેતર્યો છે. કારણ કે સવારથી સાંજ સુધી જેટલું ધન તે આ નંગના બદલે આપ્યું છે તેના કરતા આ નંગની કિંમત વધારે છે. માટે તેં એને છેતર્યો છે.

પછી પિતાજી છોકરાને નંગની કિંમત બતાવવા ગયા. શરદપૂર્ણિમાની રાત્રે એક મોટી થાળી લઈ તેમાં પાણી ભરી પછી આ નંગને તે પાણી ભરેલી થાળીમાં મૂક્યો અને રાત્રીએ અગાસી ઉપર આ થાળી મૂકીને બાજુમાં બેઠા.

જ્યાં પૂર્ણિમાનો ચંદ્ર બરાબર મધ્યે આવ્યો અને આ ચન્દ્રકાન્ત મણિ અને ચંદ્રના કિરણો એકાગ્ર થયા કે તુરત

સોનાની વૃષ્ટિ થઈ અને અગાસી આખી સોનાની ભરાઈ ગઈ. જ્યાં ચંદ્રનાં કિરણો ત્રાંસાં થયા કે સોનાની વૃષ્ટિ થતી બંધ થઈ ગઈ. આમ દર શરદ પૂર્ણિમાએ આ ચંદ્રકાન્ત મણિ આપણને આટલું સોનું આપશે. આ રીતે મણિનો જેટલો મહિમા જાણ્યો તેટલી તેની કિંમત ઉપજાવી.

આ પ્રમાણે શ્રીહરિનો મહિમા જે મનુષ્ય જેમ વધારે જાણે તેમ વધારે સુખીયા થાય છે. માટે શ્રીહરિનો મહિમા જાણવા તત્પર રહેવું. પણ પાછા ન પડવું.

●

## સર્વોપરિ શુધ્ધ ઉપાસના

- સાંખ્યયોગી ગીતાબા (વિરમગામ)

આજે અક્ષરધામમાં પરબ્રહ્મ પુરૂષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણ અનંત મુક્તો અને ભગવાનના અનંત એકાંતિક સંતો ભક્તો મધ્યે બિરાજમાન થઈ આપણા સૌ ઉપર ખૂબ રાજી થતા હશે. આ ઘોર કળિકાળમાં વ્યાપેલા અધર્મનો નાશ કરી સધર્મની સ્થાપના કરી શુધ્ધ સર્વોપરિ ઉપાસના અને પતિવ્રતાની એકાંતિક માહાત્મ્ય સહિતની ભક્તિનો માર્ગ ભગવાન શ્રીહરિએ આજથી ૨૦૦ વર્ષ પૂર્વ આ બ્રહ્માંડને વિષે પ્રર્વતાવીને મોક્ષની એક અનેરી રાહ જે આપી હતી તે ઉપાસના ભક્તિના માર્ગનો આપણા નંદસંતોએ નિષ્કંટક અને સરળ બનાવવાને માટે પોતાના દેહની પરવા કર્યા વિના પોતાની જાત ઘસી નાખી છે. ભગવાન શ્રીહરિની આજ્ઞામાં વર્તન રાખીને તેઓના વચન પ્રમાણે જેમ મનની વૃતિ ફરે તેમ પોતાના જીવનને ઢાળીને સંતો ભક્તોએ આ મોક્ષમાર્ગને વધુ સરળ કર્યો છે.

જેમ સમુદ્રને કાંઠે રહેતા હોય તેને ખ્યાલ હોય કે સમુદ્રમાં દર વર્ષે કાંપ ભરાતો જતો હોય છે. વ્યક્તિ પોતાના ઘરમાં પણ સમયે સમયે માવજત ન કરે તો તે ઘર અવાવરૂં સ્થાન થઈ જાય ને રહેવાનું સુખ ન આવે. એમ જે ઉપાસના ભક્તિના માર્ગથી આ સંપ્રદાયની વાડી ભગવાન શ્રીહરિએ તથા સંતોએ લીલીછમ પલ્લવિત કરી છે. આ મેં કર્યું આ હું કરૂ છું એવો કર્તાપણાનો રાગ એ અહંતા છે. અને આ મારૂ ઘર છે.'' ''મારો પુત્ર છે.'' ''મારી વાડી છે.'' આમ કોઈ પણ વ્યક્તિ કે વસ્તુના માલિક થાવુ એ મમતા છે. આ અહંતા અને મમતા એજ મોટી માયા છે. અને આ માયામાંથી વૃતિ કાઢીને જે સતત શ્રીહરિની સ્મૃતિ રાખે છે તે જ મુક્ત છે. માટે મુમુક્ષોએ માયિક સુખ અને માયિક આકારથી ડરતા રહેવું. અખંડ શ્રીહરિને સંભારતા રહેવું. જ્યારે સ્મરણ ગયું ત્યારે મરણ થયું એમ માનવું. માટે જેટલું થાય એટલું બળ કરીને અખંડ શ્રીહરિને સંભારવા. કેમ જે, આપણો જન્મ અખંડ સ્મૃતિ કરવા માટે જ છે. તે ક્યારેય ભૂલવું નહીં. દરેક મનુષ્યને સુખ જોઈએ છે. અને ભગવાન સાથે જ વિરોધ. કાંઈક ખરાબ થાય દુઃખ આવે તો કહે કે મને જ કેમ ભગવાન આમ કરતા હશે.

પણ પોતે મનમા વિચારે તો ખ્યાલ આવે કે હું સત્સંગી છું પણ નિયમ કેટલા પાળુ છું. ધર્મ કેવો પાળુ છું. ઉપાસના છે ચોખ્ખી ? આ કાંઈ વિચારવું નથી અને પછી ભગવાનને કહેવુ કે હે ભગવાન મને જ દુઃખ ! સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત હોય, શિક્ષાપત્રી પ્રમાણે વર્તતો હોય તો તેને દુઃખ આવેજ નહિ. આજ્ઞા પાળવી નથી, ઉપાસના ચોખ્ખી નથી તો દુઃખ આવવાનું જ. જ્યાં ખીચડું ખાવા મળે ત્યાં જવું. આવી તો આપણી ઉપાસના છે. પૂ. મહારાજશ્રી તથા પૂ. ગાદીવાળાના ગુરુમંત્ર હોય અને બધેય હરાયા ઢોરની જેમ ભટકવાનું ! ક્યાંથી શ્રીજીમહારાજ રાજી થાય. બોલતા ચાલતા દેવ આપણી પાસે છે. અમદાવાદના એક પ્રાણવલ્લભ કરીને હતા. તેમણે એવો સંકલ્પ કર્યો કે મારે દરેક મંદિરોએ જવું અને જે મંદિરના દેવ હાર માગે ત્યાંના ભગત મારે થાવું. હવે આ ભાઈ દરેક મંદિરે જાય, હાથમાં હાર લઈને ફરે. છેલ્લે જ્યાં અમદાવાદ કાલુપુર મંદિરના પગથીયા ચડે છે અને ઘાટ સંકલ્પ બંધ ! શ્રીનરનારાયણદેવના દર્શન કરવા આગળ ગયા ત્યાં જ શ્રીનરનારાયણ દેવ બોલ્યા લાવ ભક્ત હાર ક્યાં સુધી આમ તેમ ફેરવીશ ! દેવે હાર માગી લીધો ! શું નરનારાયણ દેવને હાર નથી મળતો એટલે માગ્યો. ના, ના, ભક્તનો ભાવ પુરો કરવા માગ્યો હતો. આ અલૌકિક દેવ, આ અલૌકિક સ્થાન આપણી પાસે છે. શા માટે બીજે જવું પડે. જેણે તમને વ્રતમાન ધારણ કરાવ્યા છે જેણે તમને ગુરુમંત્ર આપ્યો છે એની જીભ ઉપર પગ ન મુકશો. બે દાંત વચ્ચે જીભને કચરો કેટલી વેદના થાય છે તેનો ખ્યાલ આવે. બસ આ ધ્યાન રાખજો. છેલ્લે અંતમાં સર્વોપરિ નરનારાયણદેવ સર્વેને શુધ્ધ ઉપાસનાના માર્ગે ચાલવાનું બળ આપે એજ તેમના ચરણોમાં પ્રાર્થના.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

**પ્ર. : ૧** કુસંગના પ્રકાર જણાવો.

**પ્ર. : ૨** જેને ભગવાનના ભક્તનો અવગુણ આવે તેને કોના જેવો જાણવો ?

**પ્ર. : ૩** માળા ના પ્રકાર જણાવો.

**પ્ર. : ૪** ભગવાનનો ખરો ભક્ત કોણ કહેવાય ?

**પ્ર. : ૫** અષ્ટ પ્રકારની મૂર્તિ કઈ કહી છે.

**પ્ર. : ૬** મંદિરોમાં ભગવાનની પ્રદક્ષિણા ક્યારે ન કરી શકાય ?

**પ્ર. : ૭** ''મોરે મંદિર આજ બધાઈ, ગાવો મંગલ ભાઈ રે,'' - કીર્તનના રચયિતાનું નામ શું છે ?

## નવેમ્બર-૨૦૧૧ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** ડભાણના યજ્ઞમાં શ્રીજી મહારાજે અસુરખળ લોકોને કહ્યું. **(૨)** ''જમતા જમતાં દાઢે જડાવે તે વિમુખ.'' **(૩)** લાડુબા. **(૪)** ગ.પ્ર.પ્ર. ૪૦. **(૫)** જીવ, ઈશ્વર, માયા તેના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. **(૬)** સ.ગુ. પ્રેમાનંદ સ્વામી. **(૭)** સાંગ, ઉપાંગ, સાલીલ્ય, સપાર્સદ

૧. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (પ્રભા હનુમાનજી જમીયતપુરા)
૨. સ્વામી ચંદ્રપ્રકાશદાસજી (માણસા)
૩. ગજ્જર અરૂણ દેવેન્દ્રભાઈ (માંડલ)
૪. પટેલ જીતુભાઈ આર. (નાના ઉભડા)
૫. નારણભાઈ પટેલ (નડિયાદ)
૬. મૂળજીભાઈ કાનજીભાઈ પટેલ (દયાપર-કચ્છ)
૭. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુર)
૮. સાં. કોકિલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૯. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૧૦. પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૧૧. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૧૨. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૧૩. પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૧૪. પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૧૫. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૧૬. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૧૭. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૧૮. હેતાર્થ - પ્રયાગ (ન્યુરાણીપ)
૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર (હર્ષદ-બાપુનગર)
૨૦. સાં. શિલ્પાબા, શિતલબા (હવેલી અમદાવાદ)
૨૧. સાં. ગોપીબા, લલીતાબા (રામપરા)
૨૨. સાં. રંજનબા તથા નાનીબેન (વિરાટનગર)
૨૩. આદ્રોજા માધવજીભાઈ હરખજીભાઈ (મોરબી)
૨૪. અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૨૫. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૨૬. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૨૭. પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)
૨૮. પટેલ કોકિલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૨૯. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૩૦. મોદી અમૃતલાલ ક. (સોજા)
૩૧. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૩૨. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૩૩. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૩૪. ભાવસાર અરવિંદાબેન એન. (ચાંદલોડીયા)
૩૫. સાં. ભારતીબા, મંજુબા (હવેલી અમદાવાદ)
૩૬. સાં. શિલ્પાબા, શિતલબા (હવેલી અમદાવાદ)
૩૭. ભાવસાર વિણાબેન આર. (અમદાવાદ)
૩૮. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૩૯. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર
૪૦. ભાવસાર કપીલાબેન નટવરલાલ (લાંઘણજ)
૪૧. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૪૨. ભાવસાર પલ્લવીબેન વિજયકુમાર (લાંઘણજ)
૪૩. વસંતીબા અને શકરીબેન (લાંઘણજ)
૪૪. ભાવસાર રીનાબેન નિતેશકુમાર (લાંઘણજ)
૪૫. ભાવસાર મિતેષકુમાર વિજયકુમાર (લાંઘણજ)
૪૬. પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૪૭. પટેલ ગર્વિતભાઈ શશીકાંતભાઈ (ગોધરા)
૪૮. ખંધડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૪૯. પરમાર ભાનુબેન બી. (બોડકા)
૫૦. કાછીયા રૂષિકેશ મનોજકુમાર (લુણાવાડા)
૫૧. ઘર સભા લુણાવાડા
૫૨. કા. રૂપલબેન કંચનબેન (લુણાવાડા)
૫૩. પટેલ પ્રવિણભાઈ બી. ન્યુજર્સી
૫૪. પટેલ કોકિલાબેન પી. (ન્યુજર્સી)
૫૫. સોની વર્ષાબેન અરવિંદભાઈ (મેમનગર)
૫૬. સાં. કંચનબા, સાં. કુંદનબા (મેડા)
૫૭. રૂક્ષ્મણીબેન સુખદેવભાઈ (મેડા)
૫૮. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)

## સત્સંગ સમાચાર

**અમદાવાદશ્રી રંગમહોલ ઘનશ્યામ મહારાજનો ૧૨૬ મો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને પૂજારી રામ સ્વામીની પ્રેરણાથી પ.ભ. અમિતભાઈ પી. મનાણી, પ.ભ. ઓમપ્રકાશ સી. માતાવાલા અને પ.ભ. રૂપલબેન ડી. ગોહીલ (કાંદાવલી મુંબઈ)ના યજમાન પદે રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજનો ૧૨૬ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

કારતક સુદ-૧૨ ના પ્રાતઃ ૬-૩૦ થી ૭-૦૦ વાગ્યા સુધી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર અભિષેક થયો. ત્યારબાદ અન્નકૂટની આરતી થઈ હતી. આ પ્રસંગના દર્શનાર્થે હજારો ભાવિક હરિભક્તો ઉમટ્યા હતા. પ્રાસંગિક સભામાં યજમાન પરિવારે પ.પૂ. મહારાજશ્રીનું પૂજન આરતી કરી ભેટ ધરી આશીર્વાદ મેળવ્યા હતા. (રામ સ્વામી, પૂજારી)

**શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ**

સર્વોપરિ શ્રીહરિની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી પ.ભ. વિનોદરાય ગણપતરામ શેલત અને પ.ભ. શારદાબેન વિનોદરાય શેલતના શુભ સંકલ્પથી તેમના ચિ. સુપુત્ર પ.ભ. કિલ્લોલભાઈ અને તેમના ચિ. શ્રી શ્યામભાઈ આદિ પરિવાર તરફથી અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અને ધર્મવંશીની શુભ નિશ્રામાં તા. ૨-૧૧-૧૧ થી તા. ૮-૧૧-૧૧ પર્યન્ત શ્રીહરિને પ્રિય એવું શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રની સપ્તાહ પારાયણ સંપ્રદાયના સુપ્રસિધ્ધ વક્તા પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી તથા સ.ગુ. શા.સ્વા. વિશ્વવલ્લભદાસજીના વક્તા પદે ધામધૂમથી સંપન્ન થઈ હતી. સંહિતા પાઠના વક્તા પદે સ.ગુ. પુરાણી સ્વામી ધર્મજીવનદાસજી બિરાજ્યા હતા. સાતેય દિવસ યજમાન પરિવાર અને તેમના સગા સ્નેહીઓએ કથામૃતરૂપી અમૃત વાણીનો અલૌકિક લાભ લીધો હતો. સાતેય દિવસ ઠાકોરજીને થાળ, ફુલહાર સંત વર્ણી પાર્ષદોને ૨ દિવસ રસોઈ અને સંતોને મૂર્તિમાન ધોતીયા, તમામ ઠાકોરજીની મૂર્તિઓને સુંદર અલૌકિક વાઘા અને ધર્મકુળને ભેટ આદિ યજમાન પરિવારે કરીને ખૂબજ ભાગ્યશાળી બન્યા હતા. સમગ્ર પ્રસંગમાં કોઠારી પાર્ષદ દિગંબર ભગત, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી, જે.કે. સ્વામી આદિ સંત મંડળે સુંદર સેવા કરી હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી યજમાન પરિવાર ઉપર રાજી થઈને રૂડા આશીર્વાદ આપ્યા હતા. તેજ રીતે બહેનોને પણ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા.

(મુનિ સ્વામી)

**મુબારકપુરમાં પ્રથમ વાર્ષિક પાટોત્સવ ત્રિદિનાત્મક કથા તથા ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં તથા પૂ. સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મંદિર મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર મુબારકપુરનો પ્રથમ વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં ત્રિદિનાત્મક ધીરજાખ્યાન કથા તથા ભવ્ય શાકોત્સવ તા. ૧૩-૧૧-૨૦૧૧ થી તા. ૧૫-૧૧-૧૧ પર્યન્ત ઉજવાયેલ.

પાટોત્સવ અને પારાયણના મુખ્ય યજમાન પ.ભ. રણછોડભાઈ મોતીભાઈ પટેલ, હા. પ.ભ. મહેશભાઈ રણછોડભાઈ પટેલ પરિવારે અલભ્ય મહા લાભ લીધો હતો. પારાયણના વક્તા પદે સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ વ્યાસપીઠ પર બિરાજી કથામૃતનું પાન કરાવ્યું હતું. પ્રથમ દિને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ કથામાં પધારી બહેનોને દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો. બીજા દિવસે સાંજના સત્રમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા અને સભામાં રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને શ્રીહરિ શાકોત્સવ કરતા તેવોજ પ્રત્યક્ષ શાકોત્સવનો વઘાર કરી પ્રત્યક્ષ મહારાજના દર્શનની ઝાંખી કરાવી હતી. આ પ્રસંગે ધામોધામથી સંતો પધાર્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ મુબારકપુરના ઉત્સાહી યુવકોની સેવા પ્રેરણારૂપ હતી.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી કોટેશ્વર ગુરુકુળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ શરદોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના પાવન સાનિધ્યમાં અને સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મંદિર મહંતશ્રી) ના માર્ગદર્શનથી પ.ભ. ડાહ્યાભાઈ નારણદાસ પટેલ પરિવાર હ. મેહુલ અને પૂરવ અને સમસ્ત પરિવારના મુખ્ય યજમાન પદે તા. ૧૧-૧૦-૧૧ આસો સુદ-૧૫ ને મંગળવારે શ્રીઘનશ્યામ મહારાજના શુભ સાનિધ્યમાં ભવ્ય શરદોત્સવ ઉજવાયો.

આ પ્રસંગમાં લાભ લેવા હજારો ભક્તજનો ઉમટ્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મડળ સાથે શરદોત્સવમાં પધાર્યા હતા. સાથે અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી આદિ સંતો પધાર્યા હતા. પ્રથમ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી યજમાન પરિવારે ઉતારી

હતી. ત્યાબાદ સમૂહ આરતી અને ગવૈયા શ્રી હસમુખભાઈ પાટડીયા અને શ્રી પૂરવ પટેલે કીર્તન ભક્તિનો સુંદર લાભ આપેલ. રાસ રમતા સારા ખેલૈયાઓને મહંત સ્વામી દ્વારા ઈનામ અને છેલ્લે સૌને દૂધપૌંવાનો પ્રસાદ આપવામાં આવેલ. સભા સંચાલન શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ કર્યું હતું.

(બાલસ્વરૂપ સ્વામી)

**શ્રીહરિના પ્રસાદીભૂત વિહાર ગામે શ્રીમદ્ ભાગવત પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી તથા સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) તથા સ.ગુ. ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજીની પ્રેરણાથી અ.નિ. દ્વારકાદાસ કચરદાસ પટેલ (દાસભાઈ આંગડીયા) તથા ગં.સ્વ. શારદાબેન દ્વારકાદાસ પટેલ તથા ગં.સ્વ. જોઈતીબેન મંગળભાઈ પટેલના શુભ સંકલ્પથી પ્રસાદીભૂત વિહાર ગામે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ તા. ૨૮-૧૦-૧૧ થી તા. ૧-૧૧-૧૧ સુધી થઈ હતી. જેના મુખ્ય યજમાનપદે અ.નિ. કચરાભાઈ ભગવાનદાસ પટેલ પરિવારે લાભ લીધો હતો. કથાના વક્તાપદે સ.ગુ.શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ બિરાજી કથામૃત પાન કરાવ્યું હતું.

આ પ્રસંગે ધામોધામના સંતો પધાર્યા હતા. જેમાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી) આદિ સંતોએ પ્રેરક પ્રવચન કરેલ. યજમાન પરિવારના આમંત્રણને માન આપી પ્રથમ દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રી અને પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગમાં શા. સ.ગુ. નાના પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી) પ્રેરક રહ્યા હતા. (શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી કોટેશ્વર ગુરુકુળ)

**પ્રસાદીના કુંડાલ ગામે પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા અ.નિ. ખોડીદાસ ચતુરદાસ પટેલ, અ.નિ. રેવાબેન ખોડીદાસ પટેલ તથા ભાઈશ્રી દશરથભાઈ ખોડીદાસના સ્મરણાર્થે તા. ૩-૧૧-૧૧ થી તા. ૭-૧૧-૧૧ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી તથા સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીના વક્તાપદે સુંદર સંગીતમય શૈલીમાં થઈ હતી. આ પ્રસંગે અમદાવાદ મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી અને સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ મંદિર) આદિ સંત મંડળ સાથે પધારી ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ.ભ. ચંદુભાઈ ખોડીદાસ પટેલ આદિ પરિવારે યજમાન બની મહા લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. કાર્યક્રમના માર્ગદર્શક શા. નાના પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી) રહ્યાં હતાં.

(અશ્વિનભાઈ નવા વાડજ)

**શ્રીહરિના પ્રસાદીભૂત ગવાડા ગામે ત્રિદિનાત્મક રાત્રીય સત્સંગ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી તથા પ.ભ. અંબાલાલ કોદરદાસ પટેલ તથા અ.સૌ. રૂખીબેન અંબાલાલ પટેલની જીવન ચર્ચા નિમિત્તે તા. ૩૧-૧૦-૧૧ થી તા. ૨-૧૧-૧૧ પર્યન્ત ત્રિદિનાત્મક ભક્તિ આખ્યાન કથા સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે થઈ હતી. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી અને સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતોએ પ્રાસંગિક પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભા અને યજમાન પરિવારને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન સ.ગુ.શા.સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીએ (નારાયણઘાટ મહંતશ્રી) સંભાળ્યું હતું.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા**

મારૂતિ યજ્ઞ: શ્રીહરિએ કાંકરિયા તળાવે શહેર ચોર્યાસી કરેલ અને તે પ્રસાદીની ભૂમિ પર આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ ધર્મકુળના કુળદેવતા શ્રી કષ્ટભંજનદેવનું સ્થાપન કરી પ્રતિષ્ઠા કરી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી કાંકરિયા મંદિરના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા મહંત સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી ભવ્ય મારુતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞની પૂર્ણાહુતિ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત થઈ હતી. પ્રાસંગિક સભામાં સંત-હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. નૂતન વર્ષના ઠાકોરજીને ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવેલ. જેના દર્શનનો લાભ હજારો હરિભક્તોએ લીધો હતો.

<u>લાભ પાંચમનો સમૈયો</u>

કારતક સુદ-૫ લાભ પાંચમના બાલ સ્વરૂપ કષ્ટભંજન દેવના સમૈયો પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ કષ્ટભંજનદેવનો અભિષેક કરી સભામાં હરિભક્તોને નૂતન વર્ષના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે હજારો હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. મહંત સ્વામી અને સંત મંડળે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. અને પ્રસાદનું વિતરણ કર્યું હતું. (ડૉ. હિરેન પટેલ કાંકરિયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર આંતરોલીનો બીજો પાટોત્સવ ઉજવાયો**

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોથી અંકિત આંતરોલી ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આંતરોલી ગામના મંદિરનો દ્વિતીય પાટોત્સવ તથા નાથદ્વારા મંદિરના પ્રણેતા તથા ધર્મકુળના નિષ્ઠાવાન અને સેવાનિષ્ઠ સ.ગુ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી (દાદા સ્વામી) ના હેત રૂચિવાળા હરિભક્તો તરફથી તેમની સત્સંગની વિવિધ સેવા અને શ્રીજી મહારાજને ખરા ઓળખાવવા વગેરે પ્રવૃતિ કરનાર સંતનું ઋણ અદા કરવા અમૃત મહોત્સવનું આયોજન તેમના શિષ્ય સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા) દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રથમ દિને જેતલપુરધામથી પૂ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. શ્યામચરણદાસજી સ્વામી, અમદાવાદ મંદિરના મહંત પૂ.

શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. પુરાણી સ્વામી જગતપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વામી અખિલેશ્વરદાસજી આદિ સંતોએ મંગલદિપ પ્રાગટ્ય કર્યું હતું. ત્યારબાદ અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું શુભ આગમન થતા સંત-હરિભક્તોએ ખૂબજ ભવ્યાતિ ભવ્ય શોભાયાત્રા કરી સ્વાગત સામૈયુ કર્યું હતું. પ્રથમ સ.ગુ. વિવેક સ્વામીએ સંતો સાથે પૂ.મહારાજશ્રીનું અભિવાદન કરી આવકાર્યા હતા. શોભાયાત્રા પૂર્ણ થતા જ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારવા પધાર્યા હતા. ત્યાંથી સભામાં વિરાજમાન થયા હતા.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન તા. ૩-૧૧-૨૦૧૧ થી ૯-૧૧-૨૦૧૧ પર્યન્ત સ.ગુ. મહંત શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (નારણપુરા)એ કથામૃત પાન કરાવ્યું હતું. સહિંતા પાઠમાં સ.ગુ. શા. સ્વામી ભક્તિવલ્લભદાસજી બિરાજ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન ચિત્તે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગમાં સભા સંચાલન સ.ગુ. શા.સ્વામી વાસુદેવચરણદાસજીએ શોભાવ્યું હતું.

રસોડાની સેવામાં સ.ગુ. બળદેવ સ્વામી (બાપૂ) સ.ગુ. વિશ્વપ્રકાશદાસજી (લાલોડા) મહંતશ્રી કે.પી. સ્વામી (જેતલપુરધામ) અનિરૂધ્ધ સ્વામી, (મૂળી) મુકુન્દ સ્વામી, સ્વયંપ્રકાશદાસજી, આનંદ સ્વામી (નાથદ્વારા) નરેન્દ્ર ભગત, જીતુ ભગત, જયદિપ ભગત, ભોગીલાલ ભગત અને ગુલાબ ભગતની સેવા પ્રેરણારૂપ હતી.

પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો વેદોક્ત અભિષેક વિધિવત થયો હતો. છેલ્લે સમસ્ત સભાને અને ભંડારી સ્વામીને પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ભંડારી સ્વામીના હેતરૂચિવાળા અમેરિકા, અમદાવાદ, લસુન્દ્રા, આંતરોલી, વાસણા, ભાટેરા, સલાલ અને બાવસર ગામના હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરીને જીવન ધન્ય બનાવ્યું હતું. (કોઠારીશ્રી, આંતરોલી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાબડીયા (પંચમહાલ)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. પૂ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂજ્ય શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણાથી કારતક સુદ-૧ ના રોજ ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવેલ. આ પ્રસંગે કોઠંબા ખારોલ, મેરાની મુવાડી આદિ ગામોના હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

(કા. હરિકૃષ્ણભાઈ)

**પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તથા શા. ઘનશ્યામ સ્વામીની પ્રેરણાથી કાળી ચૌદશના પ્રભા હનુમાનજી મહારાજ સમક્ષ મારૂતિ યજ્ઞ, સુંદર કાંડ, અન્નકૂટ અને સત્સંગ સભા અને મહાપ્રસાદનું આયોજન થયું હતું.

આ પ્રસંગે સ.ગુ. પુરાણી સ્વામી જગતપ્રકાશદાસજી, મુળીથી સ્વામી હરિસ્વરૂપદાસજી, પ્રેમસ્વરૂપ સ્વામી, જે.પી. સ્વામી, વિષ્ણુ સ્વામી, વિજય સ્વામી, ઉતમ સ્વામી, ચંદ્રપ્રકાશ સ્વામી આદિ સંતો પધાર્યા હતા. પ.ભ. દશરથભાઈ પટેલ અને પ.ભ. રતિભાઈ પટેલ (સ્કીમ કમિટિ સભ્યશ્રી) આદિ હરિભક્તો પણ પધાર્યા હતા. યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

(વિરેન ઠક્કર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને અત્રેના મહંત શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીની પ્રેરણાથી એકાદશી સત્સંગ મંડળનો પ્રારંભ કારતક સુદ-૧૧ ને તા. ૬-૧૧-૧૧ ને રવિવારે પ.ભ. વિષ્ણુભાઈ કેશવલાલ પટેલના ઘરે કીર્તન ભક્તિ અને કથાવાર્તા કરીને કરેલ. આ સભા દર એકાદશીના જુદાં જુદાં હરિભક્તોને ત્યાં થશે. આ પ્રસંગમાં પ.ભ. જયંતીભાઈ કાલીદાસ પટેલે તેમના પિતાશ્રીના સ્મરણાર્થે સંગીત સાધનોની સારી સેવા કરી હતી.

માણસા પાસેના અંબોડ ગામે તા. ૭-૧૧-૧૧ ના રોજ પ.ભ. ચાવડા હરિસિંહ છગનજી, ચાવડા નવુભા હરિસિંહની જીવતચર્યા નિમિત્તે શ્રી નરનારાયણદેવ આદિ દેવોને થાળ અને માણસા મંદિરમાં રસોઈ આપી હતી. માણસા મંદિરના સંતોએ કથાવાર્તા કરીને લાભ આપ્યો હતો. (ભાવિન પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વણઝરમાં પાટોત્સવ શાકોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ આશીર્વાદથી અને સ.ગુ. સ્વા. સ્વયંપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વણઝરનો ૭ મો પાટોત્સવ તા. ૧૩-૧૧-૧૧ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રીહરિકૃષ્ણ મહારાજને વેદોક્ત અભિષેક કરી ધામધૂમથી સંપન્ન થયો.

પ્રાસંગિક સભામાં પાટોત્સવના યજમાન પ.ભ. મહેશભાઈ તથા શ્રી મથુરદાસે પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રી શાકોત્સવ પ્રસંગે પધાર્યા હતા. હરિભક્તોએ પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત સામૈયુ સુંદર રીતે કર્યું હતું. મંદિરમાં દર્શન કરી સભામાં પધાર્યા હતા. જ્યાં ભવ્ય શાકોત્સવનો વઘાર કરી સૌને અલૌકિક લાભ આપ્યો હતો. સભામાં શાકોત્સવના યજમાન પરિવારે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પહાર પહેરાવીને પૂજન આરતી કરી હતી. પ્રાસંગિક સભામાં સ.ગુ. પુરાણી સ્વામી જગતપ્રકાશદાસજી, જયદેવપુરાના સંતો અને રમણભાઈએ પ્રસંગોચિત પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગમાં શ્રી પ્રકાશભાઈ ઠક્કર, શ્રી નિતિનભાઈ ઠક્કર આદિ હરિભક્તોએ પ્રેરણારૂપ સેવા કરી હતી. (રાજુભાઈ ઠક્કર)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### મોટા અંકેવાળીયા (તા. ધ્રાંગધ્રા)માં કથા પારાયણ

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સુરેન્દ્રનગર મંદિરના સાં. કમળાબાની પ્રેરણાથી અત્રે ગામના નિષ્ઠાવાન 'સખીમંડળ'ની બહેનોએ સાથે મળી ત્રિદિનાત્મક ભક્તિ નિધિ પારાયણનું ભવ્ય આયોજન તા. ૨૯-૧૦-૧૧ થી તા. ૩૧-૧૦-૧૧ પર્યન્ત કર્યું હતું. જેમાં સાં. કોકિલાબા (સુરેન્દ્રનગર)એ સુમધુર શૈલીમાં કથામૃત પાન કરાવ્યું હતું. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ થયા હતા. સભા સંચાલન સાં. ઉષાબાએ કર્યું હતું. બહેનોના અતિ આગ્રહ ભર્યા આમંત્રણથી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે ધામોધામના સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. પારાયણના મુખ્ય યજમાન કમળાબેન કાંતિલાલ પટેલ આદિ બહેનો સેવામાં જોડાયા હતા.

(સખી મંડળ મોટા અંકેવાળીયા)

## વિદેશ સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી શા. ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં લક્ષ્મીપૂજન, શારદા પૂજન, હનુમાનજીનું પૂજન તેમજ નૂતન વર્ષના અન્નકૂટ આદિ ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા.

નવા વર્ષના મંગળા આરતીના દર્શને હરિભક્તોની ભીડથી સભા મંડપ ભરાઈ ગયો હતો. મંગળા આરતી અને અન્નકૂટ આરતી દર્શન કરી સૌ સભામાં પધાર્યા હતા. સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો આશીર્વાદનો પત્ર વંચાવવામાં આવેલ. મહંત સ્વામી ધર્મવલ્લભદાસજીએ પણ સૌ હરિભક્તોને આશીર્વાદ આપી પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞામાં રહીને ભજન ભક્તિ કરવા સૂચન કર્યું હતું. તેઓ સ્વદેશ પધારતા હોઈ હરિભક્તોએ તેમની સેવાને બિરદાવી હતી.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પધારેલા નવા સંતો સ્વામી નિલકંઠપ્રસાદદાસજી ગુરુ સ્વા. જીષ્ણુચરણદાસજી અને સ્વામી શાંતિપ્રકાશદાસજીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કારતક સુદ-૧૧ ને તા. ૭-૧૧-૧૧ ના રવિવારે ભવ્ય તુલસી વિવાહ ઉજવાયો હતો. જેના યજમાન પ.ભ. નવિનભાઈ દવે, અ.નિ. પ.ભ. ડૉ. દિનેશભાઈ તેવાર પરિવાર, પ.ભ. ભરતભાઈ અને પ.ભ. કૌશિકભાઈ પટેલ રહ્યા હતા. (વસંત ત્રિવેદી)

### આઈ.એસ.એસ.ઓ. પિયોરિયા ચેપ્ટર (યુ.એસ.એ.)

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી પિયોરિયા ચેપ્ટરમાં દર રવિવારે નિયમિત સત્સંગ સભા યોજવામાં આવે છે.

નૂતન વર્ષના ઠાકોરજી સમક્ષ હરિભક્તોએ પોતાના ઘરેથી શુધ્ધ પવિત્ર ૧૦૮ જેટલી અવનવી વાનગીઓ બનાવીને ઠાકોરજીને સુંદર અન્નકૂટ ધરાવ્યો હતો. ફ્રૂટ અને ફુલથી ભગવાન સમક્ષ શોભા કરી હતી. બીજે દિવસે સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો નૂતન વર્ષનો આશીર્વાદપત્ર વાંચવામાં આવેલ. ફોન ઉપર હરિનંદન સ્વામીએ કથા સંભળાવી હતી. પૂ. ધ્યાની સ્વામી અને પૂ. નિર્ગુણ સ્વામીએ પણ આશીર્વાદ મોકલ્યા હતા. ઘણા હરિભક્તો આ પ્રસંગે સભામાં લાભ લેવા પધાર્યા હતા. અહીં આપણા દરેક ઉત્સવ-તહેવારો સાથે મળી ઉજવીએ છીએ.

(રમેશ પટેલ હ્યુસ્ટન)

### હ્યુસ્ટન ટેક્સાસ શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી અત્રે હ્યુસ્ટન મંદિરમાં આપણા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે.

ઓક્ટોબર માસમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી યુવક મંડળની ત્રણ દિવસની શિબિર યોજવામાં આવી હતી. જેમાં ૧૦૦ જેટલા બાળકોએ લાભ લીધો હતો.

ઓક્ટોબર માસમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી યુવક મંડળની ત્રણ દિવસની શિબિર યોજવામાં આવી હતી. જેમાં ૧૦૦ જેટલા બાળકોએ લાભ લીધો હતો. My Maharaj SHIBIR ના નામથી ત્રણ દિવસ ધર્મ, ભક્તિ અને જ્ઞાન સાથે ગમ્મત માણી હતી.

આપણા સંતો કે.પી. સ્વામી અને ડી.કે. સ્વામીએ સુંદર આયોજન કરી હરિભક્તોને રાજી કર્યા હતા. ઓક્ટોબર માસમાં શિબિર, વિજયા દશમીના પ.પૂ. મહારાજશ્રીનો જન્મોત્સવ, શરદોત્સવ અને દિવાળીના ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા. કાળી ચૌદશના શ્રી હનુમાનજીનું પૂજન અને દિવાળીના શારદા પૂજનમાં ઘણા વહેપારી હરિભક્તોએ લેપટોપ અને ચોપડા પૂજનનો વિધિવત લાભ લીધો હતો.

નૂતન વર્ષના સવારના ૬ થી ૧૧ વાગ્યા સુધી અન્નકૂટ દર્શન કરાવ્યા હતા. તુલસી વિવાહ પ્રસંગ સતત ચાર દિવસ ધામધૂમથી ઉજવ્યો હતો. જેમાં ઘણા હરિભક્તો જોડાયા હતા. આ પ્રસંગે ઉત્સાહી હરિભક્તોની સેવા તથા યુવક યુવતી મંડળ અને કમિટીએ સુંદર સહકાર આપી ભગવાનનો રાજીપો મેળવ્યો હતો. (રમેશ પટેલ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકન ન્યુજર્સી

અમેરિકાના આપણા આઈ.એસ.એસ.ઓ.ના સૌ પ્રથમ નિર્માણ થયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી દિપોત્સવી પર્વની ઉજવણી રવિવારે એકાદશીના દિવસે અને શુક્રવારે પૂર્ણ થતા પૂ. બિન્દુરાજા, શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમારના નિશ્રામાં મહંત શા.સ્વામી માધવદાસજીએ ઠાકોરજીની આરતી કરીને સભામાં નંદ સંતો રચિત કીર્તનના પદો સંગીતના તાલે હરિભક્તોએ ગાયા હતા. મહંત સ્વામીએ પોતાના પ્રવચનમાં આપણા દરેક ઉત્સવનું મહિમા માહાત્મ્ય શાસ્ત્ર દ્વારા કહ્યું હતું. દિવાળીના શારદા પૂજન, નૂતન વર્ષના ગોવર્ધન પૂજા, અન્નકૂટ દર્શન આદિ પ્રસંગના હજારો હરિભક્તોએ દર્શન કર્યા હતા. સૌ ભક્તોને પ.ભ. ભક્તિભાઈએ આગામી ઉત્સવની જાહેરાત કરી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. છેલ્લે સૌએ મહાપ્રસાદ લીધો હતો. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારયણ મંદિર કોલોનીયા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી અત્રે કોલોનીયા મંદિરમાં આપણા ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા.

વિજયા દશમી પ.પૂ. મહારાજશ્રીનો ૩૯ મો પ્રાકટ્યોત્સવ

શ્રીહરિના ૭ માં વંશજ અને આપણા પ્રાણપ્યારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૩૯ મો પ્રાકટ્યોત્સવ પ્રસંગે સભામાં યુવા હરિભક્તોએ સુંદર મજાની કેક બનાવીને મહંત સ્વામી સાથે બાળકોએ પ્રાકટ્યોત્સવની ઉજવણી કરી હતી. ત્યારબાદ પૂ. મહારાજશ્રીની તસવીરનું પૂજન પૂ. જ્ઞાન સ્વામી સાથે યજમાનશ્રીએ કર્યું હતું. મહંત સ્વામીએ ધર્મકુળનું મહિમા માહાત્મ્ય સુંદર રીતે વર્ણવ્યું હતું. છેલ્લે ઠાકોરજીને થાળ આરતી કરી સૌએ પ્રસાદ લીધો હતો.

દિપોત્સવી પર્વ

અત્રે આપણા મંદિરમાં એકાદશી, ધન તેરસ, શારદા પૂજન, હનુમાનજી પૂજન નૂતન વર્ષના ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટોત્સવ ઉજવ્યો હતો. દિવાળીના શયન સંધ્યા આરતીના દર્શન આ પશ્ચિમ દેશમાં ક્યારેય જોવા ન મળ્યા હોય તેવા ભવ્ય હતા. સુંદર રંગબેરંગી દિવડાઓના ઝગમગાટ સાથે અનેક દિવડાઓની પ્રજ્જવલિત જ્યોત દ્વારા મુખ્ય હોલની તમામ લાઈટો બંધ કરીને અંધકારમાં સુંદર આરતી કરીને જ્ઞાન સ્વામીએ સુંદર દર્શનનો લાભ આપ્યો હતો. નૂતન વર્ષના અન્નકૂટના દર્શન કરી સૌ ભક્તોએ એક બીજાને ભેટી જયશ્રી સ્વામિનારાયણ કરી ખૂબજ ધન્ય બન્યા હતા.

તુલસી વિવાહ

કારતક સુદ-૧૧ પ્રબોધિની એકાદશીના ભવ્ય તુલસી વિવાહ ઉજવાયો હતો. તુલસીજીને સુંદર શણગારી લગ્નની ભવ્ય ચોરી બનાવી હતી. લગ્નોત્સવ માણવા માટે યજમાન મહેન્દ્રભાઈ તથા જયાબેન સોલંકીની સાથે સૌએ સમૂહમાં ગરબા ગાયા હતા. શ્રી ભરતભાઈ જાનીએ સુંદર લગ્ન વિધિ કરાવી હતી. આપણા દરેક ચેપ્ટરોના હરિભક્તો લાભ લેવા પધાર્યા હતા. શાસ્ત્રી જ્ઞાન સ્વામીએ તુલસીજીનું અને એકાદશીનું માહાત્મ્ય કહ્યું હતું.

(પ્રવિણ શાહ)

**નોર્થ કેરોલીન (યુ.એસ.એ.)માં સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી નવેમ્બરના પહેલા વિકમાં નોર્થ કેરોલીનમાં વસતા (મૂળ માણસા-અમદાવાદના) પ.ભ. વિષ્ણુભાઈ નારણદાસ પટેલના નવા નિવાસ સ્થાનમાં સુંદર સત્સંગ સભામાં કથાવાર્તા, ધૂન્ય કીર્તન અને ઠાકોરજીને થાળ આરતી વિધિવત થયા હતા. પ.ભ. નિરજભાઈ જોશીએ પૂજન વિધિ કરી હતી. સભાના વિરામ બાદ સૌને પ્રસાદરૂપી ભોજન જમાડવામાં આવેલ. ૪૦ જેટલા ભાવિક ભક્તોએ લાભ લઈ ધન્ય બન્યા હતા. (સૂજલ વિ. પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલિવલેન્ડ યુ.એસ.એ.**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી અત્રે આપણા મંદિરમાં તા. ૩-૧૦-૧૧ રવિવારના ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટોત્સવ ઉજવ્યો હતો. મુખ્ય યજમાન મૈત્રી ભાઈ અને રિધ્ધિબેન પટેલ પરિવાર સાથે ૨૦ પરિવારોએ સહ યજમાન પદે સેવા કરી હતી. ૭૦૦ ઉપરાંત હરિભક્તો દર્શનનો લાભ લેવા પધાર્યા હતા. દિવાળીના પ્રસંગમાં શ્રી હનુમાનજી નું પૂજન, લક્ષ્મીજીનું પૂજન, શારદા પૂજન આદિ વિધિવત થયા હતા.

તા. ૬-૧૧-૧૧ ને પ્રબોધિની એકાદશીના ૪ કલાકની અખંડ ધૂન્ય અને ચાતુર્માસ સમાપન નિમિત્તે પાંચ આરતી કરવામાં આવી હતી. તા. ૧૩-૧૧-૧૧ ને રવિવારે તુલસી વિવાહ યોજાયો હતો. જેમાં કૃષ્ણપક્ષે રાકેશભાઈ તેજલબેન પટેલ તુલસીપક્ષે પ્રણવભાઈ - મનાલીબેન પટેલ અને મામા પક્ષે મુકેશભાઈ જયતીની બેન પટેલે યજમાન બની લાભ લીધો હતો. શ્રી આનંદભાઈ ઉપાધ્યાયે તમામ પ્રસંગમાં સુંદર વિધિ કરાવી હતી.

શા.સ્વા. વ્રજવલ્લભદાસજી અને પૂજારી હરિવલ્લભદાસજીની પ્રેરણાથી સત્સંગની પ્રવૃતિ સુંદર થાય છે. કથાવાર્તાનો પણ સારો લાભ આપે છે.

(પ્રકાશભાઈ પટેલ કલિવલેન્ડ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલબંસ યુ.એસ.એ.**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી નિયમિત સત્સંગની પ્રવૃતિઓ કરવામાં આવે છે.

દર બીજા વિકે સભાનું આયોજન જુદા જુદા હરિભક્તોના ઘરે કરવામાં આવે છે. ૫-૧૧-૧૧ શનિવારના દિવસે દિવાળી અન્નકૂટ સામૈયો ઉજવ્યો હતો. અહીંના અને કલિવલેન્ડના લગભગ ૭૦ જેટલા હરિભક્તો ઉત્સવમાં જોડાયા હતા.

કલિવલેન્ડ મંદિરથી પૂજારી સ્વામી હરિવલ્લભદાસજીએ સુંદર કીર્તન ભક્તિ દ્વારા અને શાસ્ત્રી સ્વામી વ્રજવલ્લભદાસજીએ કથા વાર્તા દ્વારા હરિભક્તોને રાજી કર્યા હતા.

સર્વે સ્થાનિક પરિવારોના સહયોગથી સત્સંગ પ્રવૃતિમાં પ્રગતિ થાય તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

(જયદિપ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (આઈ.એસ.એસ.ઓ.)**
**એટલાન્ટામાં દિવાળી અને અન્નકૂટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત શા. માધવજીવનદાસજી તથા શા.સ્વા. સત્યસ્વરૂપદાસજીની પ્રેરણાથી તથા ટ્રસ્ટીશ્રી દક્ષેશભાઈ પટેલ તથા શ્રી રાજુભાઈ પટેલના માર્ગદર્શન મુજબ તા. ૨૫-૧૦-૧૧ ના શ્રી કષ્ટભંજનદેવનું પૂજન, દિવાળીના ચોપડા પૂજન, લક્ષ્મીપૂજન અને તા. ૨૭-૧૦-૧૧ ના રોજ અન્નકૂટોત્સવ ધામધૂમથી ઉજવાયા હતા. અને તા. ૩૦-૧૦-૧૧ ના રોજ ભવ્ય મોટો અન્નકૂટ ઠાકોરજી સમક્ષ ધરાવ્યો હતો.

પ.પૂ. મોટા મહારાજશ્રીનો આશીર્વાદ પત્ર સભામાં વંચાવ્યો હતો. ૧૨ માસની સભા હરિભક્તો દ્વારા નોંધવામાં આવી હતી. શ્રી શૈલેષભાઈ, શ્રી અરવિંદભાઈ, શ્રી રશ્મિભાઈ પટેલ આદિ હરિભક્તો યુવક મંડળ અને મહિલા મંડળની બહેનોની તન, મન અને ધનથી સેવા મળી હતી. સભા સંચાલન શ્રી ઘનશ્યામભાઈએ કર્યું હતું. આ પ્રસંગના દર્શનનો લાભ ઘણા હરિભક્તોએ લીધો હતો. (અલ્પેશભાઈ, ભાવેશભાઈ અને વિજયકુમાર)

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૫૦૭/- પ્રકાશભાઈ રમણીકભાઈ કાચા ટેલર્સ શ્રીજી પ્રસન્નાર્થે લેસ્ટર (યુ.કે.)
૫૦૦/- પટેલ ચિંતનકુમાર ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મણીયોર બેંગ્લોર
૧૦૧/- તારાબેન લાલજીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે સઈજ
૧૫૧/- પીઠવા રાજેશ મનસુખલાલ ચિ. ભૌતિકની સગાઈ નિમિત્તે વાપી
૧૦૦/- પટેલ ચંદ્રકાન્ત કાશીભાઈ લસુન્દ્રા
નવી વેગનઆર ગાડી લીધી તે નિમિત્તે
૫૧૧/- મેવાડા રમેશભાઈ (કોન્ટ્રાકટર) બાપુનગર
મોહિત કન્સ્ટ્રકશન શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૧/- ચાવડા હિરેન રણછોડભાઈ ઈલે. થોમ કું.માં બળોલવાળા
આસિ. જન. મેનેજરનું પ્રમોશન નિમિત્તે
૧૦૧/- ચાવડા મિતુલ રણછોડભાઈ બળોલવાળા
ઈન્ડોનેશિયા-જર્મનીના કું. તાલીમ વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૧/- ચાવડા ઘનશ્યામ રણછોડભાઈ પાલડીમાં બળોલવાળા
''આનંદી સાયબર કાફે'' નવા બિજનેસ પ્રસંગે
૧૦૧/- ચાવડા ભદ્રેશ ખોડુભાઈ બળોલવાળા
અરવિંદ મિલમાં કલાર્કની જોબ નિમિત્તે
૧૦૧/- ભાવસાર કૃપા અનિલકુમાર સરકારી નોકરી નિમિત્તે ઘાટલોડીયા
૫૦૦/- મારૂતિ બોટીંગ વર્કસ રમણીકભાઈ મણીનગર
નવી ગાડી લીધી તે નિમિત્તે
૫૦૦/- અ.નિ. બિપીનભાઈ નારણભાઈ પટેલ ઉનાવા
૭ મી પુણ્ય તિથિ નિમિત્તે હ. રિંકેશ, રિધ્ધિ
૧૦૧/- રાણપુરા મહેશભાઈ દલપતભાઈ અમદાવાદ
ચિ. દેવના જન્મ દિન નિમિત્તે
૧૦૦/- પટેલ અમૃતભાઈ મગનભાઈ ચિ. મિનાબેનના સ્મરણાર્થે સોજા
૧૦૧/- ભાવસાર સુશીલાબેન નરેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦૦/- ભૂડીયા કાંતિભાઈ કેશરા શ્રીજી પ્રસન્નાર્થે ફોટડી-કચ્છ
૧૫૧/- ખેર વજેસંગ ભીખુભા બળોલ-ભાલ
શ્રીહરિકૃપાથી નવી સેન્ટ્રોકાર લીધી તે નિમિત્તે
૧૦૧/- શ્રી બાલાજી પંપ શ્રીજી પ્રસન્નાર્થે હુબલી
૧૦૧/- પટેલ બાબુભાઈ પ્રાણભાઈ ગાડી લીધી તે નિમિત્તે અખીયાણા
૨૫૧/- પટેલ દશરથભાઈ મંગળદાસ ચિ. આકાશના લગ્ન પ્રસંગે અમદાવાદ
૧૦૧/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ નૂતન વર્ષ નિમિત્તે બાવળા
૧૦૧/- ચૌધરી ગોપાલભાઈ સોમાભાઈ ઈન્દ્રપુરા
ચિ. કીર્તનના પ્રથમ જન્મદિન નિમિત્તે
૧૦૦/- પટેલ પ્રવિણભાઈ ડી. ફલેટ લીધો તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ નટુભાઈ માધવલાલ મંગળદાસ વિહાર
નવી ગાડી લીધી તે નિમિત્તે
૧૦૦/- પટેલ રોશની નટુભાઈ પેરામેડિકલમાં એડમીશન નિમિત્તે વિહાર
૧૦૧/- ડાભી મફાજી સરદારજી ડાંગરવા
ચિ. ભાવસિંહને શિક્ષકની નોકરી મળી તે નિમિત્તે
૫૦૦/- પટેલ દશરથભાઈ પુરૂષોત્તમભાઈના સ્મરણાર્થે ડી-કેબીન, ઉવારસદ
૨૦૦/- પટેલ નયન ભગીરથભાઈ નવું બાઈક લીધું તે નિમિત્તે ઊંઝા
૧૦૧/- પટેલ ક્રિસીવ કુલદિપ જન્મદિન નિમિત્તે ઉંઝા
૧૦૧/- પોપટ ચુનીલાલ ઓધવજી શ્રીજી પ્રસન્નાર્થે કેશોદ
૧૦૧/- પોપટ નિલેશકુમાર ચુનીલાલ શ્રીજી પ્રસન્નાર્થે કેશોદ
૧૦૧/- પોપટ દિપકકુમાર ચુનીલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ રાજુભાઈ ગિરધરલાલ નવા વર્ષ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ ક્રિનલભાઈ વસંતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વહેલાલ
૧૦૦/- પટેલ ચિંતનકુમાર વસંતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વહેલાલ
૧૦૧/- મોરી યોગેશકુમાર ભલાભાઈ કાલીયાણા
તા. ૧૭-૧૧-૧૧ ના શુભ લગ્ન પ્રસંગે
૧૦૧/- પટેલ કૈલાશબેન અશોકભાઈ અમદાવાદ
પૂજા શ્રી નરનારાયણદેવ સમક્ષ લીધી તે નિમિત્તે
૧૦૧/- પ્રજાપતિ ધર્મિષ્ઠાબેન નરેશભાઈ મોટેરા
ચિ. ભાણા ક્રિશના જન્મ દિન નિમિત્તે
૧૦૧/- અ.નિ. રળીયાતબેન પ્રેમજીભાઈ મારવીના સ્મરણાર્થે જીરાગઢ
૨૫૧/- સિંધવ દિપાબેન ચિરાગભાઈ કેશુભાઈ બળોલભાલ
નૂતન વર્ષ નિમિત્તે
૧૦૦/- પરમાર રણછોડભાઈ કરશનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બળોલવાલા
૨૫૧/- ચૌહાણ અલ્પનાબેન અરૂણભાઈ મુંબઈ
તા. ૧-૧૧-૨૦૧૧ જન્મ દિન નિમિત્તે
૨૫૧/- ચૌહાણ મયુરભાઈ અરૂણભાઈ ઓકલેન્ડ
તા. ૩-૧૧-૨૦૧૧ જન્મ દિન નિમિત્તે
૧૫૧/- ભાવસાર રમેશચંદ્ર શાંતિલાલ ચાંદલોડીયા
નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે
૨૦૨/- ચાવડા ભગીરથસિંહ ખોડુભા બળોલ
અરવિંદ મીલમાં જોબ ના ૧ વર્ષ અને જન્મ દિને
૧૦૦/- દરજી સુરેશભાઈ ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ દક્ષાબેન વિષ્ણુભાઈ પગાર વધ્યો તે નિમિત્તે વહેલાલ
૫૦૧/- સુથાર ઉજજવલકુમાર દિનેશભાઈ લીંબોદરા-મેમનગર
નવી મોટર સાયકલ લીધી તે નિમિત્તે
૫૦૧/- સુથાર કનુભાઈ નારણભાઈ લીંબોદરા-મેમનગર
પૂનામાં નવી જોબ નિમિત્તે હ. મયુરભાઈ
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ દિવાળી પ્રસંગે ગરોડીયા
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૫૧/- પટેલ મનીષાબેન ગૌરાંગકુમાર મહેન્દ્રલાલ સૂરજ-અમેરિકા
દેવના જન્મ પ્રસંગે
૧૫૧/- પટેલ પ્રવિણભાઈ ડાહ્યાલાલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે વડુ
૧૦૧/- પટેલ રિંકુબેન ગીરીશકુમાર ચિ. નિયતિના જન્મ દિન પ્રસંગે મારૂસણા
૫૦૧/- પટેલ હેતવ હિતેનકુમાર કુડાસણ (ગાંધીનગર)
તા. ૩૦-૧૦-૧૧ જન્મ દિન નિમિત્તે
૧૦૦/- સોની ઈન્દ્રવદનભાઈ પોપટલાલ શ્રીજી પ્રસન્નાર્થે સાણંદ
૧૦૦/- ભાવસાર જે. જે. શ્રીજી પ્રસન્નાર્થે હ. વૈશાલીબેન અમદાવાદ
૧૦૧/- પીઠવા રાજેશ તેમના બા ઘેલીબાના સ્મરણાર્થે વિરમગામ
૩૦૦/- પટેલ અંબાલાલ વિઠ્ઠલભાઈ ચિ. ઉમંગના લગ્ન પ્રસંગે નાંદોલ
અને ગીતાબેનના ભાણાનું સફળ ઓપરેશન થયુ તે નિમિત્તે
૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- પટેલ ભાવિનકુમાર દેવેન્દ્રભાઈ ચિ. દિવ્યના જન્મ પ્રસંગે આકરૂંદ
૧૦૧/- પટેલ પંથ કૃણાલ જન્મ દિન નિમિત્તે લંડન
૧૦૧/- રાવલ તરૂણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ-પાલડી
૧૦૧/- દલવાડી કરશનભાઈ મોતીભાઈ વિરમગામ
પૌત્ર નિખિલના જન્મદિન નિમિત્તે
૧૦૦/- પટેલ પંકજભાઈ ચંદુલાલ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૦૧/- પટેલ કૌશિકકુમાર જયંતીલાલ નવો શેડ લીધો તે નિમિત્તે હૈદ્રાબાદ
૧૦૧/- પટેલ જયંતીલાલ જેઠાલાલ નવા વર્ષ પ્રસંગે મારૂસણા
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ ગોવિંદભાઈ રાણીપ
ચિ. જયના જન્મ દિન પ્રસંગે
૧૦૧/- પટેલ અલય મૂકેશભાઈ જન્મ દિન નિમિત્તે કુબડથલ
૨૫૧/- પ્રજાપતિ કેશવલાલ ગંગારામ પુત્ર-પુત્રીના લગ્ન પ્રસંગે સાણંદ

૧૦૧/- ઉપાધ્યાય કુમુદભાઈ જગન્નાથભાઈ દેવ દિવાળી નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ પલક રાજેન્દ્રકુમાર મંગળદાસ તા. ૧૧-૧૧-૧૧ શુભ જન્મ નિમિત્તે સોજા
૧૦૧/- ખેંગારભાઈ કરશનભાઈ સર્વોપરિ છપૈયાધામ યાત્રામાં નિર્વ્યસની બન્યા તે નિમિત્તે માલણપુર
૧૦૧/- ભાવસાર ભાવેશ સુરેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૨૦૧/- કાછીયા સચિન દિલીપકુમાર ચિ. શ્રેયાના જન્મ પ્રસંગે ખારોલ
૧૦૧/- ગઢવી હંસાબેન શ્રીજી પ્રસન્નાર્થે સાદરા
૫૦૧/- મોદી મોનીકા આશિષભાઈ ચિ. પ્રિયાંશી તથા હાર્મિશના જન્મ દિન નિમિત્તે વિસનગર
૧૦૦/- કાછીયા હર્ષદભાઈ શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૧/- વાઘેલા આનંદબા ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા ચંદ્રિકાબેન વિક્રમસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વેગડ અરજણભાઈ નારણભાઈ મહામંત્ર જાપ ૨ કરોડ એકતાલીસ લાખ નિમિત્તે
૧૦૦/- પટેલ યશ જસુભાઈ નવું મકાન બનાવ્યું તે નિમિત્તે લવારપુર
૧૦૧/- ખેર માવજીભાઈ ગણેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બળોલ
૨૦૧/- ચૌહાણ ગિરધરભાઈ પ્રાગજીભાઈ નવી ગાડી લીધી તે નિમિત્તે નવસારી
૧૦૧/- મનાણી સંદિપ પરસોતમભાઈ ચિ. વ્યોમના જન્મદિન નિમિત્તે વાપી
૧૫૧/- પટેલ રમેશભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે વહેલાલ
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- ટાંક નિમેષ બિપીન નવી રૂમ લીધી તે નિમિત્તે કાંદીવલી
૧૦૦/- ટાંક અંકિત બિપીન નવી રૂમ લીધી તે નિમિત્તે કાંદીવલી
૫૦૧/- ભાટીયા નિશીતકુમાર રમેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે માલવણ
૧૦૦/- વાઘેલા રજવતસિંહ જસુભા શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- વાઘેલા શિવસિંહ વેલુભા શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૧/- પટેલ કૌશલકુમાર હેમંતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે હઠીપુરા
૧૦૦૧/- પટેલ ચિરાગ જશવંતભાઈને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે દહેગામ
૧૦૦/- પટેલ પરેશ રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૧૦૧/- કા. અશ્વિનભાઈ મોહનલાલ જન્મદિન નિમિત્તે કોઠંબા
૧૦૧/- કડીયા સ્વાતિબેન જીવણભાઈ જન્મ દિન પ્રસંગે બોપલ
૧૦૦/- પટેલ ધીરુભાઈ છગનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે આકરૂંદ
૧૦૦/- પટેલ વિનોદકુમાર જીવણલાલ નવી ગાડી લીધી તે નિમિત્તે મારૂસણા
૫૦૧/- મોરી પચાણભાઈ ભગવાનભાઈ સુરેન્દ્રનગરમાં નવી ઓફિસના ઉદ્‌ઘાટન પ્રસંગે કાલીયાણા
૧૦૧/- સિંધવ અમરશીભાઈ નારણભાઈ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે બળોલ-ભાલ
૧૦૧/- અ.નિ. જયેશકુમાર પ્રવિણભાઈ મોદીના સ્મરણાર્થે ગાંધીનગર
૧૦૧/- ચૌહાણ ધ્રુવરાજસિંહ શૈલેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- પટેલ ભક્તિભાઈ શિવદાસ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે વડુવાળા
૧૦૧/- વાઘેલા નંદુબા શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૫૦૦/- વાઘેલા બજુબા નટુભા શ્રીહરિ પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- પટેલ શાંતાબેન કાંતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૦/- ચૌહાણ દિપેશ રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૦૦/- કાછીયા ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૦૦/- પટેલ કલ્પેશકુમાર કનુભાઈ જન્મ દિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ હરજીવનદાસ રામાભાઈ નવું મકાન બનાવ્યું તે નિમિત્તે રતનપુર
૧૦૧/- પટેલ ચંચળબેન રમેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ કનૈયાલાલ દેવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- સોલંકી મહિપતસિંહ દિલીપસિંહ નવું બાઈક લીધુ તે નિમિત્તે વઘાડા
૧૦૧/- રમલાવત અનિરૂધ્ધસિંહ કે. ચિ. હેતવી કુંવરબાના જન્મ નિમિત્તે ગાંધીનગર
૫૦૧/- પટેલ અંકિત અશોકભાઈ શ્રી નરનારાયણદેવની કૃપાથી અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે મિરોલી
૧૧૧/- મોરી રમેશભાઈ હરિભાઈ ગાંધીનગરમાં ફલેટ લીધો તે નિમિત્તે કાલીયાણા
૧૦૧/- પટેલ તક્ષ સેંધાભાઈ જન્મ દિન નિમિત્તે કુંડાલ
૧૦૦/- પટેલ રાકેશકુમાર ગાંડાલાલ ચિ. માહિકાના જન્મ પ્રસંગે ગુલાબપુરા
૧૦૦/- પટેલ અરવિંદકુમાર માધવલાલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે ઈટાદરા
૧૦૦/- પટેલ કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ખેરોલ
૨૦૦/- સોનલબેન તથા કિંજલબેન યુ.કે.માં પી.આર. થયા તે નિમિત્તે નાંદોલ
૧૦૦/- રીમાબેનને જોબ મળી તે નિમિત્તે સીડની
૧૫૧/- ઠાકોર પ્રતાપભાઈ રામભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે ટ્રેન્ટ
૫૦૨/- પટેલ નિકુંજભાઈ દલસુખભાઈ શુભ લગ્ન પ્રસંગે ફલોરિડા (કરજીસણ)
૧૦૧/- પટેલ માનસીબેન મહેન્દ્રભાઈ લંડનથી પરત આવ્યા તે નિમિત્તે કુંડાલ
૫૦૧/- ચાવડા સંજયભાઈ માવજીભાઈ સીડની (ઓસ્ટ્રેલીયા) મોહનભા પુત્રના શુભ જન્મ પ્રસંગે બળોલ-ભાલ
૧૦૦/- ગોહેલ દેવાભાઈ ખોડાભાઈના સ્મરણાર્થે ટીંબા
૧૫૧/- કલોલા હિરાબેન ચતુરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જેતપર મોરબી
૩૦૧/- આદ્રોજા હેમલ પ્રાણજીવનભાઈ જોબ મળી તે નિમિત્તે મોરબી
૨૦૨/- આચાર્ય હાર્દિકભાઈ મહેન્દ્રભાઈ નવું બાઈક લાવ્યા અને બી.એ.માં ફર્સ્ટ ક્લાસ નિમિત્તે મોરબી
૫૦૧/- પટેલ હાર્દિકભાઈ અને પ્રતિકભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે સીડની (પોર)
૧૧૧/- પટેલ જીજ્ઞેશભાઈ ભક્તિભાઈ આઈલેટસની નવી ઓફિસ સી.જી. રોડ કરી તે નિમિતે દેઉસણા-રાણીપ
૫૨૧/- પટેલ લલીતભાઈ એમ. અમદાવાદ ટ્રાન્સફર થઈ તે નિમિત્તે તાતોસણા
૧૦૧/- ભૂડીયા કાંતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ફોટડી (કચ્છ)
૧૫૦/- કોટક ચંદુલાલ મોરારજી શ્રીજી પ્રસન્નાર્થે વિસાવદર
૧૦૧/- રાઓલ ઉમાબા બહાદુરસિંહ સગપણ નિમિત્તે સોઢી ભાલ
૧૦૦/- અ.નિ. ડાહીબેન અંબાલાલ નારણભાઈ પ્રથમ માસિક પુણ્ય તિથિ નિમિત્તે પોર
૨૫૧/- પટેલ જૈમિન યોગેશકુમાર જન્મ દિન નિમિત્તે ધમાસણા ઓઢવ
૧૦૦/- પટેલ પિનાકીન નારણભાઈ ગોકળદાસ એમ.ટેક. સિવીલમાં ૮૩ ટકા નિમિત્તે સાપાવાડા
૧૫૧/- પટેલ દેવર્ષકુમાર કલ્પેશકુમાર જન્મ દિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ વિપુલકુમાર ભીખાલાલ ચિ. હેતાર્થના જન્મ પ્રસંગે રાણીપ
૨૦૧/- પટેલ પોપટભાઈ અંબાલાલ ચિ. નિમમના લગ્ન પ્રસંગે પોર
૨૫૧/- ઉપાધ્યાય સીમાબેન પ્રવિણભાઈ નવી ગાડી લીધી તે નિમિત્તે બોપલ
૧૫૦/- પટેલ આત્મારામ કાનદાસ અમથીબાની પુણ્ય સ્મૃતિ નિમિત્તે ડાંગરવા
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૧/- અ.નિ. જસુભાઈ ચતુરભાઈના સ્મરણાર્થે (તા ૨-૧૧-૧૧) ચાંદખેડા
૧૦૧/- પટેલ હેમાંશી આર. ધો.-૧૦ (અંગ્રેજી માધ્યમ)માં ૮૦ ટકા નિમિત્તે વાપી
૨૦૦/- પટેલ સુમનભાઈ અંબાલાલ તેજ સાવનકુમાર જન્મ દિને પોર (ઓસ્ટ્રેલીયા)
૨૦૧/- પટેલ સૂજલભાઈ વિષ્ણુભાઈ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે નોર્થ કેરોલીન-અમેરિકા

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| આસો સુદ-૨/૩ | અ.નિ. સીતાબહેન જોઈતારામ પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| આસો સુદ-૫ | મયુરભાઈ મગનભાઈ કુંભાણી (મોતૈયા, મુલપુઆ) | અમદાવાદ |
| આસો સુદ-૬ | કાંતિલાલ કાળીદાસ (દૂધપાક-માલપુઆ) | અમદાવાદ |
| આસો સુદ-૬ | અ.નિ. કમળાબેન જેઠાભાઈ (મોહનથાળ) (હ. ધર્મસ્વરૂપ સ્વામી) | સલાલ |
| આસો સુદ-૭ | પટેલ કમલેશભાઈ પરસોત્તમભાઈ (બુંદીના લાડુ) (હ. દિગંબર ભગત) | |
| આસો સુદ-૭ | અ.નિ. ઘનશ્યામભાઈ ચોકસી (મોહન થાળ, મૈસુબ) (હ. જમૈનિ, જીતુભાઈ) | અમદાવાદ |
| આસો સુદ-૭ | રામજીભાઈ નારણભાઈ ગાજપરીયા (બુંદીના લાડુ) (હ. વાઘજીભાઈ વિરજી) | નારણપુર-કચ્છ |
| આસો સુદ-૭ | વિજયાબેન લાલજીભાઈ હાલાઈ (મોહનથાળ) (હ. પુ. નારણચરણદાસ) | દહિંસરા-કચ્છ |
| આસો સુદ-૯ | સોની ઓમ વિજયકુમાર (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| આસો સુદ-૯ | અંબિકા ટ્રેડીંગ (દુધપાક-પુરી) (હ. કમલેશભાઈ) | અમદાવાદ |
| આસો સુદ-૧૩ | નિતીનભાઈ યાજ્ઞિક, અ.નિ. કમળાબેન ઉમેશભાઈ યાજ્ઞિકના સ્મરણાર્થે (દુધપાક-પુરી) (હ. દેવ સ્વામી) | |
| આસો સુદ-૧૩ | ઉષાબેન વિનોદભાઈ ભાવસાર (દુધપાક-પુરી) | અમદાવાદ |
| આસો સુદ-૧૫ | કુમુદબેન મહેશભાઈ બ્રહ્મભટ્ટ (બુંદીના લાડુ, સાટા) | નવસારી |
| આસો સુદ-૧૫ | અ.નિ. સોની હરિભાઈ શામળદાસ (બુંદીના લાડુ, સાટા) (હ. હર્ષદભાઈ, સુધીરભાઈ) | વડનગર |
| આસો વદ-૩ | અ.નિ. ભૂપતભાઈ વડોદરીયા (મોહનથાળ) (હ. શૈલેષભાઈ) | અમદાવાદ |
| આસો વદ-૩ | અ.નિ. રત્ના હરજી (મોહનથાળ) | સુખપર-કચ્છ |
| આસો વદ-૮ | અ.નિ. શાંતાબેન લવજીભાઈ સોલંકી (ચુરમાના લાડુ) (હ. નલિનભાઈ) | અમદાવાદ |
| આસો વદ-૮ | વનિતાબેન મનજીભાઈ (ચુરમાના લાડુ) (હ. પૂરવભાઈ) | હ્યુસ્ટન |

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં પ્રકાશિત માટે મોકલાતા લેખો અને સત્સંગ સમાચાર તારીખ ૨૦ સુધીમાં મોકલી આપવા ત્યારબાદ આવેલા સમાચાર પછીના અંકમાં પ્રકાશિત થશે.**

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**વિહાર :** પ.ભ. અમૃતભાઈ માધવલાલ પટેલ તા. ૧૯-૧૦-૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ટીંબા (તા. વઢવાણ) :** પ.ભ. દેવાભાઈ ખોડાભાઈ ગોહિલ (હજુરી પાર્ષદ વજેસંગ ભગતના પિતાશ્રી) તા. ૧૧-૧૧-૧૧ (ઉ. વર્ષ ૭૪) શુક્રવાર કારતક વદ-૧ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ-બોપલ :** શ્રી નરનારાયણદેવા અનન્ય નિષ્ઠાવાન પ.ભ. ગોવિંદભાઈ બારસીયા (પેઈન્ટર)ના પિતાશ્રી પ.ભ. હરદાસભાઈ બારસીયા (ગુંદાસરવાળા) તા. ૫-૧૧-૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**નડીયાદ (અમેરિકા) :** પ.ભ. કનુભાઈ કેશવલાલ દવે તા. ૪-૧૧-૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**નારાયણપુરા (તા. કડી) :** પ.ભ. મહેન્દ્રભાઈ મફતલાલ પટેલના માતુશ્રી પ.ભ. અમથીબેન તા. ૬-૧૧-૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**નવા વણઝર :** સંપ્રદાયના નવા આશ્રિત અને આ ગામના મંદિરના આ વર્ષના પાટોત્સવના યજમાન એવા પ.ભ. મથુરદાસ પ્રજાપતી તા. ૨૦-૧૧-૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ००१ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦००१ વતી પ્રકાશિત કર્યું.

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003/9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011

























૧. શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવા ખાતે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં વચનામૃત જ્ઞાન શિબિરમાં શ્રોતાઓને કથામૃતપાન કરાવતા પૂ. શા.સ્વામી નિર્ગુણદાસજી. ૨. સિનેમેન્સન, કલિવલેન્ડ અને શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય તુલસી વિવાહ દર્શન. ૩. સીડની (ઓસ્ટ્રેલિયા) મંદિરમાં નૂતન વર્ષના ઠાકોરજીની અન્નકૂટની આરતી ઉતારતા શા. સ્વામી વિશ્વવિહારીદાસજી. ૪. બાયરન(અમેરિકા)મંદિરમાં દિવાળીના ભવ્ય અન્નકૂટ દર્શન. ૫. કોલંબસ (અમેરિકા) ચેપ્ટરમાં અન્નકૂટ દર્શન.

Praful Kharsani










૧. કાંકરિયા મંદિરમાં લાભપાંચમના બાલસ્વરૂપ કષ્ટભંજન દેવનો અભિષેક કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને કાળીચૌદશના મારૂતિ યજ્ઞની પૂર્ણાહુતિની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે સંત મંડળ અને હરિભક્તો. ૨. માંડલ શ્રી સ્વામિનારાયણ મંદિર શતાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. મહારાજશ્રી અને શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ. મહારાજશ્રી. ૩. મુબારકપુર મંદિરના પ્રથમ પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીની નિશ્રામાં કથા શ્રવણ કરાવતા પૂ. શા. રામસ્વામી અને સભા સંચાલન કરતા પૂ. પી.પી.સ્વામી (નાના) અને શાકોત્સવ કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી. ૪. ગવાડા મંદિરમાં પારાયણ પ્રસંગે વ્યાસપીઠની આરતી ઉતારતા પ.પૂ. મહારાજશ્રી સાથે મહંત સ્વામી અને દેવ સ્વામી અને યજમાનશ્રીઓ વક્તા શ્રી પૂ. રામસ્વામીની આરતી ઉતારતાં.